આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૪૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## જિલ્લા-સંઘપ્રદેશમાં પ્રકાશ પર્વને મોંઘવારીનું ગ્રહણ

**ફટાકડાના ભાવમાં ૨૦ થી ૩૫ ટકાનો વધારો, મીઠાઈ અને ડ્રાયફ્રુટના ભાવ પણ આસમાને : સામાન્ય વર્ગનું બજેટ ખોરવાશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** સમગ્ર દેશ સહિત દક્ષિણ ગુજરાતમાં દિવાળી અને નૂતન વર્ષની રંગારંગ ઉજવણીની તૈયારીઓ વચ્ચે આ વર્ષે મોંઘવારીનો માર સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડવાનો છે. દિવાળીના પર્વ પર ફટાકડાના ધૂમધડાકા સાથે ઉજવણી કરવાનું પણ મોંઘું બન્યું છે. ચાલુ વર્ષે ફટાકડાના ભાવમાં ૨૦થી ૩૫ ટકા સુધીનો તોતિંગ વધારો થતાં ફટાકડાની ખરીદી માટે ગ્રાહકોએ વધુ નાણાં ખર્ચવા પડશે. ભાવવધારા પાછળ કાચા માલ અને પેકિંગ સામગ્રીના વધેલા ભાવ ઉપરાંત ઉત્પાદનમાં થયેલો ઘટાડો મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું છે. દેશમાં ફટાકડાના ઉત્પાદનના મુખ્ય કેન્દ્ર શિવાકાશીમાં ચોમાસા દરમિયાન પહેલાં પડેલા ભારે વરસાદની અસર ફટાકડાના ઉત્પાદન પર પડી છે. બીજી તરફ, રાજકોટ અને અમદાવાદમાં ફટાકડાની ફેક્ટરીઓમાં સર્જાયેલી દુર્ઘટનાઓ બાદ સુરક્ષાના કારણોસર રાજ્યભરમાં અનેક એકમો ત્રણ મહિના સુધી બંધ રહ્યા હતા. ફટાકડા અને આતશબાજી બનાવવા માટેના કાચા માલના ભાવ ઘટવાની રાહ જોતા ઉત્પાદકોએ ઉત્પાદન પ્રક્રિયા મોડી શરૂ કરી હતી. તેના કારણે સમગ્ર સપ્લાય ચેઈન ખોરવાઈ છે, જેની સીધી અસર બજારમાં ફટાકડાના ભાવ પર જોવા મળી રહી છે.

વાપીમાં છેલ્લા ઘણા વર્ષોથી દિવાળીના સમયગાળા દરમિયાન હંગામી ધોરણે ફટાકડાનું વેચાણ કરતા વેપારીબીમલ શાહ અને યતીન શાહના જણાવ્યા અનુસાર, આ વર્ષે ભાવમાં થયેલા વધારાને કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે ફટાકડાની ખરીદી મોંઘી બનશે. પરિણામે, ફટાકડાની ખરીદીમાં લોકો પોતાના બજેટને ધ્યાનમાં રાખીને ખર્ચ કરે તેવી શક્યતા છે. જોકે, દિવાળી નો તહેવાર તારીખ ૭ નવેમ્બર થી ૧૦ નવેમ્બર ની તારીખ વચ્ચે કંપનીઓમાં તેમજ કેટલીક ખાનગી પેઢીઓમાં પગાર અને બોનસ મળતા નોકરિયાતો તથા ઔદ્યોગિક કામદારો બજારમાં ખરીદી માટે નીકળશે તેવી વેપારીઓને આશા છે. તહેવારના દિવસોમાં પગાર અને બોનસની આવકથી બજારમાં ખરીદીનો માહોલ જામશે અને ભાવવધારા છતાં ફટાકડાના વેપારમાં ઘરાકી નીકળશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

## કિસાન ઉત્સવ અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી અંગે ધરમપુરમાં સમીક્ષા બેઠક યોજાઈ

**ધરમપુર, કપરાડા અને નાનાપોંઢા તાલુકામાં ઉજવણી થશે**



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૮ :** આગામી તા. ૩૦ ઓક્ટોબર કિસાન ઉત્સવ દિવસ અને ૩૧ ઓક્ટોબર રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણીને અનુલક્ષીને વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી અને આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે ધરમપુર સેવાસદન ખાતે ધરમપુર, કપરાડા અને નાનાપોંઢા તાલુકાના ચૂંટાયેલી પાંખના પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

મંત્રીએ નાનાપોંઢાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી અને ધરમપુરનાં ધારાસભ્ય અરવિંદભાઇ પટેલની ઉપસ્થિતિમાં જણાવ્યું હતું કે દેશના વડાપ્રધાન દેશના જનજનની ચિંતા કરે છે. રાષ્ટ્રની એકતા જળવાઈ રહે અને સમસ્ત સમાજનો ઉત્કર્ષ થાય એ આશય સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. તેમણે તા.૩૦ મી કિસાન ઉત્સવ દિવસ અને તા.૩૧ મી રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણી કાર્યક્રમમાં સૌને ભાગીદાર બનાવવા અપીલ કરી હતી તા.૩૦ મીએ કિસાન ઉત્સવ દિવસ ઉજવણી જિલ્લા પંચાયત બેઠક દીઠ બે કાર્યક્રમો થશે. જ્યારે ૩૧મીએ રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણી દરેક ગામોમાં થશે. કલેક્ટર નિતિન સાંગવાને ત્રણેય તાલુકામાં યોજાનારા કાર્યક્રમની તૈયારીઓ અંગે જાણકારી આપી હતી.

બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારીએ અરુણ ગરાસીએ કિસાન ઉત્સવ દિવસ ઉજવણી અંગેની જાણકારી આપી હતી.

## પાથરી મંડપ ડેકોરેશનના બંધ ગોડાઉનમાં આગ લાગી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** વલસાડ તાલુકાના પાથરીગામે અતુલ ફળિયામાં આવેલા જલારામ મંદિર સામે સ્થિત એક મંડપ ડેકોરેશન અને કેટરર્સના બંધ ગોડાઉનમાં આજરોજ સવારે ૭:૩૦ કલાકે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે દોડધામ મચી ગઈ હતી. પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઘટનાની જાણ થતાં જ પાથરી ગામના સરપંચ અશોકભાઈ પટેલ તેમજ ડેપ્યુટી સરપંચ આશિષભાઈ પટેલ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં સ્થાનિક અગ્રણીઓ દ્વારા તાબડતોબ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. કોલ મળતાની સાથે જ વલસાડ નગરપાલિકા, અતુલ બાલાજી અને પારડી નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. આ દુર્ઘટનામાં બંધ ગોડાઉનમાં રહેલો મંડપ ડેકોરેશન તેમજ કેટરર્સનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. એટલું જ નહીં, આગની તીવ્રતા એટલી વધુ હતી કે બાજુમાં આવેલા એક રહેણાંક મકાનને પણ તેની ઝપેટમાં લઈ લીધું હતું, જેના કારણે તે મકાનમાં પણ ભારે નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આગ પર સમયસર કાબૂ મેળવી લેવાતાં મોટી જાનહાનિ ટળી હતી.

## વાઘછીપામાં ઈ-ચલણની APK ફાઈલથી ઠગાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** પારડી તાલુકાના મોટા વાઘછીપા ખાતે રહેતા આધેડને વોટ્સએપ પર ફ્રોડ ઈ-ચલણની એપ્લિકેશન મોકલી મોબાઈલ હેક કરી તેમના બેંક ખાતામાંથી રૂા. ૯૧ હજારની ઓનલાઈન ઠગાઈ કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. આ મામલે ભોગ બનનાર નિલેશકુમાર જીવરાજભાઈ લેઉવા પટેલે અજાણ્યા શખસ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પારડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. મોટા વાઘછીપા ઝંડાચોક ખાતે રહેતા અને વાપીના કુંતા ગામે આવેલી મહાલક્ષ્મી ક્વોરીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતા નિલેશકુમાર પટેલનું બેંક ઓફ બરોડામાં ખાતું છે. તેઓ પોતાના મોબાઈલમાં ગૂગલ પેનો ઉપયોગ કરતા હતા. ફરિયાદ મુજબ, તા. ૨૬ ઓક્ટોબરના રોજ સાંજે પોણા સાત વાગ્યાના અરસામાં તેમના વોટ્સએપ પર ફ્રોડ ઈ-ચલણની એપ્લિકેશન



આવી હતી. મોબાઈલમાં ઓટો-ડાઉનલોડ ચાલુ હોવાથી આ એપ્લિકેશન આપમેળે ડાઉનલોડ થઈ ગઈ હતી. ત્યારબાદ તેમનો મોબાઈલ હેક થઈ ગયો હતો અને આશરે ત્રણથી ચાર મિનિટ સુધી મોબાઈલમાં કોઈ પ્રક્રિયા થતી ન હતી થોડીવાર બાદ મોબાઈલ ફરી ચાલુ થતાં નિલેશભાઈને રૂા. ૨,૦૦૦ની જરૂર પડી હતી. તેમની પાસે રોકડ રકમ ન હોવાથી તેમણે બાજુમાં રહેતાં નિમિષાબેન અમિતભાઈ પટેલને ગૂગલ પે મારફતે નાણાં ટ્રાન્સફર કરવા પ્રયાસ કર્યા હતાં. જોકે, ગૂગલ પેમાં બેલેન્સ ઓછું હોવાનું જણાતાં તેમણે પોતાના બેંક ખાતાની તપાસ કરી હતી. આ દરમિયાન ખાતામાં રહેલા રૂા. ૯૧,૯૬૧માંથી માત્ર રૂા. ૯૬૦ જ બાકી હોવાનું જાણવા મળ્યું હતું. ખાતાની તપાસ કરતાં અજાણ્યા શખસે યુપીઆઈ ટ્રાન્ઝેક્શન મારફતે રૂા. ૯૧,૦૦૦ લોકેન્દ્ર ગૌતમના નામે દર્શાવાતા ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હોવાનું સામે આવ્યું હતું. આથી પોતાની સાથે ઓનલાઈન ઠગાઈ થઈ હોવાનું જણાતાં નિલેશભાઈએ પત્ની અને પાડોશીને જાણ કરી હતી. ત્યારબાદ તેમણે સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. આ ઉપરાંત સાયબર ક્રાઈમ પોર્ટલ પર પણ અરજી કરવામાં આવી હતી. આ મામલે નિલેશકુમાર પટેલે અજાણ્યા શખસ વિરુદ્ધ મોબાઈલ હેક કરી ગૂગલ પે મારફતે રૂા. ૯૧ હજારની ઓનલાઈન ઠગાઈ કરવા અંગે ફરિયાદ નોંધાવી છે પારડી પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## બલીઠા હાઈવે પર હાઈમસ્ટ લાઈટો એક મહિનાથી બંધ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે ૪૮ પર વાપી નજીક બલીઠા વિસ્તારમાં મામલતદાર કચેરી અને ફૂટ ઓવરબ્રિજ પાસે લાખોના ખર્ચે લગાવેલી હાઈમસ્ટ સ્ટ્રીટ લાઈટ છેલ્લા એક મહિનાથી બંધ હાલતમાં છે, જે વિકાસના દાવાઓની પોલ ખોલે છે. ગત ૧૮ ઓગસ્ટના રોજ આ લાઈટ શરૂ થતા હાઈવે પર દૂધિયા પ્રકાશ ફેલાયો હતો. અંધારામાં જીવતા બલીઠાના લોકોને આશા હતી કે રાત્રિ અકસ્માતો ઘટશે, પરંતુ સપ્ટેમ્બરના મધ્યમાં જ લાઈટ ગુલ થઈ જતા ફરી અંધારપટ છવાઈ ગયો છે. આ લાઈટ આજે માત્ર શોભાના ગાંઠિયા સમાન બની છે. નવાઈની વાત એ છે કે આ બંધ લાઈટની બાજુમાં જ મામલતદાર કચેરી, મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ અને ટ્રાફિક પોલીસ સ્ટેશન આવેલા છે. રોજ સેંકડો અરજદારો અને અધિકારીઓ આ રસ્તેથી પસાર થાય છે, છતાં કોઈના પેટનું પાણી હલતું નથી. આ દીવા તળે અંધારા જેવો ઘાટ છે. એક જ મહિનામાં લાઈટ બંધ થવા પાછળ હલકી ગુણવત્તાના સાધનો કે કોન્ટ્રાક્ટરની બેદરકારી કારણભૂત હોવાની શંકા છે. નિયમ મુજબ પ્રોજેક્ટ બાદ ૧ થી ૩ વર્ષ સુધી ખામીની મફત મરામતની જવાબદારી એજન્સીની હોય છે, છતાં એક મહિનાથી સમારકામ થયું નથી. સ્થાનિકોનો સવાલ છે કે જો જાળવણી જ ન કરવી હોય તો લાખો રૂપિયા વેડફવાની શું જરૂર હતી. જો તંત્ર હવે પણ નહીં જાગે તો બલીઠાનો વ્યસ્ત હાઈવે અંધારામાં જ ગરકાવ રહેશે.

## ડુંગરામાં બે શ્રમિક ભાઈઓને ફટકારાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપીના ડુંગરામાં ગોડાઉન આગળ રોડ પર માલ ભરવા મુદ્દે થયેલા ઝઘડામાં બે શ્રમિકોને માર મારી હાથ અને પગનું હાડકું તોડી નાખ્યાનો બનાવ બન્યો છે. ફરિયાદી પ્રીતમ કમલેશ સિંહે નિશાર અહેમદ અબ્બાસ ખાન, સરવર આલમ દોસ્ત મોહમ્મદ ખાન અને અબ્દુલ આખીર નિશાર અહેમદ ખાન સામે ફરિયાદ નોંધાવી છે.

પ્રીતમ (ઉ.વ. ૧૮) મૂળ ઉત્તરપ્રદેશના આઝમગઢનો રહેવાસી છે અને હાલ વાપીના કરવડ સાંઈધામમાં રહીને ડુંગરામાં મજૂરી કામ કરે છે. તે તેના મોટા ભાઈ પવનના સ્ક્રેપના ગોડાઉનમાં કામ કરે છે.

તા. ૨૬/૧૦/૨૦૨૬ ના બપોરે ૪:૩૦ વાગ્યે ડુંગરા દાણીયા પ્રેમ હાઉસિંગ પાસે ગલીમાં આલમ ખાનના ગોડાઉન સામે રોડ પર તેઓ ટેમ્પોમાં માલ ભરી રહ્યા હતા. તે વખતે બાજુના ગોડાઉનવાળા નિશારે કહ્યું કે ટેમ્પો રોડ પર આડો છે, માલ પહેલા ભરી લો. આ મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

નિશારે ગાળો આપી, તેનો છોકરો સરવર પાઈપ અને લાકડા લઈને આવ્યો અને પ્રીતમના ડાબા હાથ પર માર માર્યો હતો.

વચ્ચે પડેલા ડ્રાઈવર અમરીશને પણ માર્યો. મોટો ભાઈ પવન છોડાવવા આવતા તેને પણ લાકડાથી મારી ડાબા પગના પિંડીમાં ફ્રેક્ચર કર્યું. ત્રણેયે જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થયા હતાં.

ઈજાગ્રસ્તોને વાપી આયુષ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

**ભરતી કરવાની છે**

Female Accountant તથા મેઈનટેન્સ કામ કરી શકે તેવા સુપરવાઈઝર ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવી છરવાડા ખાતે આવેલ ભારતી વિલાબા રીસોર્ટમાં ભરતી કરવાની છે.

Contact : 98794 63248















## ખેરગામના દોડવીરોએ એથ્લેટીક્સ સ્પર્ધામાં ૬ ચંદ્રકો જીત્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૨૮ :** દેવગઢ બારીયા જિ.દાહોદ ખાતે ૪૫ મી ગુજરાત સ્ટેટ માસ્ટર એથ્લેટીક્ષ ચેમ્પિયનશીપનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખેરગામની દોડવીર ત્રિપુટીએ ૬ છ ચંદ્રકો જીતી ખેરગામ તાલુકાનું નામ ઉજ્જવળ કર્યું છે. (૧) મણીલાલ લલ્લુભાઈ પટેલ નિવૃત શિક્ષક ખેરગામ (વતન ભૈરવી) બે ઈવેન્ટમાં ભાગ લઈ પ્રથમ નંબર ૫૦૦૦ મી. અને ૮૦૦ મી. મેળવી બંનેમાં સુવર્ણચંદ્રક (૨) બાબુભાઈ સામજીભાઈ પટેલ નિવૃત ST કર્મચારી રહે નાધઈ -વાળી ફ. એ બે ઈવેન્ટમા ભાગ લઈ ૮૦૦ મી. મા પ્રથમ ક્રમે સુવર્ણ , ૨૦૦ મી મા ત્રીજા ક્રમે કાંસ્ય ચંદ્રક તથા પ્રવિણભાઈ ગુલાબભાઈ પટેલ બહેજ પ્રા.શાળા શિક્ષક રહે.ખેરગામ-પોમાપાળ ફ.એ ૫,૦૦૦ તથા ૮૦૦ મી. દોડમાં બીજા ક્રમે બે બે રજત ચંદ્રક મેળવી ખેરગામ તાલુકાનું નામ રોશન કર્યું હતું હવે તેઓ જાન્યુ-૨૭ માં લખનૌ ખાતે નેશનલ સ્પર્ધા રમવા જશે.

## આજે નવસારી જિ.પં.ની કારોબારી સમિતિની બેઠક યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

નવસારી, તા. ૨૮ : નવસારી જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક આગામી તા. ૨૯ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે જિલ્લા પંચાયત, નવસારીના ત્રીજા માળે આવેલા સભાખંડમાં યોજાશે. આ બેઠકમાં સંબંધિત તમામને સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# ડાંગના ખડકવહળીમાં બનેલા બે નાળા બિડાણની કામગીરી સામે સવાલો

### ચોમાસાનાં વરસાદમાં વ્યાપક ધોવાણથી બાંધકામને નુકસાન થયાનો આક્ષેપ, વિજિલન્સ તપાસની સ્થાનિકોની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૮ :** આહવા તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ ખડકવહળી ગામે સ્મશાનભૂમિ અને માટીના ડેમ વિસ્તારને જોડતા માર્ગ પર નાણાપંચની યોજના હેઠળ લાખો રૂપિયાના ખર્ચે નાળાં બિડાણ બનાવવામાં આવ્યાં હતાં.

જોકે, બાંધકામની ગુણવત્તા સામે સ્થાનિકો દ્વારા સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. ચોમાસાના વરસાદમાં જ નાળાની આસપાસનું ધોવાણ થતાં બાંધકામની કામગીરી અને તેની ગુણવત્તા અંગે તપાસ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.ખાસ કરીને સ્મશાનભૂમિ તરફ જવાના માર્ગ પર થયેલા ધોવાણને કારણે અંતિમયાત્રા દરમિયાન ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાની રજૂઆત કરવામાં આવી રહી છે. જાહેર નાણાંમાંથી કરવામાં આવતાં વિકાસકામો લાંબા સમય સુધી ટકી રહે અને ગ્રામજનોને તેનો



યોગ્ય લાભ મળે તે માટે બાંધકામની ગુણવત્તા જાળવવી અત્યંત જરૂરી છે.ડાંગ જિલ્લો આદિવાસી બહુલ વિસ્તાર હોવાથી અહીંના ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ નાણાં ફાળવવામાં આવે છે. તેમ છતા, જો સરકારી ગ્રાન્ટમાંથી કરવામાં આવતાં વિકાસકામો નબળી ગુણવત્તાવાળાં બને અને ટૂંકા ગાળામાં જ નુકસાન પામે, તો જાહેર નાણાંના યોગ્ય ઉપયોગ સામે પ્રશ્નો ઊભા થાય છે.

ખડકવહળી ગામની આ સ્થિતિએ પણ સરકારી યોજનાઓ હેઠળ થતાં બાંધકામોની ગુણવત્તા અને દેખરેખની કામગીરી અંગે ચર્ચા જગાવી છે. આ બાબતે વિજિલન્સ તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. ખડકવહળી ગામે નાણાપંચની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવેલાં બંને નાળાં બિડાણની કામગીરીની તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તે જરૂરી બન્યુ છે,

બાંધકામમાં વપરાયેલ સામગ્રીની ગુણવત્તા તથા કામગીરીના ખર્ચની ચકાસણી કરવામાં આવે અને જવાબદાર તંત્ર દ્વારા સ્થળ તપાસ કરવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે. જો તપાસ દરમિયાન ગેરરીતિ કે બેદરકારી જણાય, તો જવાબદાર વ્યક્તિઓ સામે નિયમોનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તથા જરૂરી સમારકામ કરાવી ગ્રામજનોને પડતી મુશ્કેલીઓ દૂર કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.હવે જોવાનું એ રહેશે કે સંબંધિત તંત્ર આ સમગ્ર મામલે ગંભીરતાથી તપાસ હાથ ધરી જાહેર નાણાના યોગ્ય ઉપયોગની ખાતરી આપે છે કે કેમ તે જોવુ જ રહયુ.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૯-૧૦-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** આસો વદ, ચોથ, **સૂર્યોદય :** ૦૬ : ૪૬ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૯, **ચંદ્રોદય** - ૦૮:૪૬ **ચંદ્રાસ્ત** - ૧૧:૦૫ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - રોહિણી

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** કરિયરમાં નવી અને યોગ્ય યોજનાઓ બનાવવાથી લાંબા ગાળે મોટો ફાયદો થશે. આ દિવસે તમારે તમારી કરિયર અને અંગત જીવનમાં સંતુલન રાખવાની જરૂર છે.

**વૃષભ (બ, વ, ઉ) :** ધાર્મિક કે આધ્યાત્મિક કાર્યોમાં રુચિ વધશે અને મન શાંત રહેશે. આજે આર્થિક બાબતોમાં તમને શાનદાર અને નવા અવસરો મળી શકે છે.

**મિથુન (ક, ઘ, ચ) :** તમારી વાણી અને વ્યવહારથી તમે આસપાસના લોકોને સરળતાથી પ્રભાવિત કરી શકશો. આજે તમારા મનમાં ઉત્સાહ અને કામ કરવાની ઝડપ ઘણી વધારે જોવા મળશે.

**કર્ક (ડ, હ) :** પ્રેમ સંબંધોની દ્રષ્ટિએ આ દિવસ ખૂબ જ રોમેન્ટિક અને અનુકૂળ સાબિત થશે.

**સિંહ (મ, ટ) :** આજે બિઝનેસમાં સ્પર્ધકો અથવા વિરોધીઓ તરફથી થોડો સામનો કરવો પડી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** વાતચીતમાં થોડી નમ્રતા અને સમજદારી રાખવાથી સંબંધો વધુ મજબૂત થશે. આજે તમારી રાશિમાં બુધનું ભ્રમણ હોવાથી તમારી નિર્ણયશક્તિ પ્રબળ બનશે.

**તુલા (ર, ત) :** તમારી જ રાશિમાં ચંદ્ર અને શુક્રનું ભ્રમણ હોવાથી સુખ-સુવિધાઓ પાછળ ખર્ચ વધી શકે છે.

**વૃશ્ચિક (ન, ય) :** આજે તમારે તમારા છુપા અથવા અણધાર્યા ખર્ચાઓ પર વિશેષ નિયંત્રણ રાખવું પડશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમારા મિત્રો અને વ્યવસાયિક સાથીઓ તરફથી સારો આર્થિક લાભ થવાના યોગ છે.

**મકર (ખ, જ) :** આજે તમને નોકરી અથવા વ્યવસાયમાં કોઈ મોટી જવાબદારી કે નવી તક મળી શકે છે. નિયમિત બચત કરવાની તમારી આદત આજે નાણાકીય મુશ્કેલીઓથી બચાવશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** આજે કોઈ પણ નવું કામ શરૂ કરતા પહેલાં વિચારીને જ ડગલું આગળ ભરવું.

**મીન (દ, ચ, થ, ઝ) :** કાર્યસ્થળ પર આજે જવાબદારીઓનો બોજ થોડો વધારે વર્તાઈ શકે છે. અગાઉ અટકેલા કે અધૂરા રહેલા કાર્યોને પૂરા કરવા માટે વધુ મહેનત કરવી પડશે.

## બીલીમોરા સોમનાથ સંકુલમાં સ્વદેશી મેળાનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૮ :** બીલીમોરા નગરપાલિકા દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા ગુજરાત શહેરી આજીવિકા મિશનના માર્ગદર્શન હેઠળ સોમનાથ સંકુલ મેદાન ૧૦ દિવસીય સ્વદેશી મેળો ખુલ્લો મુકાયો હતો. સ્થાનિક કારીગરો, સ્વસહાય જૂથો અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપી સ્થાનિક રોજગારી તથા આજીવિકાની તકોને વેગ આપવાના હેતુથી યોજાયેલા આ મેળામાં આશરે ૫૦ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. સોમનાથ દાદાના સાનિધ્યમાં શરૂ થયેલા આ મેળામાં સખી મંડળોની બહેનો દ્વારા તૈયાર કરાયેલી હસ્તકલાની વસ્તુઓ, પ્રાકૃતિક ખેતીનાં ઉત્પાદનો, વાંસની બનાવટો, કટલરી, ડ્રેસ મટીરિયલ, તૈયાર કપડાં, વિવિધ પ્રકારનાં નાસ્તા-ફરસાણ, ગરમ અને ઠંડાં પીણાં, મુખવાસ સહિતની અનેક ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવી રહ્યું છે. એક જ સ્થળે વિવિધ સ્વદેશી ઉત્પાદનો ઉપલબ્ધ થતાં શહેરીજનોને ખરીદી માટે આકર્ષક તક મળી છે. મેળાના લોકાર્પણ પ્રસંગે નગરપાલિકાના ઉપપ્રમુખ, વિવિધ સમિતિઓના ચેરમેન, નગરસેવકો, શહેર ભાજપ પ્રમુખ તથા અન્ય આગેવાનો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરી હતી અને સખી મંડળોની બહેનો તથા સ્થાનિક કારીગરોને પ્રોત્સાહિત કર્યા હતા.આ મેળો માત્ર ખરીદીનું સ્થળ ન બની રહે, પરંતુ સ્થાનિક સ્તરે તૈયાર થતી ચીજવસ્તુઓને બજાર પૂરું પાડવા, મહિલા સ્વસહાય જૂથોને આર્થિક રીતે સક્ષમ બનાવવા અને સ્વદેશી ઉત્પાદનો પ્રત્યે લોકોમાં જાગૃતિ વધારવા માટેનું માધ્યમ બને તેવો આશય છે. સ્થાનિક ઉત્પાદકોને ગ્રાહકો સુધી સીધા પહોંચવાની તક મળતાં તેમની આજીવિકાને પણ વેગ મળવાની અપેક્ષા છે.

## ખેરગામના શ્રીરામજી મંદિરની ડો. પ્રવીણ તોગડિયાએ મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૨૮ :** મંગળવારે સવારે વાંસદાથી કાવડેજમાં નાની સભા યોજી ખેરગામ ખાતે પધારતા ખેરગામ સનાતન રામોત્સવ મંડળના જીતુ પટેલ-વિનોદ મિસ્ત્રીએ તેમનુ ઉષ્માભર્યો આવકાર સ્વાગત કર્યું હતું જેમની સાથે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના દક્ષિણ ગુજરાત પ્રાંત અધ્યક્ષ કિશોરભાઈ કબાટવાળા, પ્રાંત સંગઠન ના રાજુભાઈ ભારદ્વાજ તથા વિભાગના મંત્રી પ્રવીણભાઈ વૈષ્ણવ પણ પધાર્યા હતા. સભા સંપન્ન થતાં ડૉ. પ્રવીણભાઈએ સૌને મુલાકાત આપી હતી રામજી મંદિર પ્રમુખે સાલ ઓઢાડી સન્માન કર્યું



હતું. હિન્દુ હેલ્પલાઈન વિશે પણ સૌને માહિતી આપી સહભાગી થવા અપીલ કરી હતી અખેરગામમા પણ દર શનિવારે રાત્રે ૯ વાગ્યે ફળિયા, સોસાયટી અને મંદિરોમાં મોટી સંખ્યામાં હિન્દુઓને એકત્ર થઈને હનુમાન ચાલીસાના પાઠ કરવાનું આહવાન કર્યું હતું. કોઈપણ અજાણ્યા ધર્મસ્થળે જરૂર પડે હિંદુ હિંદુને મદદ કરવા તત્પર રહે તેવી ગોઠવણ અને આયોજન કરવામાં આવ્યું છે તમાં સૌ કોઈએ સમૂહમાં હનુમાન ચાલીસા ગાઈને સમાપન કર્યું હતું. તોગડીયાજીએ ખેરગામથી ધરમપુર જવા પ્રયાણ કર્યું હતું. ડૉ.નો ખેરગામમાં પ્રથમ વખત પદાર્પણ અંગે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## દમણ રેડિયો

102.3 FM

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## નવસારી જિલ્લાના ખેડૂતોની વિવિધ સહાય યોજનાઓ માટે અરજીઓ મંગાવાઈ

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૨૮ :** નવસારી જિલ્લાના આદિજાતિ વિસ્તારોના ખેડૂતોને ખેતી અને બાગાયતલક્ષી પ્રવૃત્તિઓમાં સહાય મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૨૬-૨૭ માટે TASP (ટ્રાયબલ એરિયા સબ પ્લાન) યોજના અંતર્ગત ન્યૂ ગુજરાત પેટર્ન હેઠળ વિવિધ સહાય યોજનાઓ મંજૂર કરવામાં આવી છે. આ યોજનાઓનો લાભ લેવા પાત્ર આદિજાતિ ખેડૂતો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. આ યોજના હેઠળ વાંસદા તાલુકા માટે હાઈબ્રિડ ભીંડાની ખેતી, વજન કાંટા અને પ્લગ નર્સરી/નેટહાઉસ માટે સહાયની યોજનાઓનો સમાવેશ થાય છે. ચીખલી તાલુકા માટે વજન કાંટા, પ્લગ નર્સરી/નેટહાઉસ, હાઈબ્રિડ ભીંડાની ખેતી, કેરેટ માટે સહાય, મશરૂમની ખેતી અને ફ્રેન્ચ ફ્રાય માટે બટાકાની ખેતી અંગેની સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે ખેરગામ તાલુકા માટે હાઈબ્રિડ ભીંડાની ખેતી, વજન કાંટા, પ્લગ નર્સરી/નેટહાઉસ અને કેરેટ માટે સહાય, ગણદેવી તાલુકા માટે વજન કાંટા અને ફ્રેન્ચ ફ્રાય માટે બટાકાની ખેતી અંગેની સહાય તથા નવસારી તાલુકા માટે વજન કાંટા આપવાની યોજનાનો સમાવેશ થાય છે. આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક આદિજાતિ ખેડૂતોએ નિયત અરજી ફોર્મ મેળવી તેમાં જરૂરી વિગતો ભરીને સંબંધિત તાલુકાના બાગાયત અધિકારી અથવા નાયબ બાગાયત નિયામકની કચેરી, નવસારી ખાતે રજૂ કરવાનું રહેશે. અરજી સાથે અનુસૂચિત જનજાતિ (ST) જાતિનો દાખલો, ૭/૧૨ અને ૮-અના ઉતારા, આધારકાર્ડ તથા રેશનકાર્ડની નકલ જોડવાની રહેશે. સંપૂર્ણ ભરેલું અરજી ફોર્મ જરૂરી આધાર-પુરાવા સાથે સાત દિવસની અંદર કચેરી ખાતે જમા કરાવવાનું રહેશે. અરજીઓની ચકાસણી બાદ યોગ્યતા ધરાવતા ખેડૂતોને નિયમોનુસાર સહાયનો લાભ આપવામાં આવશે. આ અંગ. વધુ માહિતી માટે ખેડૂતો નાયબ બાગાયત નિયામકની કચેરી, નવસારીનો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ડાંગ જિલ્લા કોંગ્રેસની 'મત બચાવો, દેશ બચાવો'ને વેગ આપવા બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૮ :** ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને જિલ્લા પંચાયતના સભ્ય સ્નેહલ ઠાકરે તથા AICCના પ્રભારી અને વરિષ્ઠ નેતા મોહન જોશીની વિશેષ ઉપસ્થિતિ અને અધ્યક્ષતામાં ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ભવ્ય બેઠક અને પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ બેઠકમાં કોંગ્રેસના અગ્રણી નેતામાં મંગળભાઈ ગાવીત ,હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરોએ ઉપસ્થિત રહી પક્ષની સંગઠનાત્મક એકતા અને મજબૂતાઈનો પરિચય આપ્યો હતો.બેઠકને સંબોધતાં જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સ્નેહલ ઠાકરે ભારતીય જનતા પાર્ટી પર મતચોરીના આક્ષેપો અને ચૂંટણી પ્રક્રિયામાં કથિત અનિયમિતતાઓના મુદ્દે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય બંધારણની કલમ ૩૨૬ હેઠળ પુખ્ત મતાધિકારના સિદ્ધાંતનું રક્ષણ કરવું



લોકશાહીની મજબૂતી માટે અત્યંત જરૂરી છે. મતદારોના અધિકારો અને ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા જાળવવા માટે કોંગ્રેસ પક્ષ કટિબદ્ધ છે. આ મુદ્દે ન્યાય મળે તે માટે પક્ષ દ્વારા લોકશાહી ઢબે લડત ચાલુ રાખવામાં આવશે. આ બેઠક દરમિયાન આદિવાસી સમાજને લગતા વિવિધ પ્રશ્નો અને સરકારની નીતિઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે વર્તમાન શાસનમાં આદિવાસી સમાજના હકો અને હિતોને નુકસાન પહોંચાડતી નીતિઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આદિવાસી સમાજના બંધારણીય અધિકારો, હિતો અને ન્યાયના પ્રશ્ને કોંગ્રેસ પક્ષ મક્કમતા સાથે અવાજ ઉઠાવશે તેમ જણાવાયુ હતુ. મોહન જોશીએ આગામી આંદોલન અંગે માર્ગદર્શન આપ્યુ હતુ. આ બેઠક અને પ્રેસ કોન્ફરન્સ દ્વારા જિલ્લા કોંગ્રેસ સમિતિએ સંગઠનને વધુ સક્રિય બનાવી 'મત બચાવો, દેશ બચાવો' અભિયાનને જન-જન સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ડાંગ જિલ્લામાં પત્રકારત્વની આડમાં કથિત ઉઘરાણા સામે તપાસની માંગ



(દમણગંગા ટાઈમ્સ)

**સાપુતારા, તા. ૨૮ :** ડાંગ જિલ્લામાં દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને પત્રકારત્વ, યુટ્યુબ, સોશિયલ મીડિયા અને આરટીઆઈના નામે જાહેરાતના બહાને કથિત રીતે નાણાની માંગણી કરવામાં આવતી હોવાની ફરિયાદોની નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ સાથે જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષકને રજૂઆત કરવામાં આવી છે. જોકે, દિવાળી જેવા તહેવારો નજીક આવતા ડાંગ જિલ્લા સહિત અન્ય જિલ્લાઓમાંથી કેટલાક લોકો યુટ્યુબર, સાપ્તાહિક અખબારોના પ્રતિનિધિ, સોશિયલ મીડિયા સાથે સંકળાયેલા વ્યક્તિઓ અથવા આરટીઆઈ કાર્યકર્તા તરીકે ઓળખ આપીને વિવિધ સરકારી કચેરીઓ, સરકારી કામો કરતા કોન્ટ્રાક્ટરો, સરપંચો, અને અન્ય સંબંધિત વ્યક્તિઓ પાસે જાહેરાતના નામે નાણાની માંગણી કરતા હોવાની ફરિયાદો સામે આવતી હોવાની બાબત ચિંતાજનક ગણાવવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે જો કોઈ વ્યક્તિ પત્રકારત્વ, સોશિયલ

મીડિયા અથવા આરટીઆઈના નામનો દુરુપયોગ કરીને ધાકધમકી કે દબાણ દ્વારા નાણાની માંગણી કરતી હોય, તો આવી પ્રવૃત્તિઓ સામે નિષ્પક્ષ તપાસ કરી પુરાવાના આધારે કાયદેસરની કાર્યવાહી કરવી જરૂરી છે. આવી ઘટનાઓને કારણે પત્રકારત્વની વિશ્વસનીયતાને નુકસાન થવાની સાથે નિષ્ઠાપૂર્વક કામગીરી કરતા સ્થાનિક પત્રકારોની પ્રતિષ્ઠા અને રોજગાર પર પણ વિપરીત અસર પડી શકે છે.

જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા સરકારી કચેરીઓ, કોન્ટ્રાક્ટરો તથા સંબંધિત સંસ્થાઓને આવી કથિત ઉઘરાણાંની પ્રવૃત્તિઓ અંગે જાગૃત કરવામાં આવે અને ફરિયાદ મળતાં નિષ્પક્ષ કાર્યવાહી કરવામાં આવે. રજૂઆતમાં વધુમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ પગલાંની માગણીનો હેતુ કોઈ ચોક્કસ પત્રકાર, યુટ્યુબર, આરટી

આઈ કાર્યકર્તા કે અન્ય વ્યક્તિને નિશાન બનાવવાનો નથી.

આથી જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ આ ગંભીર બાબતને ધ્યાને લઈ જરૂરી તપાસના આદેશ આપે, નિવારક પગલાં ભરે અને કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિના પુરાવા મળે તો જવાબદાર વ્યક્તિઓ સામે નિષ્પક્ષ રીતે કાયદેસરની કાર્યવાહી કરવા રજુઆત કરવામાં આવી હતી.

## ચંદ્રવાસણ સુપામાં મેગા મેડિકલ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા.૨૬ :** અમૃતમ હોસ્પિટલ, રેંજ સુપા સામાજિક વનીકરણ વિભાગ, રોટરી ક્લબ ગણદેવી અને રોટરી આઈ હોસ્પિટલ નવસારીના સંયુક્ત ઉપક્રમે રવિવારે ચંદ્રવાસણ સુપા પ્રાથમિક શાળા ખાતે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો હતો. ગામના સરપંચ ભાનુબેન હળપતિના હસ્તે ખુલ્લા મુકાયેલા આ કેમ્પમાં સામાજિક અગ્રણી રમણભાઈ પટેલ, ભાજપ તાલુકા પ્રમુખ હિતેશભાઈ પટેલ, આરએફઓ મિતુલ પટેલ તેમજ દાતા મહાદેવભાઈ દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભાજપ તાલુકા પ્રમુખ હિતેશભાઈ પટેલે ગણદેવી અમૃતમ હોસ્પિટલના સેક્રેટરી અમિત નાયક અને તેમની ટીમ દ્વારા છેવાડાના માનવી સુધી ઉત્કૃષ્ટ આરોગ્ય સેવા પહોંચાડવાના



સેવાકાર્યને બિરદાવી હતી અને સાથે જ સહયોગી સંસ્થાઓનો આભાર માન્યો હતો. આ કેમ્પમાં કુલ ૨૨૨ દર્દીઓએ વિનામૂલ્યે આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. જેમાં અમૃતમ હોસ્પિટલના નિષ્ણાત તબીબો ડૉ. વિજય પટેલ (હાડકાં), ડૉ. ભૌમિક ગજેરા (જનરલ મેડિસિન), ડૉ. ધર્મેશ પટેલ (બાળરોગ), ડૉ. પુરુરવા દેસાઈ (કાન-નાક-ગળા) અને ડૉ. અમિત સેવલ (બહેરાશ) દ્વારા ૧૦૨ દર્દીઓની તપાસ કરી જરૂરી દવાઓ મફતમાં અપાઈ હતી.

આ ઉપરાંત રોટરી આઈ હોસ્પિટલ નવસારી દ્વારા ૧૨૦ દર્દીઓની આંખો તપાસી ૫૭ દર્દીઓને નિઃશુલ્ક ચશ્મા વિતરણ કરાયા હતા, જ્યારે ૧૦ દર્દીઓના મોતિયાના વિનામૂલ્યે ઓપરેશન કરવામાં આવશે. અંતમાં રોટરી ક્લબ ગણદેવીના પ્રમુખ ફાલ્ગુનીબેન નાયકે સૌનો આભાર વ્યક્ત કરી ભવિષ્યમાં પણ આવા લોકસેવાના કાર્યો ચાલુ રાખવાની ખાતરી આપી હતી.

## સુડોકુ નં.૧૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | | | 2 | | | | 6 | |
| 6 | | 3 | 4 | 8 | | | 5 | 2 |
| 2 | | | 1 | | | | | |
| | | 5 | 8 | 4 | 2 | | | |
| | | | | | | | | |
| | | | 7 | 5 | 3 | 4 | | |
| | | | | | 9 | | | 8 |
| 5 | 6 | | | 7 | 4 | 2 | | 1 |
| | 9 | | | 6 | | | | 4 |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૭નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 7 | 2 | 8 | 6 | 5 | 4 | 3 |
| 8 | 2 | 4 | 5 | 9 | 3 | 7 | 1 | 6 |
| 3 | 6 | 5 | 7 | 1 | 4 | 9 | 8 | 2 |
| 5 | 7 | 3 | 6 | 2 | 1 | 8 | 9 | 4 |
| 4 | 8 | 6 | 3 | 7 | 9 | 1 | 2 | 5 |
| 2 | 1 | 9 | 8 | 4 | 5 | 3 | 6 | 7 |
| 6 | 5 | 1 | 9 | 3 | 2 | 4 | 7 | 8 |
| 7 | 4 | 2 | 1 | 5 | 8 | 6 | 3 | 9 |
| 9 | 3 | 8 | 4 | 6 | 7 | 2 | 5 | 1 |

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Thursday 29, October 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


## ચીવલના મરીમાતા મંદિરે ગરબા મહોત્સવ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોઢા, તા.૨૮ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા તાલુકાના ચીવલ ગામે આવેલા સુપ્રસિદ્ધ મરીમાતા મંદિર ખાતે શરદપૂર્ણિમાના પાવન અવસરે ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સત્યનારાયણ ભગવાનની કથા, મહાપ્રસાદ અને સાંજે ભવ્ય ગરબા મહોત્સવ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં ભક્તો, ગ્રામજનો અને ખેલૈયાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગરબા મહોત્સવમાં વલસાડના મનીષ ઓરકેસ્ટરના કલાકારો મુકેશભાઈ પટેલ અને સપના ચાવડાએ સંગીતમય રજૂઆતો કરી હતી. લોકપ્રિય ગરબા અને સંગીતના તાલે ખેલૈયાઓએ મન મૂકીને ગરબે ઘૂમી શરદપૂર્ણિમાની ઉજવણી કરી હતી. કલાકારોની રજૂઆતથી સમગ્ર મંદિર પરિસરમાં ઉત્સાહ અને ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો.

મોટી સંખ્યામાં યુવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિએ મહોત્સવને આકર્ષક બનાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન યોજાયેલી માતાજીની આરતીમાં ચિરંજીવી હોસ્પિટલ, નાનાપોઢાના દિવ્યેશ ચૌધરી, વલસાડના અશોકભાઈ ભાનુશાળી, મહેન્દ્રભાઈ ભાનુશાળી, સુનિલભાઈ ભાનુશાળી, કરસનભાઈ ભાનુશાળી, પૂર્વ ભાજપ પ્રમુખ મહેશભાઈ દેસાઈ, એપીએમસી ચેરમેન મુકેશભાઈ પટેલ, નાસીરભાઈ પઠાણ, પુનિતભાઈ પટેલ, ઘનશ્યામભાઈ ચૌધરી, તાલુકા પંચાયતના સભ્ય વિનોદભાઈ પટેલ, જીતેન્દ્રભાઈ પટેલ, મયુરભાઈ બારોટ, રાજુભાઈ ગજ્જર અને રાજુભાઈ આહીર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ માતાજીના દર્શન કરી આરતીમાં ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મરીમાતા ભક્ત મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શૈલેષભાઈ પટેલ, વયચંદભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ સહિત ગામના અગ્રણીઓ, યુવાનો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી. ગ્રામજનોના સહયોગથી ધાર્મિક વિધિઓ અને ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્યનારાયણ ભગવાનની કથા, મહાપ્રસાદ અને ગરબા મહોત્સવના માધ્યમથી ધાર્મિક આસ્થા સાથે સામાજિક એકતાનો માહોલ જોવા મળ્યો હતો. ચીવલના મરીમાતા મંદિરે યોજાયેલા આ મહોત્સવમાં મોટી સંખ્યામાં લોકોની સહભાગિતાએ શરદપૂર્ણિમાની ઉજવણીને ઉત્સાહપૂર્ણ બનાવી હતી.

## ખેરગામમાં ૧ મહિનાથી અંધારપટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૨૮ :** ખેરગામ તાલુકા મથકનું નગર છે, દિવાળીના તહેવારો નજીકમાં છે છતાં ઘણી શેરી કે મુખ્ય રસ્તા પર રાત્રિ દિવાબત્તીઓ બંધ હાલતમાં છે.



આ પ્રશ્ને દશેરા ટેકરીથી સૈયદ વાડી સુધી રેફરલના મહત્વના માર્ગે તમામ શેરી બત્તી મહિના ઉપરથી બંધ હોય તા. ૨૫ મી સપ્ટેમ્બરે શાંતિનગર સોસાયટીના રહીશોએ તલાટી કમ મંત્રીને લેખિત રજૂઆત કરી રાત્રિ પ્રકાશ ચાલુ કરવા જણાવ્યું હતું પણ આજ દિન સુધી તે કાર્યમાં પ્રગતિ થઈ નથી, અંધારપટ યથાવત છે. ખેરગામના ગ્રામજનો જે કુવાનું પાણી પીએ છે તે કુવામાં પણ ભારે ઝાડી ઝાખરા ઊગી નીકળેલા છે જ્યાંથી લાલજીનો જળઝીલણી એકાદશીએ વરઘોડો કાઢવામાં આવે છે તે પહેલાથી સાફ-સફાઈની રજૂઆત કરેલી છતાં ઝાડી ઝાખરા યથાવત છે જેથી ગામ લોકોને ગંદા પાણી પીવાની દહેશત છે અને મોટર ચાલુ કરવા માટેનું સ્ટાર્ટર ચોમાસામાં પાણીમાં ડૂબી જાય તેટલું નીચું હોય તેને ઊંચું કરવાની લેખિત રજૂઆત પણ સંતોષાય નથી.

દિવાળીના તહેવારોને લીધે મોડી રાત સુધી બજારો અવરજવર ચાલુ રહે છે.

જેથી પંચાયતતંત્ર સાંજના દરેક થાંભલે દિવાબત્તી ઝળહળે તેના માટે તાકીદે પગલા ભરે તેવી નગરજનોની માગ છે.

## વલસાડમાં શાંતિ સલામતિ માટે જાહેરનામું બહાર પડાયું

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૮ :** આગામી સમયમાં દિવાળીના તહેવારની ઉજવણી થનાર હોય કાયદો અને વ્યવસ્થા અને શાંતિ, સલામતી જળવાય રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને કે.એસ.ડાભી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (સને-૧૯૫૧નો ૨૨ માં)ની ૩૭ની પેટા કલમ-૩થી મને મળેલ સત્તાની રૂએ વલસાડ જિલ્લામાં તાત્કાલિક અસર થી તા.૧૦/૧૧/૨૦૨૬ સુધી અનઅધિકૃત રીતે/ગેરકાયદેસર રીતે ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહી, સરઘસ કાઢવું નહીં કે દેખાવ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧ના ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે, એમ જાહેરનામામાં જણાવાયું છે.

## નવસારીમાં સિનિયર સિટીઝન રમતગમત સ્પર્ધા યોજાશે

### ૬૦ વર્ષથી વધુ વયના ભાઈઓ-બહેનો એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ અને રસ્સાખેંચ જેવી રમતોમાં ભાગ લઈ શકશે

(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૨૮ :** ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, નવસારી દ્વારા સંચાલિત સિનિયર સિટીઝન રમતગમત સ્પર્ધા-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. સિનિયર સિટીઝનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે, તેઓ શારીરિક રીતે સક્રિય રહે તેમજ રમતગમત વિભાગની વિવિધ પ્રવૃત્તિઓ સાથે જોડાય તેવા હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન ભાઈઓ અને બહેનો માટે એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ અને રસ્સાખેંચ જેવી વિવિધ રમતો યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક નવસારી જિલ્લાના સિનિયર સિટીઝન ભાઈઓ-બહેનોએ નિયત નમૂનાનું પ્રવેશપત્ર જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, અબ્રામા, જી.આઈ.ડી.સી. કોલેજ પાસે, જલાલપોર, જિલ્લા નવસારી ખાતેથી મેળવી, સંપૂર્ણ વિગતો સાથે તા. ૩ નવેમ્બર, ૨૦૨૬ સુધીમાં મોકલી આપવાનું રહેશે. પ્રવેશપત્ર સાથે ડૉક્ટરનું ફિટનેસ સર્ટિફિકેટ તથા આધારકાર્ડની નકલ જોડવાની રહેશે. સમયમર્યાદામાં પ્રાપ્ત થયેલ પ્રવેશપત્રોના આધારે સ્પર્ધકોને સ્પર્ધાના વિગતવાર કાર્યક્રમની જાણ કરવામાં આવશે. આ સ્પર્ધા તા. ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સી.જે. એન.ઝેડ. મદ્રેસા હાઈસ્કૂલ, નવસારી ખાતે યોજાનાર છે. આ અંગે વધુ વિગતો માટે રોશન પટેલના મોબાઈલ નંબર ૯૧૦૬૫૨૪૪૬૭ અથવા ૯૭૨૬૨ ૯૩૩૮૩ પર સંપર્ક કરવા જિલ્લા રમતગમત અધિકારી, નવસારીની યાદીમાં જણાવાયું છે.

## વલસાડ કોલેજના પૂર્વ આચાર્યનું બેબી બૂમર્સની નવી ઈનિંગ અંગે વકતવ્ય યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૮ : શાંતિ કુંજ વયસ્ક મંડળ અડાજણ-સુરત દ્વારા વલસાડ કોમર્સ કોલેજના પૂર્વ આચાર્યશ્રી ડૉ.જે. એમ. નાયકનું બેબી બૂમર્સની નવી ઈનિંગ સંદર્ભે વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. શાંતિ કુંજ વયસ્ક મંડળના સિનિયર સભ્ય અને નવયુગ કોમર્સ કોલેજના પૂર્વ આચાર્યશ્રી જયંતિલાલ નાયકે પોતાની આગવી શૈલીમાં વક્તાનો પરિચય કરાવ્યો હતો. ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત સિનિયર સીટીઝનોને ઉદબોધન કરતા ડૉ.નાયકે જણાવ્યું હતું કે આપણા દેશમાં જેન ઝી અને જેન આલ્ફા ખૂબ જ ચર્ચામાં છે કે જેમના આપણે દાદા-દાદી અને નાના-નાની થઈ ગયા છે ત્યારે આપણે પણ આપણી નવી ઓળખ બેબી બૂમર્સ તરીકે કરીએ એ વ્યાજબી છે. સમયની સાથે અપડેટ થતાં રહીને પરિવર્તનની સાથે સાથે બેબી બૂમર્સ પણ તાલમેલ મેળવી રહ્યા છે. બેબી બૂમર્સ એવું વિચારે છે કે સેકન્ડ ઈનિંગમાં નવું નવું શીખીને હજી પણ એ શું કરી શકે એમ છે એવી ખુમારીથી જીવે છે. અધૂરા સ્વપ્નને પૂરા કરવા માટે હકારાત્મક દ્રષ્ટિકોણ સાથે નાની નાની ખુશીઓમાંથી પણ એઓ ભરપૂર આનંદ મેળવે છે. કાર્યક્રમને અંતે રસપ્રદ પ્રશ્નોત્તરી સાથે પ્રોગ્રામ સંપન્ન થયો હતો.

## સેલવાસમાં 'મુક્ત વેપાર કરારોનો લાભ' વર્કશોપ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૮ :** ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વાણિજ્ય વિભાગ, મુંબઈના વધારાના ડીજીએફટીના કાર્યાલય દ્વારા, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના ઉદ્યોગ, વેપાર અને વાણિજ્ય વિભાગના સહયોગથી, ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ કલા કેન્દ્ર, સિલ્વાસામાં મુક્ત વેપાર કરારોનો લાભ પર યુટી-સ્તરીય વર્કશોપનું આયોજન કરી રહ્યું છે. આ સંપૂર્ણ દિવસનો કાર્યક્રમ સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી યોજાશે. આ વર્કશોપનો હેતુ નિકાસકારો અને ઉદ્યોગ હિસ્સેદારોને ભારતના મુક્ત વેપાર કરારો હેઠળ તકોથી પરિચિત કરાવવાનો છે, જેમાં પસંદગીના બજાર પ્રવેશ, મૂળના નિયમો, ધોરણો અને બજાર-પ્રવેશ આવશ્યકતાઓનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં તાજેતરમાં હસ્તાક્ષર કરાયેલા FTA હેઠળ નિકાસ તકો, નિકાસ પ્રમોશન મિશન, ડિસ્ટ્રિક્ટ્સ એઝ એક્સપોર્ટ હબ્સ પહેલ અને ટ્રેડ કનેક્ટ ઈ-પ્લેટફોર્મ પર સત્રો યોજાશે. ક્ષેત્ર-વિશિષ્ટ ચર્ચાઓમાં એન્જિનિયરિંગ, ફાર્માસ્યુટિકલ્સ, કાપડ અને ગાર્મેન્ટ્સ અને પ્લાસ્ટિકને આવરી લેવામાં આવશે, જેમાં નિકાસ સંભાવના, મૂળના નિયમો અને આ ક્ષેત્રોમાં બજાર-પ્રવેશ પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.નિકાસકારો, ઉદ્યોગ પ્રતિનિધિઓ અને અન્ય હિસ્સેદારોને વર્કશોપમાં ભાગ લેવા અને આંતરરાષ્ટ્રીય બજાર તકો શોધવા માટે ભારતના FTA નો ઉપયોગ કરવા અંગેની ચર્ચાઓનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## 'કડવા ચોથ'નું વ્રત કેમ કરવામાં આવે છે?

**- વિનોદ માછી, નિરંકારી**

ભારતીય સનાતન હિન્દુ ધર્મમાં વ્રત-ઉપવાસ અને તહેવારોનું વિશેષ ધાર્મિક તથા આધ્યાત્મિક મહત્વ છે,આવાં જ વ્રતોમાં આસો વદ ચોથના દિવસે કરવામાં આવતું કડવા ચોથનું વ્રત સુહાગિની સ્ત્રીઓ માટે વિશેષ મહત્વ ધરાવે છે. આ વ્રત પતિના દીર્ઘાયુષ્ય,દાંપત્યજીવનની સુખાકારી,પારિવારિક મંગલ અને અખંડ સૌભાગ્યની ભાવના સાથે કરવામાં આવે છે. ચાલુ વર્ષે ૨૦૨૬માં કડવા ચોથ ગુરૂવાર તા.૨૯ ઑક્ટોબરના રોજ છે.



કરવા કે કરક એટલે માટીનો નાનો ઘડો કે પાત્ર જેમાં પાણી ભરીને ચંદ્રદેવને અર્ઘ્ય અર્પણ કરવાની પરંપરા છે.આ વ્રત પાછળ મુખ્યત્વે પાંચ ભાવનાઓ રહેલી છે.

પતિના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના પરંપરાગત માન્યતા અનુસાર પરિણીત સ્ત્રીઓ પોતાના પતિના સારા સ્વાસ્થ્ય-દીર્ઘાયુષ્ય અને સુખી જીવન માટે આ વ્રત કરે છે. દાંપત્યજીવનની સુખાકારી પતિ-પત્ની વચ્ચે પ્રેમ,વિશ્વાસ,પરસ્પર આદર અને સમર્પણ જળવાઈ રહે એવી મંગલકામના આ વ્રત સાથે જોડાયેલી છે. પરિવારની સુખ-શાંતિ પરિવારમાં સુખ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય અને પરસ્પર એકતા જળવાઈ રહે એવી પ્રાર્થના કરવામાં આવે છે. શ્રદ્ધા અને સંયમની ભાવના ઉપવાસ દ્વારા વ્યક્તિ પોતાની ઈચ્છાઓ પર નિયંત્રણ રાખવા-ધીરજ કેળવવા અને મનને પ્રાર્થનામાં જોડવા પ્રયત્ન કરે છે. પારિવારિક સંબંધોની મજબૂતી આ વ્રત માત્ર ધાર્મિક વિધિ નથી.ઘણી જગ્યાએ તે પરિવારની મહિલાઓને એકસાથે પૂજા કરે છે,કથા સાંભળે છે અને પરસ્પર સુખ-દુઃખ વહેંચે છે. આ પાંચેય ભાવનાઓને જોતાં કહી શકાય કે કડવા ચોથનું વ્રત ધાર્મિક શ્રદ્ધા-દાંપત્યપ્રેમ અને પારિવારિક મંગલની પરંપરા છે. કડવા ચોથના વ્રત સાથે અનેક લોકપ્રચલિત કથાઓ જોડાયેલી છે, તેમાં વીરાવતીની કથા વિશેષ જાણીતી છે. પ્રાચીન સમયમાં વીરાવતી નામની એક સુંદર અને સદાચારી રાજકુમારી હતી, તે સાત ભાઈઓની એકમાત્ર બહેન હતી,તેનાં લગ્ન થયા પછી તેણે પોતાના પતિના દીર્ઘાયુષ્ય માટે કડવા ચોથનું વ્રત રાખ્યું. કહેવાય છે કે વીરાવતીએ સવારથી જ ઉપવાસ શરૂ કર્યો હતો. આખો દિવસ ભૂખ અને તરસને કારણે તે અત્યંત નબળી પડી ગઈ, પોતાની લાડકી બહેનની આવી હાલત જોઈને તેના ભાઈઓ ચિંતિત થયા. ભાઈઓથી બહેનની આ સ્થિતિ જોવાઈ નહીં,તેમણે એક ઉપાય વિચાર્યો, સાંજના સમયે એક ભાઈ દૂર વૃક્ષ પર પ્રકાશની વ્યવસ્થા કરીને એવો ભાસ કરાવ્યો કે જાણે ચંદ્રોદય થયો હોય.વીરાવતીએ એ પ્રકાશને ચંદ્ર માનીને ચંદ્રદર્શન કર્યું, પૂજાની વિધિ પૂર્ણ કરી અને ઉપવાસ તોડી નાખ્યો.

આ રીતે વ્રત અધૂરૂં રહી જવાથી તેના પતિના જીવનમાં સંકટ આવ્યું. વીરાવતીને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તે દુઃખી થઈ અને તેણે નિષ્ઠાપૂર્વક વ્રત તથા પ્રાર્થના કરી,તેની અખંડ શ્રદ્ધા અને ભક્તિના પ્રભાવથી અંતે તેના પતિનું કલ્યાણ થયું અને તેનું દાંપત્યજીવન ફરી સુખમય બન્યું.

**કડવા ચોથનું આધ્યાત્મિક રહસ્ય શું છે?**

જો આપણે આ વ્રતને માત્ર ભૂખ્યા રહેવાની કે કોઈ ધાર્મિક વિધિ પૂર્ણ કરવાની દ્રષ્ટિએ જોઈએ તો તેના આંતરિક સંદેશનો એક ભાગ જ સમજી શકીએ.વ્રતનું સાચું મૂલ્ય વ્યક્તિના વિચારો-વર્તન અને સંબંધોમાં આવતાં સકારાત્મક પરિવર્તનથી પણ માપી શકાય છે. ઉપવાસનો એક ભાવ સંયમ છે પરંતુ માત્ર ભોજનનો ત્યાગ કરીને મનમાં ક્રોધ, ઈર્ષ્યા, દ્વેષ કે અહંકાર રાખવામાં આવે તો આધ્યાત્મિક દ્રષ્ટિએ વ્રતનો હેતુ અધૂરો રહી જાય છે.વ્રતની સાથે મનને શુદ્ધ રાખવું-મધુર વાણી બોલવી અને બીજાનું હિત વિચારવું પણ મહત્વનું છે. દાંપત્યજીવન એક વ્યક્તિના ત્યાગથી નહીં પરંતુ બંનેના પ્રેમ અને જવાબદારીથી સુખી બને છે.જો પત્ની પતિના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરે તો પતિએ પણ પત્નીના સ્વાસ્થ્ય, સુખ, સન્માન અને સ્વતંત્રતાની કાળજી રાખવી જોઈએ. સાચું દાંપત્ય એ છે જેમાં બંને એકબીજાના જીવનમાં સુખ-સુરક્ષા અને આત્મવિશ્વાસનો આધાર બને. ધાર્મિક વ્રત શ્રદ્ધા અને વ્યક્તિગત પસંદગીનો વિષય છે. કોઈ સ્ત્રી વ્રત ન રાખી શકે કે ન રાખવાનું પસંદ કરે તો તેના આધારે તેના પ્રેમ કે પતિવ્રતનું મૂલ્યાંકન કરવું યોગ્ય નથી તેવી જ રીતે વ્રત ન રાખવાથી પતિનું આયુષ્ય ઘટે છે એવું વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલું નથી. વ્રતને ભય કે દબાણનું સાધન બનાવવાને બદલે પ્રેમ અને પ્રાર્થનાની સ્વૈચ્છિક અભિવ્યક્તિ તરીકે સમજવું વધુ યોગ્ય છે. ધાર્મિક તહેવારો પરિવારના સભ્યોને એકત્રિત થવાની, વડીલોના અનુભવો સાંભળવાની અને બાળકોને સંસ્કારો આપવાની તક આપે છે.

જો કડવા ચોથના દિવસે પરિવારના સભ્યો એકબીજાની લાગણીઓને સમજે તો આ પરંપરા માત્ર એક દિવસના ઉત્સવ સુધી સીમિત ન રહેતાં આખા વર્ષના સુમેળનું માધ્યમ બની શકે છે. પરંપરાગત નિર્જળ ઉપવાસમાં લાંબા સમય સુધી પાણી ન પીવાથી કેટલાક લોકોને ડિહાઈડ્રેશન,ચક્કર,માથાનો દુખાવો કે નબળાઈ થઈ શકે છે.ખાસ કરીને ડાયાબિટીસ,કિડની કે અન્ય દીર્ઘકાલીન બીમારી ધરાવતી વ્યક્તિઓ નિયમિત દવાઓ લેતા લોકો અને ગર્ભવતી કે સ્તનપાન કરાવતી મહિલાઓએ ઉપવાસ કરતાં પહેલાં તબીબી સલાહ લેવી જોઈએ.

શ્રદ્ધાની સાથે શરીરના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું પણ જરૂરી છે.સ્વાસ્થ્યને જોખમમાં મૂકીને જ વ્રત કરવું પડે એવો કોઈ સર્વસામાન્ય નિયમ માનવો યોગ્ય નથી.કડવા ચોથ આપણને એક મહત્વપૂર્ણ પ્રશ્ન પૂછવાની તક આપે છે.શું દાંપત્યપ્રેમ માત્ર એક દિવસના ઉપવાસમાં છે કે પછી જીવનની દરેક ક્ષણે એકબીજાની કાળજી રાખવામાં છે? જો પત્ની પતિના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરે અને પતિ પત્નીના સ્વાસ્થ્ય તથા સન્માનની કાળજી રાખે તો બંનેની ભાવના એકબીજાને પૂર્ણતા આપે છે. જો ઉપવાસની સાથે વાણીમાં મધુરતા આવે, વર્તનમાં નમ્રતા આવે, વિચારોમાં પવિત્રતા આવે અને સંબંધોમાં વિશ્વાસ વધે તો વ્રતનો આધ્યાત્મિક હેતુ સાર્થક બને છે. ધાર્મિક વિધિ આપણને સારા જીવન તરફ દોરી જાય ત્યારે જ તેનું મૂલ્ય વધુ ઊંડું બને છે.કડવા ચોથની પરંપરા આપણને શીખવે છે કે પ્રેમ માત્ર શબ્દોમાં નહીં પરંતુ જવાબદારી, સહકાર, ત્યાગ, વિશ્વાસ અને પરસ્પર સન્માનમાં વ્યક્ત થવો જોઈએ.

આ વ્રતનો વ્યાપક સંદેશ માત્ર પતિના આયુષ્યની પ્રાર્થના પૂરતો સીમિત રાખવાની જરૂર નથી, તે પતિ-પત્ની બંનેને પ્રેમ,જવાબદારી, સહિષ્ણુતા અને એકબીજાની સુખાકારી પ્રત્યે જાગૃત રહેવાની પ્રેરણા પણ આપી શકે છે.વ્રતનું સાચું સૌંદર્ય માત્ર ઉપવાસમાં નહીં પરંતુ પ્રેમભર્યા હૃદયમાં છે.

માત્ર પૂજામાં નહીં પરંતુ પવિત્ર આચરણમાં છે અને માત્ર મંગલકામનામાં નહીં પરંતુ એકબીજાના જીવનને સુખમય બનાવવાના નિષ્ઠાપૂર્ણ પ્રયાસમાં છે.આવી સમજ સાથે કડવા ચોથનું વ્રત દાંપત્યજીવનમાં પ્રેમ, વિશ્વાસ, સમર્પણ અને પારિવારિક સુમેળની ભાવનાને વધુ મજબૂત બનાવે છે.

### કિશન શાહ બાપાની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે

## ખૂંટલીમાં નેત્રયજ્ઞ શિબિરમાં ૧૪૫ને ચશ્માનું વિતરણ કરાયું



**૨૬૫ દર્દીઓએ આંખોની તપાસ કરાવી, ૬૦ દર્દીઓની મોતિયાના ઓપરેશન માટે પસંદગી કરાઈ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૮ :** નાનાપોંઢા તાલુકાના ખૂંટલી ગામે કિશન શાહ બાપાની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે સેવા ફાઉન્ડેશન તથા યુ.એસ.એ.ના સહયોગથી નિઃશુલ્ક નેત્રયજ્ઞ શિબિર યોજાઈ હતી. ખૂંટલી પ્રાથમિક શાળા ખાતે રોટરી આઈ ઈન્સ્ટિટ્યૂટ, નવસારીના સહયોગથી આયોજિત આ શિબિરમાં કુલ ૨૬૫ દર્દીઓએ આંખોની તપાસ અને સારવારનો લાભ લીધો હતો. શિબિરમાં ૧૪૫ દર્દીઓને નિઃશુલ્ક ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું, જ્યારે ૬૦ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ તમામ ઓપરેશન નવસારીની રોટરી આઈ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક કરવામાં આવશે. દર્દીઓને હોસ્પિટલ સુધી લઈ જવા માટે બસની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. નિષ્ણાત તબીબોની ટીમે આંખોની તપાસ કરી જરૂરિયાતમંદ દર્દીઓને યોગ્ય સારવાર અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, રાહતદરે ચશ્માં મેળવવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

આ પ્રસંગે વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી વિપુલભાઈ ભોયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આ સેવાકીય પ્રવૃત્તિને પ્રેરણાદાયી ગણાવી આયોજકો અને તબીબી ટીમની સેવાભાવનાને બિરદાવી હતી. નાનાપોંઢા સંગઠન પ્રમુખ નિમેષ ગાંવિત, ખૂંટલીના સરપંચ દિનેશભાઈ, તાલુકા સભ્ય દિલુબેન, અશોક ગાંવિત સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અતુલ કંપનીના ચેરેમન અને મેનેજિંગ ડિરેક્ટરને 'લાઈફટાઈમ કોન્ટ્રિબ્યુશન એવોર્ડ' એનાયત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૮ :** અતુલ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સુનીલ લાલભાઈને રાસાયણિક ઉદ્યોગમાં તેમના દીર્ઘકાલીન અને નોંધપાત્ર યોગદાન બદલ 'FICCI કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ એવોર્ડ્સ ૨૦૨૬'માં કેમિકલ્સ શ્રેણી હેઠળ પ્રતિષ્ઠિત 'લાઈફટાઈમ કોન્ટ્રિબ્યુશન એવોર્ડ' (આજીવન યોગદાન પુરસ્કાર)થી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર રાસાયણિક ઉદ્યોગના વિકાસ, પ્રગતિ અને ઉત્કર્ષમાં સુનીલ લાલભાઈના લાંબા સમયથી રહેલા યોગદાનની કદર કરે છે. ઉદ્યોગના વિકાસમાં તેમનું યોગદાન અને તેમની આગેવાની રાસાયણિક ક્ષેત્રની પ્રગતિ માટે મહત્ત્વપૂર્ણ રહી છે. FICCI દ્વારા આપવામાં આવતું આ સન્માન રાસાયણિક ઉદ્યોગમાં ઉત્કૃષ્ટ યોગદાનની પ્રતિષ્ઠિત ઓળખ છે. સુનીલ લાલભાઈને આ પુરસ્કાર પ્રાપ્ત થવો એ અતુલ લિમિટેડ માટે ગૌરવની ક્ષણ છે.

## સરીગામના શિક્ષકે વ્રજભૂમિ શૈક્ષણિક સંકુલ ડુમિયાણીની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૮ :** સરીગામના શિક્ષક શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા અને વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવ મંડળના ઉપપ્રમુખ અશરફભાઈ ચુડાસમાએ તેમના રાજકોટ નિવાસી સાઢુભાઈ અબ્દુલભાઈ લીંગડીયા સાહેબ સાથે ઉપલેટા તાલુકાના ડુમિયાણી ગામે આવેલ વ્રજભૂમિ શૈક્ષણિક સંકુલ-ડુમિયાણીની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ વિશાળ શૈક્ષણિક સંકુલના આદ્યસ્થાપક, ગુજરાતના પૂર્વ નાયબ શિક્ષણ મંત્રી, પૂર્વ સાંસદ, ઉપલેટા કોલેજના પ્રોફેસર સ્વ. બળવંતરાય મણવર કે જેઓની પાસેથી અશરફ ચુડાસમાએ કોલેજકાળ દરમિયાન શિક્ષણ મેળવ્યું હતું. જેઓને પુષ્પાંજલિ અર્પિત કરતા અશરફભાઈ ભાવવિભોર અને ભાવુક બન્યા હતા. શૈક્ષણિક ક્ષેત્રે મણવરનું આટલું મોટું યોગદાન જોઈને અબ્દુલભાઈએ ૧૦૦ પુસ્તકોની ભેટ આ સંસ્થાને આપતાં ધન્યતા અનુભવી હતી. આ સંસ્થાના શિક્ષક ઘનશ્યામભાઈ ચૌહાણ સાહેબે આ બંને મહાનુભાવોનો આ સંકુલ વતી અંતઃકરણથી આભાર વ્યક્ત કર્યો હતો.

## ડાંગની ૪૧ ગ્રા.પં.ની સામાન્ય ચૂંટણી માટે વોર્ડવાર બેઠકોની ફાળવણી જાહેર

### આહવા, વઘઈ અને સુબીર તાલુકાની પંચાયતોમાં વસ્તી મુજબ અનામત અને બિન-અનામત બેઠકો નક્કી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૨૮ :** રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ડાંગ જિલ્લામાં ટૂંક સમયમાં યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા બેઠકોની ફાળવણી પૂર્ણ કરી દેવામાં આવી છે. આહવા, વઘઈ અને સુબીર તાલુકાની કુલ ૪૧ ગ્રામ પંચાયતો માટે ૨૦૧૧ની વસ્તી ગણતરી અને નિયમો મુજબ વોર્ડવાર બેઠકોનું રોટેશન (વારાફરતી ફાળવણી) નક્કી કરવામાં આવ્યું છે. નવા સુધારા મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાત વર્ગની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ બેઠકો પછાત વર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવ્યો છે.

ગામના નાગરિકો પોતાના વોર્ડની અનામત કે સામાન્ય બેઠકની સ્થિતિ જાણી શકે તે માટે આ ફાળવણીનું વિગતવાર લિસ્ટ સંબંધિત ગ્રામ પંચાયત કચેરી, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, પ્રાંત કચેરી, કલેક્ટર કચેરી તેમજ જિલ્લાની સત્તાવાર વેબસાઈટ https://dangs.nic.in/# પર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ગ્રામજનોને આ યાદી જોઈ જરૂરી નોંધ લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર, ડાંગ દ્વારા જણાવાયું છે.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

વિશેષ વાંચન

Thursday 29, October 2026

દમણગંગા ટાઇમ્સ

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરુવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. **-સંપાદક**

## સારા કર્મ મનુષ્યના ભાગ્યને બદલી નાંખે છે

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**



આજે એક વ્યક્તિત્વની વાત કરવી છે.જેમના માટે તમો આજે રાતદિવસ એક કરો છો ને ...? એક દિવસ એજ પૂછશે કે તમે મારા માટે શું કર્યું...? આપણે મારું મારું કરીને અર્ધા થઇ જઈએ છીએ પણ કડવું સત્ય એ છે અહીં કોઈજ તમારું નથી. માણસો સંબંધ સાચવવા આપણું સમજીને આખી જીંદગી ઘસી નાંખે છે અને સામેવાળું પાત્ર માત્ર પોતાના સ્વાર્થ સાચવે છે.જ્યાં સુધી તમારી પાસે આપવા માટે કાંઈ છે બસ ત્યાં સુધી જ તમારા સગાસ્નેહી અને સ્વજન છે જે દિવસે તમારો ઉપયોગ પૂરો થયો એજ ક્ષણે તમારો સંબંધ પૂરો થઇ જશે.અહીં દરેકે દરેક સંબંધો સ્વાર્થના દોરાથી બંધાયેલા છે.જરૂરિયાત બદલાય એટલે લોકોની દાનત પણ બદલાય.જે બધા માટે બધુ જ કરે છે પણ કાંઈ જ મળતું નથી.જે બીજાનું ભલુ કરે એની મુશ્કેલીમા કેમ કોઈ આગળ આવતું નથી.આ દુનિયામાં એવા ઘણા લોકો એવા હોય છે જે બીજાને મદદ કરે છે.કોઈના કામમાં કામ આવે,કોઈના દુઃખમાં સાથ આપે છે જયારે તે પોતે મુશ્કેલીમા હોય ત્યારે બહુ ઓછા લોકો તેમની સામે ઊભા રહે છે ત્યારે આપણને એમ જ થાય છે કે શા માટે બીજાને ખુશ કરવા કે મદદ કરવા આપણી જીંદગી વેડફી રહ્યા છીએ.આપણને એમ પણ થશે જે દિવસે આપણે પોતે પડશોને તે દિવસે આપણા હાથ પકડનારા નહી પણ તમાશો જોવાવાળા વધારે હશે માટે આજથી મારું મારું કરવાનું બંધ કરો એવું ચોક્કસ થશે આ વાસ્તવિકતા ઘણીવાર દુઃખ આપે છે. બીજાનું સારુ કરનાર વ્યક્તિ બીજા માટે સહજ બની જાય છે.લોકો તેમની મદદને ફરજ સમજી લે છે પરંતુ જયારે તેમને મદદની જરૂર પડે ત્યારે પોતાનું કામ, વ્યસતા, સ્વાર્થ કે સુવિધાનું બહાનું કાઢી છટકી જાય છે.કેટલાક લોકો આપણું ભલુ ત્યારેજ યાદ રાખે છે જયારે તેમને કોઈ કામ હોય પરંતુ આપણા દુઃખ તેની પ્રાથમિકતા બદલાય જાય છે.એક મહત્વની વાત એ પણછે લોકો ઘણીવાર આપણા સારા સ્વભાવનો ફાયદો પણ ઉઠાવે છે.મહત્વની વાત તો એ છે તમે બીજા માટે તમારી આખી જીંદગી વેડફી નાંખી હોય એમના દરેક કાર્યમાં કે નબળા દિવસોમાં જે મદદ કરી હોય એની નોંધ કોઈ રાખે કે ન રાખે પણ સારા કર્મની નોંધ ભગવાન જરૂર રાખે છે. આપણે બીજાનું સારુ ભલુ કરવુ ક્યારેય બંધ ન કરવું. કોઈપણ કામ કર્યું હોય એની અપેક્ષા ના રાખવી. ભલું અને સારુ કામ કર્મ તરીકે કરવું બદલામાં કોઈની મદદની આશા રાખવી નહી.સાચુ ભલુ એ છે અપેક્ષા વગર કરવામાં આવેલી સાચી મદદનું ફળ સમય પર ભગવાન જ આપે છે માટે સારા કાર્યો કર્મ તરીકે કરો સૌ કોઈને મદદ કરો પણ અપેક્ષા ના રાખો. તમારા સારા સ્વભાવને કમજોરી નહી શક્તિ બનાવો.

## સફળતા માટે અનુશાસન જરુરી છે

**હર્ષદ દેસાઈ**
**વટાર**



વિચારો એક પ્રકારના બીજ છે. જે રીતે બીજ વાવ્યા પછી ખાતર પાણી આપવા પડે છે. વિચારોનું પણ આવુ જ છે. તેમને વ્યવહારમાં ઉતારવા પડે છે. માત્ર વિચારો કહીએ એટલું પુરતુ નથી. એ પ્રમાણે કર્મ કરવુ પડે છે. જયારે માણસ સંકલ્પ કરીને આત્મવિશ્વાસ અને ધીરજપૂવૃક પોતાના લક્ષ્યને પુરુ કરવા માટે નિરંતર પ્રયાસ કરતો રહે તો જ આ શકય બને છે.

કેટલીક વાર લોકો સારા વિચારો કરે છે. પરંતુ આળસ કે નિરાશા કે અસમર્થતાના કારણે તેમનો અમલ કરી શકતા નથી. એના પરિણામે સ્વરૂપે જીવન દિશાહીન થઈ જાય છે. જો સંકલ્પ અને શિસ્તબધ્ધ રીતે કોઈ નક્કર પ્રયાસ કરવામાં ન આવે તો આપણને આપણા કાર્ય કે લક્ષ્યમાં સફળતા મળતી નથી. તેથી માણસ દઢ સંકલ્પ કરીને તેને પુર્ણ કરવા માટે નિરંતર પ્રયાસ કરવો પડ છે.

સફળતા એક જ દિવસમા મળતી નથી. તે એક લાંબી પ્રક્રિયા છે. સફળતા મેળવવા માટે માણસે યોજનાબધ્ધ રીતે પોતાના કાર્યમાં આગળ વધતા રહેવું પડે જયારે પોતાના લક્ષ્યને પુર્ણ કરવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવામાં આવે ત્યારે જ સંકલ્પ પુરો થાય છે. સફળતા મેળવવાનું રહસ્ય એ જ છે. કે પોતાના લક્ષ્યને પુરુ કરવા માટે નિરંતર પ્રયાસ કરવો આમ સફળતા પ્રાપ્ત કરવા માટે ધીરજ, તપ, સાધના અને નિરંતરતા અનિવાર્ય છે. આપણી ટેવો જ આપણા જીવનની દિશા નક્કી કરે છે. જો કોઈ માણસ વારંવાર સંકલ્પ કરે પરંતુ તેને પુરો કરવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયાસ ન કરે તો તેની બેદરકારી બતાવે છે. પોતાના સ્વભાવને બદલ્યા વગર અને પોતાની કુટેવોને દુર કર્યા વગર કોઈ મહાન કાયૃ પુરુ થઈ શકતું નથી. ભલે તે વિદ્યા, કલા, સાધના, સેવા કે આત્મવિશ્વાસની બાબત હોય, છતાં દરેક ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે માનસિક અનુશાસન જરુરી છે.

ઘણા લોકો યોજનાઓ તો બનાવે છે પણ આળસપ્રમાદ અને બેદરકારીને કારણે તેમને અમલમાં મુકી શકતા નથી. જયારે કોઈ માણસ કોઈ કામ વારંવાર શરુ કરે પરંતુ તેને પુરુ કરવા માટે ખરા દિલથી પરયાસ કરતો નથી ત્યારે તેના બધા પ્રયાસો નિષ્ફળ જાય છે.

સાચી વાત એ છે કે જો માણસ કોઈપણ કામ કરવાનો પાકો સંકલ્પ કરે અને તેને પુરો કરવા માટે ઈમાનદારીપૂર્વક પ્રયાસ કરે તો કોઈપણ મુશ્કેલ તે સંકલ્પને પુરો કરવામાં અવરોધરૂપ બની શકતી નથી. અણડગ મનના મુસાફરને હિમાલય પણ ડગાવી શકતો નથી. નેપોલિયન બોનાપોર્ટ અજેય ગણાતા આલ્પસ પર્વતને પોતાના સૈન્ય સહિત પાર કરી દીધો હતો. આપણને પણ જયારે કોઈ કાર્ય મુશ્કેલ લાગે ત્યારે એવું વિચારવું જોઈએ કે આ મારા આત્મવિશ્વાસનો સર્વશ્રેષ્ઠ અવસર છે.

બહાના કાઢવા તો બહુ સરળ છે. કયારેક સમય ન મળવાનું બહાનુ તો કેયારેક કુટુંબની જવાબદારીનુ બહાનુ કાઢી શકાય પરંતુ સાચી વાત એ છે કે જે લોકોએ જીવનમાં મોટુ કાર્ય કર્યુ છે ત્યારે તેમણે પોતાની શકિત પ્રમાણે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે. દરેક મહાન સફળતાની પાછળ મનોયોગ, પ્રખર સંકલ્પ, નિરંતર પરિશ્રમ અને ભુતકાળની ભુલોમાંથી લીધેલો બોધપાઠ મહત્વનો ભાગ ભજવે છે. આપણે આપણા સંકલ્પને વારંવાર યાદ કરવો જોઈએ. અને આળસ, ડર, આત્મહીનતા વગેરે માનસિક નબળાઈઓનો ત્યાગ કરી દેવો જોઈએ. જો આપણે આપણા જીવનમા કોઈ મહત્વનુ અને સ્થાયી પરિવર્તન કરવા ઈચ્છીતા હોઈએ તો આપણે પહેલેથી જ એના માટે પ્રબળ સંકલ્પ કરીને પુરુષાર્થ કરવો જોઈએ. મનને અડગ સંકલ્પ એક સ્પષ્ટ લક્ષ્ય, તેને પુર્ણ કરવાની લગની અને કાર્ય કરવામાં શિસ્તબદ્ધતા આપણને આપણા કાર્યમાં સફળતા અપાવી શકે છે.

## વૃદ્ધાશ્રમો કેમ વધતાં જાય છે?

**યોગેશ જોશી**
**પંચમહાલ**



આજની યુવા પેઢી હવે તુંડમિજાજી, આઝાદ અને સ્વચ્છંદી બની ગઈ છે. તેઓ પોતાની જિંદગી અલગ રીતે જીવવા માંગે છે. આજની પેઢીને માવતર આંખમાં કણાની જેમ ખૂંચે છે. માવતર ઘરે હોય તો એમને એમની સ્વતંત્રતા અને આઝાદી છીનવાઈ જતી હોય એવું લાગે છે. હવેની પેઢીને સવારે મોડું ઊઠવુ ને રાતે મોડા સુધી જાગવું અને ઘરે જમવાની માથાકૂટમાં પડ્યા વગર બહારનું ફાસ્ટ ફૂડ જમી લેવું અને મોબાઈલની દુનિયામાં રચ્યાપચ્યા રહેવું ગમે છે. પોતાના માવતર ઘરે હોય તો છોકરાઓ તથા પુત્રવધૂઓ મનમાની કરી શકતાં નથી, કારણકે વડીલો દરેક બાબતમાં સંતાનોને ટોકે છે. આ ઉપરાંત હવે પતિ પત્ની બંને નાની મોટી નોકરી કરતાં હોય છે એથી માવતરનો પૂરેપૂરો ખ્યાલ રાખી શકતાં નથી. બીજુ સંતાનોને માવતર પ્રત્યેની લાગણી પણ ધીમેધીમે ઓછી થવા લાગી છે. અગાઉના વખતમાં એક માવતર પોતાનાં છથી આઠ દીકરા દીકરીઓનો સારી રીતે ઉછેર કરતાં હતાં, જ્યારે અત્યારે ચાર દીકરાઓ પણ એક માવતરને સારી રીતે સાચવી શકતાં નથી અને માવતરને રાખવાનાં વારા નક્કી કરે છે અથવા તો વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે. માટે આજના બદલાયેલાં સમાજમાં ઘરડાં ઘરો તથા વૃદ્ધાશ્રમોની સંખ્યા વધતી જાય છે.

## અલિપ્ત રહેવાની કળા

**કિંજલ પંડયા**
**પારડી**



આજના સમયમાં માનવીય સંબંધો અને દૈનિક વ્યવહારોમાં મનદુઃખ, અસંતોષ અને તણાવ ખૂબ જ સામાન્ય બની ગયા છે. આ બધાની પાછળનું મુખ્ય કારણ એ છે કે આપણે દરેક વાતને સીધી આપણા વ્યક્તિત્વ સાથે જોડી દઈએ છીએ. કોઈ વ્યક્તિનું અસભ્ય વર્તન હોય, કોઈની ટીકા હોય કે પછી અપેક્ષાઓનો ભંગ હોય - આ બધી બાબતોને આપણે અંગત અપમાન તરીકે સ્વીકારી લઈએ છીએ. જ્યારે આપણે કોઈની પ્રતિકૂળ પ્રતિક્રિયાને વ્યક્તિગત રીતે લેવા લાગીએ છીએ, ત્યારે મન ભારે થઈ જાય છે અને દુઃખની શરૂઆત થાય છે.

જાપાનની પરંપરાગત જીવનશૈલીમાં આ વિષય પર ઊંડાણપૂર્વક વિચાર કરવામાં આવ્યો છે. ત્યાંની સંસ્કૃતિમાં દરેક વાતથી અલિપ્ત રહીને જીવન જીવવાની એક સુંદર દ્રષ્ટિ શીખવવામાં આવે છે. તેનો મૂળ ભાવ એ છે કે જગતમાં કોઈપણ વ્યક્તિ જે કંઈ પણ બોલે છે કે વર્તે છે, તે હકીકતમાં સામેવાળાની માનસિક સ્થિતિ, તેના સંસ્કારો અને તેની વર્તમાન પરિસ્થિતિનું પ્રતિબિંબ હોય છે. તેનો આપણી સાથે કે આપણા અસ્તિત્વ સાથે કોઈ સીધો સંબંધ હોતો નથી. જ્યારે કોઈ વ્યક્તિ ક્રોધ કે કડવાશ વ્યક્ત કરે છે, ત્યારે તે પોતાની ભીતર રહેલી વેદના કે અશાંતિ બહાર ઠાલવી રહી હોય છે. જો આપણે તે વાતને પોતાના પર લેવાને બદલે માત્ર એક ઘટના તરીકે જોઈએ, તો મન પર કોઈ ભાર રહેતો નથી.

આ દ્રષ્ટિકોણને અપનાવવાથી જીવનમાં એક અદ્ભુત શાંતિ અને હળવાશ અનુભવાય છે. આનો અર્થ એ નથી કે આપણે સંવેદનહીન બની જઈએ, પરંતુ તેનો અર્થ એ છે કે આપણે અન્યના નકારાત્મક વ્યવહારને આપણા પોતાના આંતરિક આનંદ અને ઉત્સાહ પર અસર કરવા દેતા નથી. સમુદ્ર જેમ પોતાના પર ફેંકાયેલા કચરાને કિનારા પર ધકેલી દે છે અને પોતાના મૂળ સ્વભાવમાં શાંત રહે છે, તેમ આપણે પણ દરેક પરિસ્થિતિમાં અલિપ્ત રહેતા શીખવું જોઈએ.

જ્યારે આપણે વાતોને વ્યક્તિગત રીતે લેવાનું છોડી દઈએ છીએ, ત્યારે મન ચિંતાઓથી મુક્ત થઈ જાય છે અને સાચા અર્થમાં સ્વતંત્રતાનો અનુભવ થાય છે. જીવનને સહજ અને સરળ બનાવવાનો આ જ સૌથી સચોટ માર્ગ છે.

## જે નિશ્ચિત છે એને ગૌરવપૂર્વક સ્વીકારીએ

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**



જીવન એ જીવવા જેવું છે અને મરણ વિષે ઝાઝુ વિચારવા જેવું નથી. વિચારી વિચારીને પણ કેટલું વિચારશો? સાવ સીધી સાદી વાત છે કે બાળક જન્મે છે ત્યારે માતા બે હાથમાં એને લઈને ઘરમાં પ્રવેશે છે અને આપણે જઈએ છીએ ત્યારે ચાર ખભા પૂરતા છે.હવે તો ખભાની પણ જરૂર રહેતી નથી કારણ કે, શબવાહીની હોય છે. જીવન અને મરણનો ચકરાવો ચાલ્યા કરે છે. મરણ એટલે શું એમ કોઈ પૂછે તો એનો સીધો સાદો જવાબ એ છે કે ઈન્દ્રિયોનું ઓલવાઈ જવું. આપણી આંખ આથમે પછી આપણા માટે સુરજ ઉગતો નથી. મરણ અનેક રીતે આવે માંદગી રૂપે, અકસ્માત રૂપે. યમ-ના કોઈ નિયમ નથી હોતાં. એનું કોઈ તર્કશાસ્ત્ર નથી હોતું. પથારીમાં પડ્યા હોય અને ધીમે ધીમે બધું આથમતું જાય. કોઈક આપણાં કાન પાસે કંઈક કહે અને કાનના કૂવા તો ખાલીખમ રહે. જેનાં સ્પર્શથી શરીરને એકવાર રોમાન્સ થતો હતો એના સ્પર્શને પણ શરીર ન ઓળખી શકે. શ્વાસના થાકેલાં વણઝારાનો નાક સાથે નાતો છૂટી જાય એ બીજું કશું નહીં, મરણ છે. જીવન અને મરણનો આ ચક્રરાવો ચાલ્યા જ કરવાનો. આપણી પરંપરા કહે છે આત્મા કદી મરતો નથી. એ તો નવુંનક્કોર શરીર ધારણ કરે છે. ગીતામાં કહ્યું છે તેમ, આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અને અગ્નિ બાળી શકતો નથી. કોઈકે કહ્યું હતું કે જીવન અને મરણ માત્ર આજેં પાંચ તત્વોનું મળવું એ જીવન છે. પાંચ તત્વોનું છૂટા પડવું તે મરણ છે. ઊંઘમાં પડખું ફરીએ એની જેમ આપણને ખબર નહીં હોય તેમ જીવન અને મરણ આ બે પડખા છે. ટાગોરે કહ્યું હતું કે, પયપાન કરાવતી માં જેમ બાળકને એક સ્તન પરથી બીજા સ્તન પર લે છે તેવી રીતે આ જીવન મરણનું છે. મરણ જેટલું વ્યથાકારક હોય છે તેના કરતાં તેનો ભય માણસને મરતા પહેલાં મારી નાખે છે.

હકીકતમાં જે નિશ્ચિત છે એને ગૌરવપૂર્વક સ્વીકારી શકીએ એમાં જ આપણી મહત્તા છે.આ એક એવો પ્રદેશ છે કે જ્યાં આપણું કંઈ ચાલતું નથી. કોઈ સાવિત્રી જેવી સ્ત્રી યમ ને પરાજિત કરી સત્યવાનને પાછો લાવે તે વાત જૂદી છે. ગમે એટલી પ્રિય વ્યક્તિ હોય પણ એ મૃત્યુ પામે પછી એનાં દેહને નિકાલ કરવો જ પડે છે એને સંઘરી રાખી શકાતો નથી. પ્રિય વ્યક્તિ દિવાલ પરની છબી થઈ જાય છે. મનુષ્યને સ્મરણનું વરદાન મળ્યું એટલે વ્યક્તિ જાય છે, પણ સ્મૃતિ શેષ રહે છે. મરણ એ અંત નથી પણ નવાનક્કોર જીવનનો પ્રારંભ છે.

## રાજકારણીઓ દ્વારા અભદ્ર ટિપ્પણી

**ડો. જે. એમ. નાયક**
**નવસારી**



આપણા દેશમાં ખાસ કરીને ચૂંટણી હોય ત્યારે અને હવે તો ચૂંટણીનો માહોલ નહીં હોય ત્યારે પણ રાજકારણી નેતાઓ દ્વારા અપમાનજનક , અભદ્ર અને વિવાદાસ્પદ કહી શકાય એવા ઉચ્ચારણો થતા હોય છે કે જે લોકશાહી માટે ખૂબ જ ગંભીર બાબત છે. ભારતના રાજકારણમાં અવરનવર આવી ઘટનાઓ બનતી હોય છે. રાજકારણીઓના વિવાદાસ્પદ નિવેદન સાંભળીને શિક્ષિત લોકો હવે રાજકારણીઓ પ્રત્યે નફરતની દ્રષ્ટિથી જોતા થઈ ગયા છે. નેતાઓ જ્યારે બેશરમ બનીને નિવેદન આપે છે ત્યારે ખૂબ જ દુઃખ થાય છે. લીડર તો એવા હોવા જોઈએ કે જે પ્રજાના રોલ મોડલ હોય એટલે કે એમનું અનુકરણ કરી શકાય એવા આદર્શ હોવા જોઈએ તેને બદલે વિલન કે ખલનાયક જેવા નિવેદન કરીને પ્રજાના ગુસ્સાનો ભોગ બને છે.

કોઈ પણ રાજકારણીની અભદ્ર ટીપ્પણીને પરિણામે રાજકીય વિવાદ સર્જાય છે અને તેને પરિણામે વિરોધ પ્રદર્શન થાય છે. વિરોધ પ્રદર્શનને પરિણામે પ્રજા મુશ્કેલીમાં મુકાઈ જાય છે. નેતાઓ જ્યારે મર્યાદા બહારની ભાષાનો દુરુપયોગ કરે છે ત્યારે બિચારી પ્રજાએ મનોમન સમસમીને બેસી રહેવું પડે છે. ૨૧ મી સદીમાં ડિજિટલ ક્રાંતિને પરિણામે સોશિયલ મીડિયા ઉપર પણ ઓડિયો અને વિડિયો દ્વારા વિવાદાસ્પદ નિવેદનો થતા રહે છે. સોશિયલ મીડિયાનો પણ ભયંકર દુરુપયોગ થઈ રહ્યો છે. લોકશાહીમાં વૈચારિક મતભેદ હોય એ ખૂબ જ સ્વાભાવિક બાબત છે પરંતુ મતભેદને પરિણામે વ્યક્તિગત હુમલા કરવામાં આવે એ કોઈપણ સંજોગોમાં વ્યાજબી નથી. નેતાઓ ભાષાની ગરિમા જાળવતા નહીં હોવાને પરિણામે સમાજમાં એની નકારાત્મક અસર પડે છે. ખાસ કરીને યુવા પેઢી પર એની ભયંકર ખરાબ અસર થાય છે. જ્ઞાતિને આધારે જ્યારે અભદ્ર ટીપ્પણી કરવામાં આવે છે ત્યારે બે જ્ઞાતિઓ વચ્ચે કડવાશના બીજ રોપાય છે જેની નેગેટિવ અસર લાંબા ગાળા સુધી થતી રહે છે. ટેલિવિઝનની વિવિધ ચેનલો ઉપર પણ જુદા જુદા પક્ષના પ્રવક્તાઓ પણ હવે તો અભદ્ર ભાષાનો ઉપયોગ કરતા થઈ ગયા છે. નેતાઓ દ્વારા નફરત ફેલાવતા ભાષણો આપવામાં આવે ત્યારે કોર્ટમાં કેસ કરી શકાય છે પરંતુ આપણે જાણીએ છીએ કે કોર્ટમાં લાંબા સમય સુધી એનો નિકાલ આવતો નથી અને એનો નિકાલ કદાચ આવે તો તે પહેલાં અભદ્ર ભાષણનો બીજો બનાવ તૈયાર જ હોય છે. પ્રજા તો રાજકારણી નેતાઓ પાસે એવી અપેક્ષા રાખે છે કે એઓ જનહિતના મુદ્દાઓની વાત કરે , નીતિવિષયક વાતો કરે અને દેશના વિકાસ અંગેની જ રજૂઆત કરે...! વિકાસ અને પ્રજાહિતના ભાષણો કરતા નેતાઓ હવે અપવાદ સિવાય જોવા મળતા નથી એ લોકશાહી માટે ચિંતાપ્રેરક બાબત છે.

## જનતાની સમસ્યાની કોને પડી છે?

**નીતા પી.જાદવ**
**રાજકોટ**



સત્તા બદલાય છે, ચહેરા બદલાય છે,
પણ જનતાની કિસ્મત કેમ નથી બદલાતી?
વચનોના વાવાઝોડાં આવે છે દર પાંચ વર્ષે,
પણ સામાન્ય માણસની મુશ્કેલી કેમ નથી હળવી થતી? આજની સરકાર હોય કે અગાઉની સરકાર, પક્ષ નવો હોય કે જૂનો—જનતાને એક જ સવાલ છે અમારું શું?

ચૂંટણી આવે ત્યારે જનતા જનાર્દન બની જાય છે, મતદાન પૂરું થાય પછી એ જ જનતા ફરી મોંઘવારી, બેરોજગારી, ભેળસેળ, અસુરક્ષા અને સરકારી અવ્યવસ્થાની વચ્ચે એકલી ઊભી રહી જાય છે. વિકાસના આંકડા કાગળ પર દોડે છે,
પણ રસ્તા પર ખાડા કેમ રહે છે?
ઉદ્ઘાટનના ફૂલો સુકાઈ જાય છે,
ને નવો પુલ થોડા વરસાદમાં કેમ ધોવાઈ જાય છે?

કરોડોના ખર્ચે બનેલા રસ્તા અને પુલ જો થોડા જ સમયમાં તૂટવા લાગે, તો સવાલ માત્ર બાંધકામનો નથી—સવાલ છે જનતાના પૈસાની કિંમતનો અને જવાબદારીનો. વિકાસનો અર્થ માત્ર શિલાન્યાસ, ઉદ્ઘાટન અને મોટા બોર્ડ નથી; વિકાસ એવો હોવો જોઈએ જે જનતાના જીવનમાં વર્ષો સુધી સલામતી અને સુવિધા આપે.

બીજી તરફ મોંઘવારીનો માર મધ્યમવર્ગની કમર તોડી રહ્યો છે. ઘરનું બજેટ બનાવતા પહેલાં જ રસોડું ખાલી ખિસ્સા સામે પ્રશ્નો ઊભા કરે છે. પેટ્રોલ-ડીઝલના ભાવ હોય, રોજિંદી ચીજવસ્તુઓ હોય કે શિક્ષણ અને આરોગ્યનો ખર્ચ—આવક વધે એ પહેલાં ખર્ચ વધી જાય છે.

મધ્યમવર્ગની હાલત પણ અજબ છે—
ન તો ગરીબોની જેમ સહાયનો આધાર,
ન તો અમીરો જેવી બચતની દીવાલ;
મહેનત આખી પોતાની,પણ સુરક્ષા ક્યાંય નહીં!

ભેળસેળવાળું ખોરાક, બેદરકારીભરેલી વ્યવસ્થા અને ક્યારે કઈ અણધારી દુર્ઘટના બની જાય તેની ચિંતા—આ બધાની વચ્ચે સામાન્ય માણસ રોજિંદું જીવન જીવે છે કે જોખમ સાથે સમાધાન કરે છે? અને સૌથી મોટો પ્રશ્ન—જવાબદારી કોની?

જો કોઈ નબળું કામ કરે અને જનતાના પૈસાનું નુકસાન થાય તો જવાબદારી નક્કી થવી જોઈએ. માત્ર તપાસ, સમિતિ અને નિવેદનોથી જનતાનો વિશ્વાસ પાછો આવતો નથી.

જનતા તાળીઓ પાડવા માટે નથી,
જનતા સવાલ પૂછવા માટે છે.
જનતા સન્માન કરવા માટે જ નથી,
જનતા સત્તાને જવાબદાર રાખવા માટે પણ છે.

પરંતુ દુઃખ એ છે કે આપણે જ ઘણીવાર સત્તાધીશોને VIP બનાવીને કાર્યક્રમોમાં બોલાવીએ છીએ, હાર પહેરાવીએ છીએ, સન્માન કરીએ છીએ અને પછી પોતાની જ સમસ્યાઓ માટે દરવાજે-દરવાજે ભટકીએ છીએ.

જેના હાથમાં સત્તા છે એને સવાલ જોઈએ,
જેના હાથમાં જનતાના પૈસા છે એને હિસાબ જોઈએ;
માત્ર મંચ પર સન્માન નહીં,
મેદાનમાં કામનો પુરાવો જોઈએ.

લોકશાહીનો અર્થ માત્ર મતદાન નથી. લોકશાહીનો સાચો અર્થ છે— જનતાનો અવાજ સત્તા સુધી પહોંચે અને સત્તા જનતા સામે જવાબદાર રહે.

આજે પક્ષ બદલવાની જરૂર નહીં, રાજકારણની કાર્યશૈલી બદલવાની. નવા નારા નહીં, નવી જવાબદારી જોઈએ.કાગળ પરનો વિકાસ નહીં, જમીન પરનો વિકાસ જોઈએ. સ્ત્ભસંસ્કૃતિ નહીં, જનસેવાની સંસ્કૃતિ જોઈએ.કારણ કે દેશ માત્ર સરકારોથી નથી બનતો,દેશ સામાન્ય માણસની મહેનતથી બને છે.

અને જો એ જ સામાન્ય માણસ મોંઘવારી, ભ્રષ્ટાચાર અને અસુરક્ષામાં દબાઈ જાય—
તો વિકાસના મોટા મોટા આંકડા પણ
જનતાના આંસુ સામે નાના પડી જાય છે.
હવે સવાલ એ નથી કે સરકાર કઈ છે—
સવાલ એ છે કે સરકાર જનતા માટે કેટલી વફાદાર છે?

# ગુમ થયેલાં મોબાઈલ શોધવામાં ગુજરાત દેશમાં બીજા

### રાજ્યમાં આણંદ જિલ્લો પ્રથમ, ડાંગ દ્વિતીય સ્થાને:૫૦.૭૫% ના રિકવરી રેટ સાથે શ્રેષ્ઠ કામગીરી



(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા. ૨૮

ગુમ થયેલા કે ચોરાયેલા મોબાઈલ ફોનને બ્લોક કરવા અને તેને ઝડપથી શોધી કાઢવા માટે કાર્યરત 'સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજિસ્ટર' (CEIR) પોર્ટલના ઉત્કૃષ્ટ અમલીકરણ બદલ ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) અને ગુજરાત પોલીસના સંયુક્ત ઉપક્રમે શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ યોજાયેલા આ પ્રોગ્રામમાં શ્રેષ્ઠ નોડલ અધિકારીઓને શીલ્ડ તેમજ પ્રશંસાપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

ડેટા એનાલિસિસ મુજબ સમગ્ર દેશમાં મોબાઈલ રિકવરીનો સરેરાશ દર ૩૭.૪% રહ્યો છે, જેની સરખામણીએ ગુજરાતે ૫૦.૭૫% નો ઊંચો રિકવરી રેટ હાંસલ કરીને દેશના મોટા રાજ્યોમાં બીજું સ્થાન મેળવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૨,૩૮,૫૩૩ મોબાઈલ હેન્ડસેટ બ્લોક કરવામાં આવ્યા છે, જેમાંથી ૧,૪૭,૪૨૭ હેન્ડસેટ ટ્રેસ થયા છે અને ૭૪,૮૨૩ મોબાઈલ સફળતાપૂર્વક તેના મૂળ માલિકોને પરત સોંપાયા છે. ગત વર્ષના ૪૧% ની સામે આ વર્ષે રિકવરી દરમા ૯.૭૫ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ની કામગીરીના આધારે શ્રેષ્ઠ કામગીરી કરનારા જિલ્લાઓમાં આણંદ પ્રથમ, ડાંગ દ્વિતીય અને અમદાવાદ શહેર તૃતીય ક્રમે આવ્યા છે. આ સિદ્ધિ બદલ આણંદ સાયબર સેલના પી.આઈ. જયમીન ડોડિયા, ડાંગ એલ.સી.બી.ના પી.એસ.આઈ. જે. જી. અનડકટ તેમજ અમદાવાદ શહેરના એ.એસ.આઈ. ભાવેશકુમાર અને પો.કો. હાર્દિકસિંહનું વિશેષ એવોર્ડ આપી સન્માન કરાયું હતું. ડીજીપી ડૉ. કે. એલ. એન. રાવ અને DoTના એડિશનલ ડાયરેક્ટર જનરલ ગિરીશ કટારિયાની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં પોલીસ અને DoT વચ્ચેનું મજબૂત સંકલન નાગરિકોના કિંમતી મોબાઈલ પરત મેળવવા તેમજ સાયબર છેતરપિંડી રોકવામાં અત્યંત અસરકારક સાબિત થઈ રહ્યું હોવાનું દર્શાવાયું હતું.

આ સન્માન સમારોહમાં CID ક્રાઈમ અને રેલવેઝના ડીજીપી ડૉ. કે. એલ. એન. રાવ તેમજ DoT ગુજરાત LSAના એડિશનલ ડાયરેક્ટર જનરલ ગિરીશ કટારિયા ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પોલીસ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગ વચ્ચેના સંકલનથી મોબાઈલ ઉપકરણોના દુરુપયોગને અટકાવવા, ગુમ થયેલા મોબાઈલ ફોન શોધવા અને નાગરિકોને તેમના કિંમતી ઉપકરણો પરત અપાવવામાં મદદ મળી રહી છે. સાથે જ, મોબાઈલ ફોનના દુરુપયોગ સાથે સંકળાયેલી સાયબર છેતરપિંડીના બનાવોને નિયંત્રિત કરવામાં પણ આ વ્યવસ્થા ઉપયોગી સાબિત થઈ રહી છે.

**દમણગંગા ટાઇમ્સ**

**દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ.**

**- સંપાદક**

## વાપીના નવા ડામરરોડ પર પાણીનો છંટકાવ થતાં રસ્તો ખરાબ થવાની ભીતિ

### રસ્તો બનાવ્યાના ૨૪ કલાકમાં જ પાણી રેડાતાં કોન્ટ્રાક્ટરની કામગીરી પર જોખમ : બાંધકામ વિભાગ દ્વારા કાર્યવાહી કરવાની માંગ

(દમણગંગા ટાઈમ્સ)

**વાપી, તા. ૨૮ :** વાપી શહેરમાં મહાનગરપાલિકા દ્વારા રસ્તાઓના નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં મુખ્ય બજારમાં સરદાર ચોકથી હનુમાન મંદિર સર્કલ અને નેહરુ સ્ટ્રીટ સુધીના માર્ગનું નવું ડામરકામ ચાલી રહ્યું છે. જોકે, આ નવા બની રહેલા રસ્તા પર કેટલાક દુકાનદારો અને રસ્તાની બાજુમાં લારી લગાવીને ધંધો કરતા ફેરિયાઓ દ્વારા પાણી નાખવામાં આવતાં નવો ડામર રોડ ખરાબ થવાની શક્યતા ઊભી થઈ છે. વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં જૂના રસ્તાઓનું ખોદકામ કરીને નવા રસ્તા બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત વાપીના મુખ્ય બજારથી સરદાર



ચોક, હનુમાન મંદિર સર્કલ થઈ નેહરુ સ્ટ્રીટ સુધીના માર્ગને નવો બનાવવામાં આવી રહ્યો છે. આ માર્ગ પર બે લેયર બાદ સીલકોટ અને ત્યારબાદ ડામર પેન્ટ કરીને તેના ઉપર ઝીણી કપચીનો પાવડર નાખવામાં આવ્યો છે. હાલમાં વાહનોની અવરજવર દરમિયાન આ ઝીણી કપચી ઊડતી હોવાની સ્થિતિ જોવા મળી રહી છે. દરમિયાન, વાપીના દેસાઈવાડ તરફ જતા પોસ્ટ ઓફિસ સામેના માર્ગ પર કેટલાક દુકાનદારો તેમજ રસ્તાની બાજુમાં લારી લગાવીને ધંધો કરતા ફેરિયાઓ દ્વારા ધૂળ ઊડતી અટકાવવા માટે રસ્તા પર બેફામ પાણી નાખવામાં આવી રહ્યું છે. જોકે, રસ્તો નવો બન્યો હોવાથી આ રીતે પાણીનો વધુ પડતો છંટકાવ કરવામાં આવે તો ડામરના રસ્તાની ગુણવત્તા અને ટકાઉપણાને અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ અંગે રસ્તો બનાવવાની કામગીરી સાથે સંકળાયેલા કોન્ટ્રાક્ટરના જણાવ્યા મુજબ, નવા ડામર રોડ પર યોગ્ય રીતે તડકો લાગે તે જરૂરી છે. તેમ છતાં રસ્તો બન્યાના માત્ર ૨૪ કલાકમાં જ તેના પર મોટા પ્રમાણમાં પાણી નાખવામાં આવતાં રસ્તો વહેલો ખરાબ થવાની શક્યતા ઊભી થઈ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક લોકો અને રાહદારીઓ દ્વારા વાપી મહાનગરપાલિકાના બાંધકામ વિભાગ તથા જવાબદાર ઈજનેર તાત્કાલિક સ્થળ તપાસ કરે અને રસ્તા પર બેફામ પાણી નાખનારાઓ સામે યોગ્ય કાર્યવાહી કરે તેવી માગ કરવામાં આવી રહી છે. સાથે જ જાહેર નાણાંના ખર્ચે બની રહેલા નવા રસ્તાની ગુણવત્તા જળવાઈ રહે અને રસ્તો લાંબો સમય ટકે તે માટે તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## ખડકલા રોડના ડિવાઈડરમાં લગાવેલા વૃક્ષોનું બાળમરણ!





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપીના ખડકલા રોડ પર ડિવાઈડરમાં અગાઉ કરવામાં આવેલા વૃક્ષારોપણમાં મોટાભાગના વૃક્ષોનું બાળમરણ થતાં હવે મહાનગરપાલિકા દ્વારા ફરીથી નવાં વૃક્ષો લગાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જોકે, અગાઉ લગાવવામાં આવેલા મોટાભાગનાં વૃક્ષો સુકાઈ જતાં વૃક્ષારોપણની કામગીરી અને તેની જાળવણી સામે અનેક સવાલો ઊભા થયા છે. વાપી મહાનગરપાલિકા દ્વારા કુંભારવાડથી દેસાઈવાડ, આરી ફળિયા થઈ ખડકલા તરફ જતા માર્ગને પહોળો કરવામાં આવ્યો હતો. આ માર્ગ પર ડિવાઈડર બનાવવા ઉપરાંત સ્ટ્રીટ લાઈટની સુવિધા ઊભી કરવામાં આવી હતી અને રસ્તાની બંને બાજુએ ડ્રેનેજ લાઈન પણ બનાવવામાં આવી હતી. ત્યારબાદ ગત ચોમાસા પહેલાં માર્ગના ડિવાઈડરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

જોકે, આ વૃક્ષારોપણના થોડા જ સમયમાં ડિવાઈડરમાં લગાવવામાં આવેલાં લગભગ મોટાભાગના વૃક્ષો સુકાઈ જતાં તેનુ બાળમરણ થયું હોવાનું સામે આવ્યું છે. હવે આ જ ડિવાઈડરમાં ફરીથી નવાં વૃક્ષો લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. બીજી તરફ, અગાઉ લગાવવામાં આવેલાં આટલાં મોટાં પ્રમાણમાં વૃક્ષોનું બાળમરણ કયા કારણોસર થયું, વૃક્ષારોપણ વખતે યોગ્ય કાળજી રાખવામાં આવી હતી કે નહીં અને ત્યારબાદ વૃક્ષોની નિયમિત જાળવણી કરવામાં આવી હતી કે નહીં તેવા સવાલો વાપી પંથકમાં ચર્ચાઈ રહ્યા છે.

આ સમગ્ર મામલે વાપી મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે અને વૃક્ષારોપણની કામગીરીમાં બેદરકારી જણાય તો જવાબદાર એજન્સી સામે યોગ્ય પગલાં ભરવામાં આવે તેવી માગ ઊઠી રહી છે. સાથે જ નવાં વૃક્ષોનું ફરીથી બાળમરણ ન થાય તે માટે યોગ્ય જાળવણી અને દેખરેખ રાખવામાં આવે તેવી પણ લોકોની અપેક્ષા છે.

## ગણદેવી ભાટગામના નિવૃત શિક્ષકનો એથ્લેટિક્સમાં સુવર્ણ દેખાવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૮ :** મન હોય તો માળવે જવાય. આ કહેવતને ગણદેવી કાંઠા વિસ્તારના ભાટ ગામના વતની અને હાલ બીલીમોરાની મોહનપાર્ક સોસાયટીમાં રહેતા ૬૬ વર્ષીય નિવૃત્ત શિક્ષક લાલભાઈ રવજીભાઈ ટંડેલે સાબિત કરી બતાવી છે. તેમણે દર્શાવ્યું છે કે ઉંમર માત્ર એક આંકડો છે, અસલી શક્તિ તો સંકલ્પ અને સતત મહેનત છે. ગુજરાત રાજ્યની ૪૫મી માસ્ટર એથ્લેટિક્સ સ્પર્ધા રવિવારે દેવગઢ બારિયા ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં લાલભાઈએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. તેમણે લોંગ જમ્પમાં ગોલ્ડ મેડલ, ૧૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ અને ૫ હજાર મીટર ઝડપી ચાલ (વોક) સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યા હતા. આ ઉપરાંત, વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમિયાન રાજ્ય કક્ષાની જુદા જુદા




જિલ્લાઓમાં યોજાયેલી માસ્ટર એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં તેઓ કુલ ૧૧ મેડલ જીતી ચૂક્યા છે.તેમણે યુવા પેઢીને સંદેશ આપતાં જણાવ્યું હતું કે, અવિરત પ્રયત્નો દ્વારા કોઈપણ ઉંમરે સફળતા મેળવી શકાય છે અને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી. બીલીમોરા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજના આચાર્યા સીનલબેને પોતાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે નરેશભાઈ નેમાણી નાં પ્રમુખપણા હેઠળ એક રમત-ગમત માર્ગદર્શન બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં લાલભાઈ ટંડેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં કઈ રીતે સફળતા મેળવી શકાય અને આગામી ૨૦૩૬ના ઓલિમ્પિકમાં દેશના ખેલાડીઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરી વિશ્વસ્તરે ભારતનું નામ રોશન કરે તે માટે કઈ રીતે તૈયારી કરવી જોઈએ.૬૬ વર્ષની ઉંમરે પણ યુવાનોને શરમાવે તેવો તેમનો ઉત્સાહ અને તંદુરસ્તી જોઈ અનેક લોકોને પ્રેરણ

ા મળી રહી છે. તેમની આ ઝળહળતી સિદ્ધિ બદલ સમગ્ર જિલ્લાના શિક્ષકો, પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અજુવેન્દ્ર પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ કલ્પેશભાઈ ટંડેલ, બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ મનીષભાઈ પટેલ તથા સમગ્ર ભાટ ગામ અને માછી સમાજે તેમને અભિનંદન પાઠવી ગૌરવ અનુભવ્યું છે.

## રોહિણા પેટ્રોલપંપ પર કારમાં આગ લાગતાં દોડધામ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૮ :** પારડી તાલુકાના રોહિણા સ્થિત પેટ્રોલ પંપ પર પંચર કરાવવા આવેલી એક કારમાં અચાનક આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. પંપ જેવી અતિ સંવેદનશીલ જગ્યાએ બનેલી આ ઘટનાથી થોડીવાર માટે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો ત્યાં હાજર લોકોની સમયસૂચકતા ના કારણે એક અત્યંત ગંભીર હોનારત ટળી ગઈ હતી. કારચાલક પોતાની ગાડીનું પંચર કરાવવા માટે પારડીના રોહિણા ગામે ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પર આવ્યો હતો. દરમિયાન અચાનક કારમાંથી ધુમાડાના ગોટા નીકળવા લાગ્યા હતા.પંપ પર હાજર લોકોએ જોખમની ગંભીરતા પારખી આગ વધુ વિકરાળ બને તે પહેલાં જ સ્થાનિક લોકો અને પંપ સ્ટાફે જીવના જોખમે કારને ધક્કો મારીને પેટ્રોલ પંપના પરિસરથી સુરક્ષિત અંતરે બહાર ખસેડી દીધી હતી. ત્યારબાદ પંપ પર ઉપલબ્ધ અગ્નિશામક સાધનોનો તાત્કાલિક ઉપયોગ કરીને ગણતરીની મિનિટોમાં જ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. લોકોની સતર્કતાથી જાનહાનિ ટળતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

## વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય એકતા દિવસ અને કિસાન ઉત્સવ દિવસ ઉજવાશે

### પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલે વલસાડ ખાતે વલસાડ, પારડી અને ઉમરગામ તાલુકા નગરપાલિકામાં યોજાનારા કાર્યક્રમની સમીક્ષા કરી

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૮ :** દેશભરમાં ૩૦ મી એ કિસાન ઉત્સવ દિવસ અને ૩૧ ઓક્ટોબર રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણી થશે. આ કાર્યક્રમ સુચારૂ રીતે યોજાઇ અને લોકો ભાગીદાર બને તે માટે વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી અને આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે વલસાડ કલેક્ટરાલય ખાતે વલસાડ, પારડી અને ઉમરગામ તાલુકા અને નગરપાલિકાના ચૂંટાયેલી પાંખના પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

જીલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, વલસાડ ધારાસભ્ય ભરતભાઈ પટેલ, કલેક્ટર નિતિન સાંગવાન, જીલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં ગામના પ્રબુધ્ધ નાગરિકો, સફળ ખેડૂત, નિવૃત સૈનિક, મંદિરના પૂજારી, સહિતનું સન્માન તેમજ કાર્યક્રમના જીવંત પ્રસારણ માટે, અન્ય જરૂરી



વ્યવસ્થા, નોડલ અધિકારીઓની નિમણૂક સહિતની બાબતોની જાણકારી મંત્રીએ મેળવી હતી અને કાર્યક્રમો સારી રીતે થાય તે માટે માર્ગદર્શન પણ આપ્યું હતું. ૩૧ ઓક્ટોબર રાષ્ટ્રીય એકતા પર્વમાં જનજન જોડાઇ તેવા ભાવ સાથે વલસાડ જિલ્લાના તમામ ગામોમાં કાર્યક્રમો થશે. સાથે લોકો એકતાનગર ખાતેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ દરેક ગામમાં નિહાળી શકે તે માટે સ્થાનિક કક્ષાએ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવશે.

વલસાડ જિલ્લાના ૪૫૮ તમામ ગામોમાં એકતાની ભાવના સાથે કાર્યક્રમો થશે. સૌ પ્રથમ એકતા રેલી યોજાશે. સાંજે ૫-૦૦ વાગે શરૂ થનારા કાર્યક્રમમાં ગામના વિશિષ્ટ સિધ્ધી મેળવી હોય તેવા લોકોનું સન્માન પણ કરવામાં આવશે.

ત્યારબાદ વડાપ્રધાનનું સંબોધન સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું જીવન પ્રસારણ રાત્રિના ૮-૦૦ વાગ્યા સુધી નિહાળી શકાશે. આ કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ, ખેડૂતો, ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. ૩૦ મી એ કિસાન ઉત્સવ દિવસ ઉજવણી જીલ્લા પંચાયત બેઠક દીઠ બે કાર્યક્રમો થશે

બેઠકમાં જિલ્લા, તાલુકા પંચાયતના સભ્યો, નગરપાલિકાના સદસ્યો, સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દમણમાં ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સમાજનો શરદોત્સવ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** શ્રી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સમાજનો શરદોત્સવ તા. ૨૪ ઓક્ટોબરના રોજ નાની દમણ સ્થિત પટેલ સમાજની વાડી ખાતે યોજાયો હતો. દીપ પ્રાગટ્ય અને મંત્રોચ્ચાર સાથે શરૂ થયેલા કાર્યક્રમમાં સમાજના હોદ્દેદારો અને મહાનુભાવોએ સમાજની એકતા, યુવાધનને પ્રોત્સાહન તથા સંગઠન મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. સમાજના મંત્રી જ્યોતિન્દ્રભાઈ ઓઝાએ સ્વાગત પ્રવચન કર્યું હતું, જ્યારે ઉપ-મુખ રમેશભાઈ ઓઝાએ આગામી કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરી હતી. પ્રમુખ જવાહરભાઈ પાઠકે સમાજના સહયોગીઓનો આભાર વ્યક્ત કરી વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ વખત સમાજના સભ્યો એકત્રિત થાય તેવો અનુરોધ કર્યો હતો. મુખ્ય મહેમાન વિપુલભાઈ રમાકાંત ભટ્ટે પણ સમાજની પ્રગતિ માટે સહયોગ આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે રાકેશભાઈ પાઠક, કૌસ્તુભભાઈ જોષી, ડૉ. ઈશિતાબેન પંડ્યા અને ડૉ. કોમલબેન પાઠકનું શાલ અને સન્માનપત્ર આપી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧થી ગ્રેજ્યુએશન અને માસ્ટર્સ સુધીના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરસ્કાર તથા પ્રમાણપત્ર એનાયત કરાયાં હતાં. દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

મહિલાઓ માટે યોજાયેલી શેરી ગરબા સ્પર્ધામાં મુંબઈનું શ્રી ગરબા ગ્રુપ પ્રથમ, દમણનું રાસ રાણી ગરબા ગ્રુપ દ્વિતીય, પારડી ગ્રુપ તૃતીય અને કરમબેલે ગ્રુપ ચોથા ક્રમે રહ્યું હતું. સેલવાસ-નરોલી મહિલા મંડળ દ્વારા સમાજની વાડી માટે રૂ. ૧,૦૧,૧૨૧નું અનુદાન આપવામાં આવ્યું હતું.

અંતે સુભાષ પંડિત ઓર્કેસ્ટ્રાના સથવારે ગરબા અને સંગીત સંધ્યાનો સૌએ આનંદ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડિમ્પલબેન કાપડિયાએ કર્યું હતું.

## કવલ ખાંડાકુવામાં મેડિકલ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** લાયન્સ ક્લબ ઓફ વાપી સેન્ટ્રલ દ્વારા પ્રમુખ લાયન ગણેશકુમાર દેસાઈના નેતૃત્વ હેઠળ વાપીના કોપરલી સ્થિત કવલ ખાંડાકુવા ગામની પ્રાથમિક શાળામાં નિ:શુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વિવિધ રોગોના નિષ્ણાત તબીબોએ નિ:સ્વાર્થ ભાવે સેવા આપી આશરે ૧૫૦ ગ્રામજનોની આરોગ્ય તપાસ કરી જરૂરી તબીબી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કેમ્પમાં ન્યૂરોસર્જન ડૉ. રિતેશ પરમાર, ડૉ. રિહેન પટેલ હોમિયોપેથ ડૉ. પ્રથમેશ હાટકર, ડેન્ટિસ્ટ ડૉ. અલય દેસાઈ, પેથોલોજિસ્ટ હીનાબેન રામોલીયા અને આંખના નિષ્ણાત ડૉ. ચારુ ચૌહાણે સેવાઓ આપી હતી. આ દરમિયાન ગ્રામજનોની સામાન્ય આરોગ્ય તપાસ ઉપરાંત આંખ, થાઈરોઈડ અને ડાયાબિટીસની તપાસ કરવામાં આવી હતી. જરૂરિયાતમંદોને ૮૦ ડેન્ટલ કિટ અને ૩૫ ચશ્માનું નિ:શુલ્ક વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કેમ્પને સફળ બનાવવા પ્રોજેક્ટ ચેરમેન લાયન નવીનભાઈ ધરસંડિયા, સેક્રેટરી લાયન શ્રીનિવાસલુ મિટ્ટા, ખજાનચી સીએ લાયન સુમિત દોશી સહિત લાયન સભ્યો રુચિ દેસાઈ, તરુણસિંહ ડોડીયા, રાજેશ પટેલ, રીટાબેન પટેલ, સુહાસ ચૌધરી, ધર્મેશ કાપડિયા, રાજેશ પંચાલ અને હર્ષવર્ધન ભટ્ટે જહેમત ઉઠાવી હતી. કેમ્પના આયોજનમાં ગામના સરપંચ મનોજભાઈ, શાળાનાં આચાર્યા અનિતાબેન અને વિદ્યાર્થીનીઓએ સહયોગ આપ્યો હતો. તબીબોની નિ:સ્વાર્થ સેવા, સુવ્યવસ્થિત આયોજન અને ગ્રામજનોને મળેલી આરોગ્યસુવિધાને ઉપસ્થિતોએ બિરદાવી હતી.

લાયન્સ ક્લબ ઓફ વાપી સેન્ટ્રલ દ્વારા આયોજિત આ પ્રકારના સેવાકીય કાર્યક્રમો થકી ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ લોકો સુધી નિ:શુલ્ક આરોગ્યસેવાઓ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

## ઓડિશાના પ્રબુદ્ધ નાગરિકોએ દાંડી સ્મારકની મુલાકાત લીધી

**નવસારી, તા.૨૮ :** ગુજરાત ટુરિઝમના ઉપક્રમે રાષ્ટ્રીય એકતા યાત્રાના પરિપેક્ષમાં ઓડિશાના કાલાહાંડી, રાયગોડા, બલાંગીર અને નુવાપુરા જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો તા.૨૬ થી ૩૧ ઓક્ટોબર સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતના પ્રવાસન સ્થળોની મુલાકાતે છે. આજે ત્રીજા દિવસે ભારતના સ્વતંત્રતા સંગ્રામના અમર પ્રતિક સમાન ઐતિહાસિક ભૂમિ દાંડી ખાતે ભાવસભર મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન પ્રવાસીઓએ દાંડી બીચ, ઐતિહાસિક સૈફી વિલા, પ્રાર્થના મંદિર, કિર્તી સ્તંભ તેમજ રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારકની મુલાકાત લઈને મહાત્મા ગાંધીજીની સ્મૃતિઓને નમન કર્યા હતા.

મુલાકાતીઓએ ૧૯૩૦ની ઐતિહાસિક દાંડી યાત્રા દરમિયાન ગાંધીજીએ જ્યાં રોકાણ કર્યું હતું તે સૈફી વિલા ખાતે પહોંચી સત્યાગ્રહના ઈતિહાસ વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી. ત્યારબાદ તમામ નાગરિકોએ દાંડી દરિયાકિનારે જઈને જ્યાં ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કર્યો હતો તે સ્થાનના દર્શન કર્યા હતા.

રાષ્ટ્રીય નમક સત્યાગ્રહ સ્મારક ખાતે સ્થપાયેલી ગાંધીજી અને તેમના ૭૯ સાથી સત્યાગ્રહીઓની કાંસાની પ્રતિમાઓ, ભીંતચિત્રો અને ડિજિટલ પ્રદર્શન જોઈને ઓડિશાના પ્રવાસીઓ ભાવવિભોર બન્યા હતા.

ઓડિસાના નાગરિકોએ જણાવ્યું હતું કે, દાંડીની આ પવિત્ર ભૂમિ પર આવીને આપણને દેશભક્તિ અને અહિંસાના વિચારોની સતત પ્રેરણા મળે છે.

ભારતની આઝાદીની ચળવળમાં



આ સ્થાનનું યોગદાન અનન્ય રહ્યું છે.

આ પ્રવાસનો મુખ્ય હેતુ દેશના વિવિધ રાજ્યોના નાગરિકો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન વધારવા અને દેશના સ્વતંત્રતા સંગ્રામના ઐતિહાસિક વારસાથી લોકોને પરિચિત કરાવવાનો હતો.

મુલાકાત દરમિયાન સ્થાનિક તંત્ર અને માર્ગદર્શકો દ્વારા પ્રવાસીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## ચણોદમાં રોંગ સાઈડથી આવતી કારની ટક્કરે દંપતી ઘાયલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૮ :** વાપીના ચણોદ લેકવ્યુ બંગલોમાં રહેતા દેવેનભાઈ અને તેમની પત્ની ડિમ્પલબેન સોમવારે રાત્રે જમી પરવારીને એક્ટિવા પર ડુંગરા તરફ સોડા પીવા નીકળ્યા હતા.

રાત્રે નવાબ ધાબા નજીક તેમની એક્ટિવા સામેથી રોંગ સાઈડમાં આવતી અર્ટિગા કાર નં. GJ-15-CS-1460 એ જોરથી ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે દંપતી રસ્તા પર પટકાયા હતા.

અકસ્માતમાં બંનેને શરીરે ઈજાઓ પહોંચી હતી. બનાવ બનતા જ કાર ચાલક ગાડી લઈને સ્થળેથી નાસી છૂટ્યો હતો.

આસપાસ હાજર એક રિક્ષા ચાલક તાત્કાલિક મદદે દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્ત દંપતીને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા.

બનાવની જાણ વાપી ટ્રાફિક પોલીસ મથકમાં કરવામાં આવી છે. પોલીસે કાર ચાલકની શોધખોળ શરૂ કરી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરી રહી છે.

## નવસારીમાં સરસ મેળોનું ઉદ્દઘાટન

**નવસારી, તા.૨૮ :** રાજ્યના આદિજાતિ વિકાસ અને કુટિરઉદ્યોગમંત્રી નરેશભાઈ પટેલના હસ્તે નવસારીના શિરવાઈ પાર્ટી પ્લોટ ખાતે તા.૨૮ ઓક્ટોબરથી તા.૪ નવેમ્બર સુધી ચાલનારા 'સરસ મેળો-૨૦૨૬'ને ખુલ્લો મુકાયો હતો. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. દ્વારા આયોજીત આ મેળામાં સખીમંડળોની બહેનો દ્વારા ઉત્પાદિત વિવિધ ગ્રામ્ય ઉત્પાદનોના -પ્રદર્શન અને વેચાણ માટે કુલ, ૪૫ સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ૩૫ક્રાફ્ટ સ્ટોલ અને ૧૦ ફૂડ સ્ટોલનો સમાવેશ થાય છે. મેળામાં નવસારીવાસીઓને મહત્તમ ખરીદી કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

મેળામાં સખીમંડળોની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલી હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, ખાદ્ય ચીજવસ્તુઓ, દીવાઓ, દિવાળી સજાવટની વસ્તુઓ, રંગોળી સામગ્રી, ગિફ્ટ પેક સહિતની વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે. આ પહેલનો મુખ્ય હેતુ મહિલાઓને બજારની વધુ તકો પૂરી પાડવાની સાથે તેમના ઉત્પાદનોના વેચાણમાં વધારો કરીને આવકના સાધનોને સુદ્રઢ બનાવવાનો છે.

આ અવસરે નવસારી જિલ્લાના સખીમંડળોના જૂથોને CIF સ્ટાર્ટઅપ ફંડ, SHG સ્ટાર્ટઅપ ફંડ, રિવોલ્વિંગ



ફંડ અને કેશ ક્રેડિટ લોનની સહાયનું મંત્રી તથા મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું. આર્થિક સહાય અને વેચાણ માટેના પ્લેટફોર્મ થકી ગ્રામ્ય મહિલાઓને આર્થિક રીતે સશક્ત, સ્વાવલંબી અને આત્મનિર્ભર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 29, October 2026


## આગ ઓલવાતી નથી

કોઈ ઘટનાનો વિરોધ, કોઈ મુદ્દા સામે ધરણા એક કે બે દિવસ ચાલે તો તેને આંદોલન કહી શકાય, પરંતુ તેની અવધિ લંબાય તો તે ક્રાંતિમાં પરિવર્તિત થઈ શકે. ફ્રાન્સમાં આંદોલનની આગ હવે ક્રાંતિના દાવાનળ તરફ આગળ વધી રહી છે. કોણ સાચું, કોણ ખોટું તે મુદ્દો પછીનો છે, પરંતુ લાંબા સમયથી યુવાનો અને પ્રશાસન-શાસન વચ્ચે ઘર્ષણ છે. કોઈ એક સમૂહ, કોઈ એક પક્ષ, એક સંગઠન જ્યારે લડાઈ માંડે ત્યારે તે વૈચારિક વિરોધ કે રાજકીય લડત હોઈ શકે, પરંતુ લાખો લોકો રસ્તા ઉપર આવે તે તો સત્તા સામેની સીધી નારાજગી જ કહી શકાય અને એવું ફ્રાન્સમાં થઈ રહ્યું છે. યુરોપના ઘણા દેશમાં આ સ્થિતિ છે, ફ્રાન્સ સૌથી વધારે જલદ ઘટનાનો સામનો કરી રહ્યું છે. ટ્રેડ યુનિયનના દાવા અનુસાર આઠ લાખ લોકો વિરોધ પ્રદર્શન માટે રસ્તા ઉપર ઊતર્યા છે. આગચંપીની ઘટનાઓ સતત બની રહી છે અને કારણ છે મોંઘવારીની સામે પ્રજાનો પ્રચંડ વિરોધ. શાળાઓની ખરાબ સ્થિતિ, મોંઘવારી સામે રોષ છે. ૧૦૦૦ જેટલા લોકોની ધરપકડ પછી પણ સ્થિતિ દરરોજ વણસી રહી છે. પોલીસની સામે પણ ફટાકડાના ઘા થઈ રહ્યા છે. સરકાર દ્વારા આંદોલનકારીઓ અને આંદોલનના કારણોની સતત થયેલી ઉપેક્ષાનું આ પરિણામ છે. કોઈ સમસ્યાનો ઉકેલ લાંબા સમય સુધી ન આવે તો આ સ્થિતિ કોઈ પણ સ્થળે થઈ શકે. લોભામણી વાતો જનતા લાંબો સમય ચલાવી ન લે. ભારતમાં યુવાનો આંદોલન કરી રહ્યા છે, તેમાં આટલી આક્રમકતા નથી, દેશને, પ્રજાની મિલકતને અને સમાજની શાંતિને નુકસાન થાય તેવું આંદોલન હોવું પણ ન જોઈએ. આંદોલન-દેખાવો ઉપર નિયંત્રણની ચર્ચા થઈ રહી છે અને આ સુધારા તો ૧૯૫૦ના દાયકામાં થયા હતા તેવી પણ વાત છે. કાયદો સર્વોપરિ છે અને તેનું માન જાળવવું જ જોઈએ. ભારતમાં થયેલા આંદોલનમાં સંયમ ગુમાવાયાની ઘટના તાજેતરમાં નથી બની તે સારી વાત છે. ફ્રાન્સમાં થયું તે અન્યત્ર પણ થાય તેવું ન હોય. યુવાનો આક્રમક અને વધારે ઉગ્ર બને તે પૂર્વે ફ્રાન્સની સરકારે તેમને સાંભળી લીધા હોત તો એફિલ ટાવરની આસપાસ આજે ધુમાડા ન દેખાયા હોત. પેરિસ ઉપરાંત ફ્રાન્સના લિયોન, લીલ, મોન્ટપેલિયર પંથકમાં પણ દેખાવો થયા છે. પોલીસે ત્યાં પણ અશ્રુવાયુ છોડયો. આટલી હદે વ્યાપેલો રોષ સાવ રાજકીય કે ઉદ્દંડ લોકોનો હોવાની સંભાવના નથી. આ પ્રજાનો જ રોષ છે. ફ્રાન્સની સરકાર લોકોનો રોષ

દમણગંગા ટાઇમ્સ

NEWS CORPORATE NEWS

## ગોદરેજ કેપિટલે ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસિંગ ફાઇનાન્સમાં તેની ઉપસ્થિતિ મજબૂત

સુરત, તા. ૨૮ : ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપની ફાઇનાન્સિયલ સર્વિસિસ શાખા ગોદરેજ કેપિટલે તેની પેટા કંપની ગોદરેજ હાઉસિંગ ફાઇનાન્સ દ્વારા વાપી અને અંકલેશ્વરમાં વિસ્તરણ કરીને ગુજરાતમાં એફોર્ડેબલ હાઉસિંગ ફાઇનાન્સમાં તેની ઉપસ્થિતિને મજબૂત કરી છે. વડોદરા, ગાંધીનગર, ચાંદખેડા, જૂનાગઢ, બોટાદ, રાજકોટ, હિંમતનગર, ગાંધીધામ સહિતના શહેરોમાં તેની સેવા વધારી

આ વિસ્તરણ અંગે પ્રતિક્રિયા આપતાં ગોદરેજ હાઉસિંગ ફાઇનાન્સના એમડી અને સીઈઓ મેહરનોશ ટાટાએ કહ્યું હતું કે, અમે સમગ્ર ગુજરાતમાં હાઉસિંગ ફાઇનાન્સની માગમાં વૃદ્ધિ જોઇ રહ્યાં છીએ અને વિશેષ કરીને એવાં માર્કેટ્સમાં કે જ્યાં આવકમાં વધારો અને એફોર્ડેબિલિટીમાં સુધારાથી વધુ પરિવારો ઘરખરીદવા નેત્સાહિત થઇ રહ્યાં છે.

તેની ઈકોસિસ્ટમ સંચાલિત રણનીતિના ભાગરૂપે કંપની ઉભરતાં માઇક્રો-માર્કેટ્સ સુધી પહોંચવા ૪,૦૦૦થી વધુ લોકલ કનેક્ટર્સ, ડેવલપર્સ અને ચેનલ પાર્ટનર્સ સાથે વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરી રહી છે. અંકલેશ્વર અન

વાપી દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર (ડીએમઆઈસી) સાથે તેમના વ્યૂહાત્મક સ્થાન તેમજ એશિયાના સૌથી મોટા ઔદ્યોગિક વસાહતોમાં સ્થાન હોવાને કારણે મુખ્ય ઈન્ડસ્ટ્રીયલ અને રેસિડેન્શિયલ કેન્દ્ર તરીકે ઝડપથી ઉભરી રહ્યા છે.

## હરદીપ સિંહ પૂરી મધ્યપ્રદેશથી રાજ્યસભા ચૂંટણી લડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૮ : કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીને ભાજપે મધ્ય પ્રદેશથી રાજ્યસભાના ઉમેદવાર બનાવ્યા છે. એટલે કે તેઓ મંત્રી બન્યા રહેશે. તેમની રાજ્યસભાનો વર્તમાન કાર્યકાળ ૨૫ નવેમ્બરે પૂરો થઈ રહ્યો છે. આ પહેલા બુધવારે (૨૮ ઓક્ટોબર) ભાજપે તેમને એલ મુરુગનના રાજીનામા પછી ખાલી પડેલી સીટ પરથી ટિકિટ આપવાની જાહેરાત કરી.

એલ મુરુગનના રાજીનામા પછી ખાલી પડેલી સીટ પરથી તેઓ રાજ્યસભા જશે. ચૂંટણી પંચે (ECI) ગુરુવારે (૨૨ ઓક્ટોબર) મધ્ય પ્રદેશમાં રાજ્યસભા ચૂંટણીની જાહેરાત કરી હતી. અહીં ૧૨ નવેમ્બરે વોટ નાખવામાં આવશે. હરદીપ પુરી મોદી સરકારમાં વર્ષ ૨૦૨૧ થી પેટ્રોલિયમ મંત્રી છે. તેઓ શહેરી વિકાસ મંત્રી પણ રહી ચૂક્યા છે. IFS અધિકારી રહેલા હરદીપ પુરી જાન્યુઆરી ૨૦૧૪ માં ભાજપમાં સામેલ થયા હતા.

ડૉ. એલ. મુરુગને ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ પોતાના કેન્દ્રીય મંત્રીપરિષદ અને રાજ્યસભાની સદસ્યતા પરથી રાજીનામું આપી દીધું છે. ત્યારબાદ આ સીટ ખાલી થઈ હતી. ભારત ચૂંટણી પંચે ૨૨ ઓક્ટોબરે ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો હતો. આ સીટ પર ૧૨ નવેમ્બરે મતદાન થશે. આ જ દિવસે સાંજે ૫ વાગ્યે મતગણતરી કરવામાં આવશે.

૨૩૦ સભ્યો વાળી વિધાનસભામાં એક સીટ જીતવા માટે ૧૧૬ મતોનો કોટા છે, મધ્ય પ્રદેશ વિધાનસભામાં કુલ ૨૩૦ સભ્યો છે. જો તમામ ધારાસભ્યો મતદાન કરે અને કોઈ મત અમાન્ય ન ઠરે, તો એક રાજ્યસભા સીટની ચૂંટણીમાં જીત માટે જરૂરી મતોનો કોટા ૧૧૬ થશે.

હરદીપ સિંહ પુરી ભારતીય રાજકારણમાં એક જાણીતું નામ છે. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત ઈન્ડિયન ફોરેન સર્વિસ (IFS) માં અધિકારી તરીકે કરી હતી અને ત્યારબાદ તેઓ રાજકારણમાં આવ્યા.

તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને વિવિધ મહત્વપૂર્ણ રાજદ્વારી જવાબદારીઓ સંભાળી છે.

## ઓડિશા-આંધ્રપ્રદેશમાં અર્નબનો કહેર

### કાકીનાડા નજીક લેન્ડફોલ બાદ અનેક જિલ્લાઓમાં જળબંબાકાર, ૮૪ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા



(સંપૂર્ણ સમાચાર સેવા)

વિશાખાપટ્ટનમ, તા.૨૮

ભયાનક વાવાઝોડું અર્નબ આખરે ભારતના બે મોટા રાજ્યોના દરિયાકાંઠે લેન્ડફોલ કરી ગયું. મંગળવારે મોડી રાતે દોઢ વાગ્યાની આસપાસ આ વાવાઝોડું ત્રાટકતાં ૧૫૦ કિ.મી.ની ઝડપે તોફાની પવન સાથે ભારે વરસાદ ખાબક્યો હતો. ભારતીય હવામાન વિભગના અહેવાલ અનુસાર અનેક રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે.ચક્રવાત 'અર્નબ' ના કારણે વિશાખાપટ્ટનમના આર.કે. બીચ પર ભયાનક મોજાં અને ઝડપી પવનો જોવા મળી રહ્યા છે. વાવાઝોડાના કારણે અનકાપલ્લી, કાકીનાડા, કોનસીમા, પૂર્વ ગોદાવરી અને પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં ૧૦૦ મિલીમીટરથી વધુ ભારે વરસાદ નોંધાયો છે. વિશાખાપટ્ટનમમાં સેંકડો વૃક્ષો અને વીજળીના થાંભલા ધરાશાયી થતાં માર્ગ વ્યવહાર ખોરવાયો છે. અનેક ઘરોની દીવાલો અને છતોને ભારે નુકસાન પહોંચ્યું છે.ભારતીય મોસમ વિભાગ ના તાજેતરના બુલેટિન મુજબ, 'અર્નબ' વાવાઝોડું અપેક્ષા કરતાં વધુ ઝડપથી પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીમાંથી આગળ વધીને આંધ્રના તટ પર ત્રાટક્યું હતું. લૅન્ડફોલની પ્રક્રિયા ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ની વહેલી સવારે આશરે ૦૧:૨૦ વાગ્યે બાપટલાથી વિશાખાપટ્ટનમ વચ્ચે સ્થિત યનમ દક્ષિણે કાકીનાડા નજીક શરૂ થઈ ગઈ હતી.પવનની ગતિ: લૅન્ડફોલ સમયે પવનની સતત ઝડપ ૧૨૫થી ૧૩૫ કિમી/કલાક રહી હતી, જે એક ઝટકામાં ૧૫૦ કિમી/કલાક ની ભયાનક સપાટીએ પહોંચી ગઈ હતી.ઉંચા મોજાં: દરિયામાં ૧.૫ થી ૨.૫ મીટર સુધીની તીવ્ર તુફાની લહેરો ઉછળી રહી છે, જ્યારે ગોદાવરી નદીના મુખ પાસે ૨ થી ૩.૫ મીટર ઉંચા મોજાં ઉછળવાની ભીતિ છે.ઓડિશામાં અસર: આંધ્ર પ્રદેશ ઉપરાંત દક્ષિણ ઓડિશાના તટીય જિલ્લાઓમાં પણ ભારે પવન સાથે ભયાનક વરસાદ ચાલુ છે.સ્થાનિક તંત્ર અને પ્રશાસન દ્વારા તટીય વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૮૪૦૦૦ થી વધુ લોકોને સુરક્ષિત રીતે ખસેડીને રેસ્ક્યૂ શેલ્ટરમાં રાખવામાં આવ્યા હતા. લૅન્ડફોલની પ્રક્રિયા કલાકો સુધી ચાલુ રહેવાની શક્યતા હોવાથી કાકીનાડા, યનમ અને નરસપુર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં લોકોને ઘરોમાં જ રહેવાની સૂચના આપવામાં આવી હતી.

### MLCની ૧૨ બેઠકોમાંથી એકેય ન મળી

## ચાર રાજ્યોની વિધાન પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસને મોટો રાજકીય ફટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૮:ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાન પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસને મોટો રાજકીય ફટકો પડ્યો છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને બિહારની કુલ ૨૮ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે ૧૨ બેઠકો પર ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા.

અહેવાલ મુજબ, કોંગ્રેસને અત્યાર સુધી એકેય બેઠક મળી નથી. ખાસ કરીને કર્ણાટકમાં સત્તામાં હોવા છતાં પક્ષને ચારેય બેઠકો પર હારનો સામનો કરવો પડ્યો છે.

કોંગ્રેસ લાંબા સમયથી દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ બેલેટ પેપરથી યોજવાની માગ કરી રહી છે. ત્યારે બેલેટ પેપરથી યોજાયેલી આ ચૂંટણીમાં પણ પક્ષને સફળતા ન મળતાં રાજકીય ચર્ચા તેજ બની છે. ભાજપે પણ આ પરિણામોને લઈને કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે.

કર્ણાટક વિધાન પરિષદની ચારેય બેઠકોનાં પરિણામ જાહેર થઈ ગયાં છે. ભાજપ અને જનતા દળ (સેક્યુલર) એટલે કે JD(S)ના NDA ગઠબંધને ચારેય બેઠકો જીતીને કોંગ્રેસને મોટો ઝટકો આપ્યો છે. આ બેઠકો સ્નાતક અને શિક્ષક મતવિસ્તારોની હતી.

ઉત્તર-પૂર્વ શિક્ષક મતવિસ્તારમાં કોંગ્રેસને સૌથી મોટો પરાજય સહન કરવો પડ્યો. આ મતવિસ્તારમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ગૃહ જિલ્લા કલબુર્ગીનો પણ સમાવેશ થાય છે. ભાજપના વર્તમાન વિધાન પરિષદ સભ્ય શશિલ જી. નમોશીએ કોંગ્રેસના ઉમેદવાર શરણપ્પા મત્તૂરને ૩,૨૯૭ મતથી હરાવ્યા હતા.

બિહારમાં કોંગ્રેસે પાંચ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા હતા, પરંતુ પક્ષને એકેય બેઠક મળી ન હોવાનું અહેવાલમાં જણાવાયું છે. આમ, બિહારમાં પણ કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે.

મહારાષ્ટ્રમાં કોંગ્રેસે ત્રણ બેઠકો પર ચૂંટણી લડી હતી. અહેવાલ લખાયો ત્યારે ત્રણેય બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો પાછળ ચાલી રહ્યા હતા અને મતગણતરી ચાલુ હતી. તેથી મહારાષ્ટ્રની બેઠકો અંગે અંતિમ પરિણામની પુષ્ટિ થવી બાકી હતી.

કોંગ્રેસની હારને લઈને ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ પણ નિશાન સાધ્યું હતું. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે ૨૮ MLC બેઠકોની ચૂંટણી બેલેટ પેપરથી યોજાઈ હોવા છતાં રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ કોંગ્રેસને એકેય બેઠક મળી નથી.

આ પરિણામો બાદ કોંગ્રેસની ચૂંટણીલક્ષી વ્યૂહરચના અને વિવિધ રાજ્યોમાં પક્ષના સંગઠન અંગે રાજકીય ચર્ચા તેજ થવાની શક્યતા છે.

## બેલેટ પેપરથી ચૂંટણી થઈ તો કોંગ્રેસ કેટલી બેઠકો જીતી? : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૮ :ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાન પરિષદ (MLC) ચૂંટણીના પરિણામો સામે આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર અને કર્ણાટકની કુલ ૨૮ બેઠકો પર યોજાયેલી આ ચૂંટણીમાં કોંગ્રેસ એક પણ બેઠક જીતી શકી નથી. ખાસ વાત એ છે કે આ ચૂંટણી બેલેટ પેપર દ્વારા યોજાઈ હતી, જેને લઈને પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ મૂકીને કોંગ્રેસના પ્રદર્શન પર કટાક્ષ કર્યો છે.



આ ચૂંટણીમાં ઉત્તર પ્રદેશની ૧૧, બિહારની ૮, મહારાષ્ટ્રની ૫ અને કર્ણાટકની ૪ વિધાન પરિષદ બેઠકોનો સમાવેશ થાય છે. આ તમામ બેઠકો માટે મતદાન ૨૩ ઓક્ટોબરના રોજ થયું હતું અને મતગણતરી ૨૭ ઓક્ટોબરથી શરૂ કરવામાં આવી હતી. આ ચૂંટણીઓ મુખ્યત્વે શિક્ષક અને સ્નાતક મતવિસ્તારો માટે યોજાઈ હતી, જેમાં સામાન્ય જનતાને બદલે માત્ર સંબંધિત ક્ષેત્રના નોંધાયેલા મતદારો જ મતદાન કરે છે.

કર્ણાટકની તમામ ૪ બેઠકો પર ભાજપ અને JDS ગઠબંધને ક્લીન સ્વીપ કરીને ભવ્ય જીત નોંધાવી છે. ભાજપે પોતાની ૩ બેઠકો જાળવી રાખી છે, જ્યારે જેડીએસે બેંગલુરુ શિક્ષક બેઠક કોંગ્રેસ પાસેથી આંચકી લીધી છે. કર્ણાટકમાં હાલ કોંગ્રેસની પોતાની સરકાર હોવા છતાં તેને એક પણ બેઠક મળી નથી.

ઉત્તર પ્રદેશની ૧૧ બેઠકો પર મુખ્ય મુકાબલો ભાજપ અને સમાજવાદી પાર્ટી વચ્ચે જોવા મળ્યો હતો. અત્યાર સુધીના પરિણામો અનુસાર ભાજપે ૪ બેઠકો અને સપાએ ૨ બેઠકો પર વિજય મેળવ્યો છે, જ્યારે બાકીની બેઠકો પર હજુ પણ મતગણતરીની પ્રક્રિયા ચાલી રહી છે.

વિપક્ષ દ્વારા લાંબા સમયથી EVMની વિશ્વસનીયતા પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે,

તેવા સમયે જ પીએમ મોદીનું આ નિવેદન સામે આવ્યું છે. બેલેટ પેપરથી થયેલી ચૂંટણીમાં પણ કોંગ્રેસ ખાતું ખોલાવી ન શકતાં હવે ફરી એકવાર EVM અને બેલેટ પેપર અંગે દેશભરમાં નવો રાજકીય ગરમાવો આવી ગયો છે.

## ઈમાનદારીથી ચૂંટણી થશે તો જ પરિણામ સ્વીકારીશ: ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૨૮

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આગામી મિડટર્મ ચૂંટણીનાં પરિણામો સ્વીકારવા અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે જો ચૂંટણી ઈમાનદારીથી યોજાશે તો તેઓ પરિણામોનું સન્માન કરશે. ૩ નવેમ્બરે યોજાનારી મધ્યસત્ર ચૂંટણી પહેલાં ટ્રમ્પના આ નિવેદનથી અમેરિકાનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. આ ચૂંટણીમાં કોંગ્રેસનાં બંને ગૃહોમાં કઈ પાર્ટીનું નિયંત્રણ રહેશે તે નક્કી થાશે. મતદાર માહિતીમંગળવારે, ૨૭ ઑક્ટોબરે ટેક્સાસના ચૂંટણી પ્રચાર માટે રવાના થતાં પહેલાં એરફોર્સ વન વિમાનમાં ટ્રમ્પે પત્રકારો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું



હતું કે જો ચૂંટણી ઈમાનદારીથી યોજાશે તો તેઓ મિડટર્મ ચૂંટણીનાં પરિણામો સ્વીકારશે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે રિપબ્લિકન પાર્ટી અનેક રાજ્યોમાં ચૂંટણીના પડકારોનો સામનો કરી રહી છે. પાર્ટીના કેટલાક વ્યૂહરચનાકારોને પણ વિવિધ રાજ્યોમાં ઉમેદવારોની જીતની સંભાવનાઓ અંગે ચિંતા છે.ટ્રમ્પ ટેક્સાસમાં રિપબ્લિકન ઉમેદવાર કેન પેક્સ્ટનના સમર્થનમાં ચૂંટણી પ્રચાર કરવા પહોંચ્યા છે. અમેરિકાની સેનેટ બેઠક માટે પેક્સ્ટનની સામે ડેમોક્રેટિક પાર્ટીના જેમ્સ ટાલારિકો સાથે છે. ટ્રમ્પે રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા રાજ્યોમાં પ્રચાર તેજ કર્યો છે.

બીજી તરફ, રિપબ્લિકન વ્યૂહરચનાકારો અલાસ્કાથી લઈને સાઉથ કેરોલિના સુધીનાં વિવિધ ચૂંટણી જંગ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. તેમના મતે, ટ્રમ્પની ટેરિફ નીતિઓ અને ઈરાન સાથેના યુદ્ધને કારણે મોંઘવારી પર પડેલી અસર મતદારોમાં અસંતોષ વધારી શકે છે.

તેની અસર ચૂંટણીનાં પરિણામો પર પડવાની શક્યતા છે.

## ભારત અને મેક્સિકો વચ્ચે વેપાર કરારની વાટાઘાટો શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૮ : ભારતે આંતરરાષ્ટ્રીય વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે. ભારત અને મેક્સિકો વચ્ચે પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ (PTA) માટે વાટાઘાટો શરૂ થઈ છે. બંને દેશોએ આ વેપાર કરાર અંગેની ચર્ચા આગળ વધારવા માટે ટર્મ્સ ઑફ રેફરન્સ (ToR) પર હસ્તાક્ષર કર્યા છે. આ સંભવિત કરારથી દ્વિપક્ષીય વેપાર અને રોકાણને વેગ મળવાની સાથે ભારતીય ઉદ્યોગો માટે મેક્સિકોના બજારમાં નવી તકો ઊભી થઈ શકે છે.



ભારત અને મેક્સિકો પોતાના આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માગે છે. પ્રસ્તાવિત પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ બંને દેશો વચ્ચે પસંદગીની વસ્તુઓ પર વેપારની શરતો વધુ અનુકૂળ બનાવવાની દિશામાં ચર્ચા થશે.

આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે માલસામાનની હેરફેર સરળ બનાવવાનો, વેપાર સંબંધિત અવરોધો ઘટાડવાનો અને વ્યવસાયોને નવી તકો પૂરી પાડવાનો છે. જોકે, હાલ વાટાઘાટો પ્રારંભિક તબક્કામાં છે અને કરારની અંતિમ શરતો હજી નક્કી થઈ નથી.ભારત અને મેક્સિકો વચ્ચેના પ્રસ્તાવિત વેપાર કરારમાં અનેક મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી શકે છે.

## રશિયા-યુક્રેન વચ્ચે સીઝફાયર અમલમાં

### મેલાનિયા ટ્રમ્પની મધ્યસ્થીથી માનવતાવાદી રાહતનો માર્ગ ખૂલ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૨૮ : રશિયા અને યુક્રેન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધ દરમિયાન રાહતના સમાચાર સામે આવ્યા છે. યુક્રેનના દક્ષિણ ભાગમાં આવેલા ખેરસોન ક્ષેત્રના ઓલેશ્કી શહેરમાં ૨૭ ઓક્ટોબરથી સ્થાનિક સ્તરે કામચલાઉ સીઝફાયર અમલમાં આવ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનાં પત્ની અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ અંગે જાણકારી આપી હતી.

તેમના જણાવ્યા અનુસાર, સીઝફાયરનો વિસ્તાર ઓલેશ્કીથી આગળ વધારીને ખેરસોન ક્ષેત્રના અન્ય વિસ્તારો સુધી વિસ્તૃત કરવામાં આવ્યો છે.વ્હાઈટ હાઉસે અગાઉ જાહેરાત કરી હતી કે મેલાનિયા ટ્રમ્પની મધ્યસ્થીથી રશિયા અને યુક્રેન વચ્ચે ઓલેશ્કી શહેર માટે કામચલાઉ સીઝફાયર અંગે સમજૂતી થઈ છે. શરૂઆતમાં આ સમજૂતી ૨૯ ઓક્ટોબરથી અમલમાં આવવાની હતી, પરંતુ નાગરિકોની સુરક્ષા અને માનવતાવાદી સહાય ઝડપથી પહોંચાડી શકાય તે માટે તેને બે દિવસ વહેલી અમલમાં મૂકવામાં આવી હતી.આ સમજૂતીનો મુખ્ય હેતુ યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં રાહત સામગ્રી પહોંચાડવાનો અને ત્યાં ફસાયેલા નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવાનો છે. આ માટે બંને દેશો વચ્ચે નિર્ધારિત સુરક્ષિત માર્ગો અને માનવતાવાદી સહાયની વ્યવસ્થા અંગે સંકલન કરવામાં આવ્યું છે.યુક્રેનના ખેરસોન ક્ષેત્રમાં આવેલું ઓલેશ્કી શહેર રશિયાના નિયંત્રણ હેઠળ છે. યુદ્ધ અને સતત હુમલાઓને કારણે અહીંના નાગરિકો માટે ખોરાક, દવાઓ અને સ્વચ્છ પાણી મેળવવું મુશ્કેલ બન્યું છે. અહેવાલો અનુસાર, શહેરમાં અંદાજે ૧,૭૦૦થી ૨,૦૦૦ લોકો હજુ પણ ફસાયેલા છે.

તેમાં મોટી સંખ્યામાં વૃદ્ધોનો સમાવેશ થાય છે. સીઝફાયરથી રાહત સામગ્રી પહોંચાડવા અને શહેર છોડવા ઈચ્છતા નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી સરળ બનવાની આશા છે. મેલાનિયા ટ્રમ્પે ૨૭ ઓક્ટોબરે X પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે સીઝફાયરનો વિસ્તાર ઓલેશ્કીથી આગળ વધારવામાં આવ્યો છે, જેથી ખેરસોન ક્ષેત્રમાં માનવતાવાદી સહાય લઈને જતા કાફલાઓને સુરક્ષિત માર્ગ મળી શકે.

## દ. આફ્રિકાએ સૌથી લાંબી માલગાડી દોડાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૮

દુનિયાની સૌથી લાંબી માલગાડી દોડાવવાનો નવો વર્લ્ડ રેકોર્ડ દક્ષિણ આફ્રિકાએ પોતાના નામે કર્યો છે.

સામાન્ય રીતે માલગાડીની લંબાઈ એકથી દોઢ કિલોમીટર જેટલી હોય છે, પરંતુ દક્ષિણ આફ્રિકાએ ૭.૬ કિલોમીટર લાંબી માલગાડી દોડાવીને સૌને ચોંકાવી દીધા છે. આ માલગાડીમાં કુલ ૬૯૬ ડબ્બા જોડવામાં આવ્યા હતા. આ સાથે દક્ષિણ આફ્રિકાએ ઑસ્ટ્રેલિયાનો ૨૨ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે.૭.૬ કિલોમીટર લાંબી માલગાડીને દોડાવવી સરળ નહોતી.





### દ. આફ્રિકાએ ૬૯૬ ડબ્બા અને ૭.૬ કિલોમીટર લાંબી ટ્રેને રચ્યો વિશ્વવિક્રમ

આટલી લાંબી ટ્રેનને ખેંચવા માટે તેની વચ્ચે અનેક ઈલેક્ટ્રિક અને ડીઝલ એન્જિન લગાવવામાં આવ્યાં હતાં. આ વ્યવસ્થા દ્વારા ટ્રેનને લાંબા અંતર સુધી લઈ જવાની ક્ષમતા ચકાસવામાં આવી હતી.અહેવાલ મુજબ, આ માલગાડીએ દરિયાકાંઠે આવેલા સલદાન્હા બે થી લોખંડની ખાણ સુધીની સફર પૂરી કરી હતી. ખાલી ડબ્બા સાથેની આ ટ્રેને ૮૬૦ કિલોમીટરનું અંતર કાપવામાં બે દિવસનો સમય લીધો હતો. આટલી લાંબી માલગાડીને એકસાથે ચલાવવી અને લાંબા અંતર સુધી લઈ જવી એ રેલવેની પરિવહન ક્ષમતાની મહત્ત્વપૂર્ણ કસોટી હતી.દક્ષિણ આફ્રિકાની સરકારી પરિવહન કંપની ટ્રાન્સનેટે ૧૭ ઑક્ટોબરે આ માલગાડી દોડાવી હતી. કંપનીના જણાવ્યા અનુસાર, આ એક પરીક્ષણ હતું, જે સફળ રહ્યું હતું. ભારે માલસામાનને એકસાથે લાંબા અંતર સુધી પહોંચાડવા માટે રેલવે કેટલી સક્ષમ છે, તે ચકાસવાનો આ પરીક્ષણનો મુખ્ય હેતુ હતો.આ પહેલાં દુનિયાની સૌથી લાંબી માલગાડી દોડાવવાનો રેકોર્ડ ઑસ્ટ્રેલિયાના નામે હતો. વર્ષ ૨૦૦૧માં ઑસ્ટ્રેલિયાએ ૭.૨૪ કિલોમીટર લાંબી માલગાડી દોડાવી હતી. હવે દક્ષિણ આફ્રિકાએ ૭.૬ કિલોમીટર લાંબી માલગાડી દોડાવીને આ રેકોર્ડ તોડી નાખ્યો છે.

૬૯૬ ડબ્બા અને અનેક એન્જિન સાથે દોડેલી આ માલગાડીએ રેલવે પરિવહનના ક્ષેત્રમાં નવો માપદંડ સ્થાપિત કર્યો છે.

આ સફળ પરીક્ષણથી ભારે માલસામાનના પરિવહન માટે લાંબી માલગાડીઓની ક્ષમતા ચકાસવાનો માર્ગ વધુ મજબૂત બન્યો છે.

Thursday 29, October 2026

# અન્ય સમાચારો

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં ૩૦મી ઓક્ટોબરે

## બનાસકાંઠાના ભીલડીમાં રાષ્ટ્રીય કક્ષાનો 'પીએમ કિસાન ઉત્સવ દિવસ' ઉજવાશે

### રાજ્યમાં ૩૪ જિલ્લા કક્ષાના ૨૧૦૦થી વધુ ક્લસ્ટર કક્ષાના કાર્યક્રમો યોજાશે, જેમાં કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ તરફથી)

**અમદાવાદ, તા.૨૮ :** આગામી ૩૦મી, અને ૩૧મી, ઓક્ટોબરે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે ત્યારે, બનાસકાંઠાના ભીલડી ખાતે વડાપ્રધાનની અધ્યક્ષતામાં 'પીએમ કિસાન ઉત્સવ દિવસ' કાર્યક્રમ ઉજવવાનું નક્કી કરાયું છે. જેમાં વડાપ્રધાનના હસ્તે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાહ્નના ૨૪મા હપ્તાની રકમ દેશભરના ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ ૨૪માં હપ્તા હેઠળ સમગ્ર દેશના ૯.૩૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને રૂા.૧૮,૬૮૦ કરોડથી વધુની સહાય મળશે. જે પૈકી એકલા ગુજરાતના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧૦૫૧ કરોડથી વધુની આર્થિક સહાય પ્રાપ્ત થશે. આ અગાઉ ૧ થી ૨૩ હપ્તાઓ દ્વારા દેશના ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને કુલ રૂા.૪,૪૭,૦૦૦ કરોડથી વધુ તથા ગુજરાતના ૬૯.૨૬ લાખથી વધુ લાભાર્થી ખેડૂતોને રૂા. ૨૪,૧૩૭ કરોડથી વધુની રકમ ચૂકવવામાં આવી ચૂકી છે.

કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભીલડી ખાતે આયોજિત આ રાષ્ટ્રીય કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનના હસ્તે કૃષિ અને પશુપાલન ક્ષેત્રે અનેક મહત્વના પ્રકલ્પોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત સંપન્ન થશે. જેમાં રૂા.૩૨૮.૭૭ કરોડના ખર્ચે તૈયાર ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટર (BBRC)નું લોકાર્પણ, બનાસ ડેરીના થરાદ અને રાધનપુર ખાતે નવા ૨ કોમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટનું ભૂમિપૂજન તથા બનાસ ડેરીના નવા પોટેટો એક્સપાન્શન અને UHT–ASRSનું ઈ-લોકાર્પણ સમાવિષ્ટ છે. આ રાષ્ટ્રીય કાર્યક્રમનું સમગ્ર દેશ તથા ગુજરાતના ખૂણે-ખૂણામાં જીવંત પ્રસારણ કરાશે. ગુજરાત રાજ્યમાં ૩૪ જિલ્લા કક્ષાના તેમજ ૨૧૦૦થી વધુ ક્લસ્ટર કક્ષાના કાર્યક્રમો યોજાશે. જેમાં વિવિધ મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, પદાધિકારીઓ, કૃષિ વૈજ્ઞાનિકો અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમો દરમિયાન સ્થળ પર જ કૃષિ અને બાગાયત વિભાગની વિવિધ યોજનાઓના મંજૂરી પત્રોનું લાભાર્થી ખેડૂતોને વિતરણ કરાશે.

## કરાઈમાં ગુજરાતનું સ્પોર્ટ્સ પાવરહાઉસ ઉભુ કરાશે

### ૨૦૩૦માં અમદાવાદ-ગુજરાતમાં યોજાનારી કોમ્ન વેલ્થ ગેમ્સની પૂર્વ તૈયારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ તરફથી)

**અમદાવાદ, તા.૨૮ :** આગામી કોમનવેલ્થ ગેમ્સ હવે, ગુજરાત-અમદાવાદમાં રમાશે. આ ગૌરવપૂર્ણ સમયના આયોજન માટે સરકાર અને તેના રમતગમત વિભાગે ભારે કમર કસી છે. આ માટે અન્ય સ્પોર્ટસ કોમ્પલેક્ષની સાથોસાથ સરકારે કરાઈ ખાતે રુ. ૧૪૫૦ કરોડના ખર્ચે ગુજરાતનું સ્પોર્ટ્સ પાવરહાઉસ-મહા એકેડેમી ઉભી કરવાનું નક્કી કર્યું છે. રમતગમતના આ વિશાળ સંકુલમાં ઓલિમ્પિક ધોરણનાં સ્ટેડિયમથી લઈને શૂટિંગ રેન્જ, વેઈટલિપ્રિંટગ એરેના અને ખેલાડીઓના રહેઠાણ સુધીની સુવિધાઓ અર્થાત માત્ર સ્ટેડિયમ નહીં, સંપૂર્ણ સ્પોર્ટ્સ સિટી એટલે કે, ખેલાડીઓના ટ્રેકથી હોસ્ટેલ સુધી એક જ કેમ્પસમાં સંપૂર્ણ સ્પોર્ટ્સ ઈકો-સિસ્ટમ ઊભું કરાશે. આ સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રકર બનાવવા માટે એવો નિર્ણય લેવાયો છે કે, જે એજન્સીને કામ સોંપાશે તેણે, માત્ર ૧૮ માસમાં ૧૦, ૨૫, ૫૦ મીટરની ઈન્ડોર શુટીંગ રેન્જ ઉભી કરી આપવી પડશે અને સંપૂર્ણ એથ્લેટિક્સ સ્ટેડિયમ ૩૦ મહિનામાં પૂરું કરવું પડશે. ૩૦ મહિનામાં વેઈટલિફિંટગ મલ્ટિપર્પઝ ઈન્ડોર એરેના અને બાકીનું સાઈટ ડેવલપમેન્ટનું કામ ૩૬ મહિના પૂર્ણ કરાશે.

એમાં પણ એવું નક્કી કરાયું છે કે, આ સમય-મર્યાદાને માત્ર કાગળ પર નહીં રહે પણ તેની સાથે નાણાકીય જવાબદારી પણ જોડવામાં આવી છે અર્થાત જો, કામમાં વિલંબ થશે તો પ્રતિ દિવસ ૦.૦૫ ટકાના દરે દંડની જોગવાઈ છે એટલે કે, તે મહત્તમ ૧૦ ટકા સુધી જઈ શકે છે. નક્કી કરેલા સમય કરતાં વહેલું કામ પૂર્ણ થાય તો પ્રતિ દિવસ ૦.૦૧૫ ટકાના દરે બોનસની જોગવાઈ છે, જે મહત્તમ ૩ ટકા સુધી રહેશે. કરાઈ એકેડેમીના આયોજનમાં આંતરરાષ્ટ્રીય રમતગમતના ધોરણોને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. સ્ટેડિયમ અને મેદાનોનું આયોજન ઓલિમ્પિક તથા પેરાલિમ્પિક સ્પર્ધાઓના નિયમોને અનુરૂપ રખાશે. જરૂરિયાત ઊભી થાય તો અહીં એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ અને નેશનલ ગેમ્સ જેવી મોટી સ્પર્ધાઓ માટેની સુવિધા પણ ઉપયોગમાં લઈ શકાય તેવો તેનો ઉદ્દેશ છે. આથી કરાઈનું સંકુલ માત્ર ખેલાડીઓની તાલીમનું કેન્દ્ર નહીં રહે પરંતુ ભવિષ્યમાં મોટા રમતોત્સવો માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ બની શકશે.

સામાન્ય રીતે બાંધકામ પૂર્ણ થયા પછી સંચાલન અલગ એજન્સી અથવા સરકારી તંત્રને સોંપવામાં આવે છે. પરંતુ અહીં સરકારે એવી ખાસ શરત રાખી છે કે, અહીં ડિઝાઈન અને બાંધકામ કરનાર એજન્સીને જ ૭ વર્ષ સુધી ઓપરેટ એન્ડ મેન્ટેનન્સની જવાબદારી અદા કરવી પડશે. આ સમયગાળા દરમિયાન, રમતગમતના મેદાનો-ટ્રેકની જાળવણી, શૂટિંગ રેન્જની કામગીરી, વેઈટલિફ્ટિંગ સુવિધા, વીજળી અને પ્લમ્બિંગ, ફાયર-ફાઈટિંગ, હાઉસકીપિંગ, સિક્યોરિટી, પાર્કિંગ, લેન્ડસ્કેપિંગ અને રમતગમતનાં સાધનોની જાળવણી જેવી કામગીરીની જવાબદારી જે તે એજન્સીની જ રહેશે. ૭ વર્ષનું ઓપરેટ-મેઈન્ટેનન્સ માત્ર નામ પૂરતું નહીં, સંચાલન દરમિયાન કામગીરી માપવા માટે KPI આધારિત વ્યવસ્થા રાખવામાં આવી છે. આ માટે કોન્ટ્રાક્ટરને માસિક સર્વિસ ફી મળશે પરંતુ કામગીરીમાં ખામી જણાશે તો તેમાંથી કપાત થઈ શકે છે. માસિક કપાતની મર્યાદા સર્વિસ ફીના ૧૦ ટકા સુધી રાખવામાં આવી છે.

## રાજ્યના વન રક્ષકોએ સરકાર સામે બાંયો ચડાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ તરફથી)

**અમદાવાદ, તા. ૨૮ :** પોતાની પડતર માંગણીઓને લઈને સરકાર સામે વનરક્ષક કર્મચારીઓએ મોરચો માંડ્યો છે,કર્મચારીઓએ પોતાની માંગણીઓ વહેલી તકે સંતોષવાની માંગ કરી છે. ગુજરાત રાજ્ય વન રક્ષક કર્મચારી મંડળ દ્વારા પડતર માંગણીઓના સમર્થનમાં આંદોલનનો માર્ગ અપનાવવામાં આવ્યો છે. લાંબા સમયથી સરકાર સમક્ષ રજૂઆતો કરવા છતાં માંગણીઓનો ઉકેલ નહીં આવતાં મોટી સંખ્યામાં વન રક્ષક કર્મચારીઓ ગાંધીનગરમાં એકત્રિત થયા હતા.

વન રક્ષક કર્મચારીઓ દ્વારા જોખમી ફરજો માટે જોખમ ભથ્થું આપવા, રજાના પગારની ગણતરીમાં ફેરફાર કરવા, ફોરેસ્ટર અને આર.એફ.ઓ.ની જગ્યાઓ પુનઃ શરૂ કરવા સહિતના મુદ્દાઓને લઈને વિરોધ નોંધાવવામાં આવ્યો છે. કર્મચારીઓના જણાવ્યા મુજબ, આ પ્રશ્નો અંગે અગાઉ પણ સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી, પરંતુ હજી સુધી સંતોષકારક ઉકેલ આવ્યો નથી. કર્મચારીઓની મુખ્ય છ માંગણીઓમાં જોખમી ફરજો બજાવતા કર્મચારીઓને જોખમ ભથ્થું અથવા જાહેર સુરક્ષા ભથ્થું આપવામાં આવે, રજાના પગારની ગણતરી બેઝિક પગાર, મોંઘવારી ભથ્થું (ડીએ) અને સીએલએના આધારે કરવામાં આવે, ૪૮ દિવસની મર્યાદા દૂર કરીને પૂરા દિવસોનો પગાર ચૂકવવામાં આવે, કરકસર નીતિ હેઠળ બંધ કરવામાં આવેલી ફોરેસ્ટર અને આર.એફ.ઓ.ની જગ્યાઓ ફરી શરૂ કરવામાં આવે અને મહેકમમાં વધારો કરી ભરતીનો રેશિયો સુધારવામાં આવે, ફોરેસ્ટર અને આર.એફ.ઓ.ની સીધી ભરતી બંધ કરીને અનુભવી કર્મચારીઓને બઢતીમાં અગ્રતા આપવામાં આવે, ફોરેસ્ટ ગાર્ડ અને ફોરેસ્ટરોના ગ્રેડ-પે તથા પગાર ધોરણમાં રહેલી વિસંગતતાઓ તાત્કાલિક દૂર કરવામાં આવે તેમજ ફોરેસ્ટ ગાર્ડ અને ફોરેસ્ટરોના લાંબા સમયથી પડતર બદલી સંબંધિત પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવામાં આવે તેનો સમાવેશ થાય છે.

## મહેસાણાના બહુચરાજી મંદિરમાં દાનની ગણતરી શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ તરફથી)

**અમદાવાદ, તા. ૨૮ :** જેની ઘણા લાંબા સમયથી પ્રતીક્ષા હતી તેવા શ્રદ્ધાનું કેન્દ્ર ગણાતા મહેસાણા જિલ્લાના બહુચરાજી માતાજીના મંદિરમાં દાનની ગણતરી આખરે શરૂ થઈ ચૂકી છે. અંદાજે અઢી વર્ષથી બેંકમાં કે અન્યત્ર જમા ન થવાને કારણે કોથળામાં ભરીને પેક કરાયેલા દાનની રકમની ગણતરીનો ધમધમાટ શરૂ થયો છે. આ મેગા દાન ગણતરી આગામી ૬ નવેમ્બર સુધી સઘન સુરક્ષા અને નિયમો વચ્ચે ચાલુ રહેશે, જેમાં માતાજીના ભક્તો દ્વારા ચઢાવવામાં આવેલી અઢળક રોકડ અને સોના-ચાંદીના દાગીનાનો હિસાબ બહાર આવશે. આ સમગ્ર પ્રક્રિયા માટે નાયબ કલેક્ટર સહિતના ઉચ્ચ મહેસૂલી અધિકારીઓની ખાસ ટીમો તૈનાત કરવામાં આવી છે જેથી દાનની ગણતરીમાં પારદર્શિતા જળવાઈ રહે અને કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય, ઉપરાંત તે માટે વહીવટી તંત્ર દ્વારા અત્યંત કડક પગલાં લેવામાં આવ્યા છે. ગણતરી કામગીરીમાં જોડાનાર કર્મચારીઓ કે ગણતરીદારો માટે વિશેષ આચારસંહિતા બનાવાઈ છે.

**CHANGE OF NAME**

OLD NAME : PRAVINKUMAR NARSIN KAMLI
NEW NAME : PRAVINKUMAR NARSAIM KAMLI
ADD : H.NO. 420, KUMBHAR FALIA, VARKUND, NANI DAMAN, DAMAN : 396 210

## સરદાર પટેલ જયંતીના કાર્યક્રમોમાં સરકારી નાણાંનો વેડફાટનો કોંગ્રેસનો આક્ષેપ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ તરફથી)

**અમદાવાદ, તા.૨૮ :** કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકાર દ્વારા ૩૧મી ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી નિમિત્તે યોજાનારા કાર્યક્રમો અને તેના ખર્ચ સંદર્ભે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો છે કે એક તરફ રાજ્યના ખેડૂતો અને ગામડાં આર્થિક સંકટ, ખાતરના ભાવવધારા તથા અછત જેવી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ સરકાર પોતાની છબી ચમકાવવા અને સ્વપ્રચાર કરવા માટે સરકારી તેમજ સહકારી તિજોરીના કરોડો રૂપિયા વેડફી રહી છે. કોંગ્રેસ પ્રવક્તાએ જણાવ્યું કે રાજ્યના ૧૫ જિલ્લાના ૪૫થી વધુ તાલુકાઓમાં અછત જેવી સ્થિતિ હોવા છતાં સરકારે માત્ર ચાર જિલ્લાઓને જ અછતગ્રસ્ત જાહેર કર્યા છે. ખેડૂતો પર અંદાજે રૂ. ૧ લાખ કરોડનું દેવું છે અને એનપીકે ખાતરમાં થેલીદીઠ રૂ. ૫૦૦નો વધારો ઝીંકાયો છે. આવા સમયે ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ, દેવામાંથી મુક્તિ અને આર્થિક રાહત આપવાને બદલે સરકાર પ્રચારને પ્રાથમિકતા આપી રહી છે.

તેમણે દાવો કર્યો હતો કે રાજ્યના ૧૮,૦૦૦ ગામોમાં યોજાનારા ભાષણ કાર્યક્રમોનો ખર્ચ અમૂલ, જીએસસી (જીએસસી) અને ગુજકોમાસોલ જેવી સહકારી સંસ્થાઓ પાસે કરાવવામાં આવી રહ્યો છે. કોંગ્રેસે સવાલ ઉઠાવ્યો છે કે પશુપાલકો અને ખેડૂતોના કલ્યાણ માટે વપરાવા જોઈતા સહકારી ક્ષેત્રના નાણાંનો ઉપયોગ રાજકીય પ્રચાર માટે શા માટે થઈ રહ્યો છે? કોંગ્રેસે ૩૧મી ઓક્ટોબરના કાર્યક્રમના કુલ ખર્ચ, નાણાંના સ્રોત અને તેની સત્તાવાર મંજૂરીઓની વિગતો જાહેર કરીને પારદર્શિતા જાળવવાની માંગ કરી છે.

## ગાંધીનગરમાં CM સુરક્ષામાં ફરજ બજાવતા PSIનો રિવોલ્વરથી જાતે ગોળી મારી આપઘાત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ તરફથી)

**અમદાવાદ, તા.૨૮ :** ગાંધીનગરમાં મુખ્યમંત્રી સુરક્ષામાં તૈનાત પીએસઆઈએ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી ખૂદને ગોળી મારીને આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી લીધું છે. આ ચકચારી ઘટનાને પગલે સમગ્ર પોલીસ બેડામાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે. પ્રાથમિક તપાસમાં કૌટુંબિક સમસ્યાઓના કારણે આ પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. ગાંધીનગર સેક્ટર ૨૧ પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ૨૦૧૭ બેચના પીએસઆઈ તન્વીરસિંહ જે. ઝાલાએ પોલીસ કોલોનીમાં પોતાની સર્વિસ રિવોલ્વરથી માથાના ભાગે અચાનક ફાયરિંગ કર્યું હતું. ગોળી વાગતાં જ તેમને ગંભીર ઈજા પહોંચી હતી. આ કારણે તેઓ ઘટનાસ્થળે જ ઢળી પડ્યા હતા. ગોળીનો અવાજ સાંભળીને આસપાસના લોકો તેમજ સાથી કર્મચારીઓ દોડી આવ્યા હતા. જોકે સારવાર મળે તે પહેલાં જ તેમનું મૃત્યુ થયું હતું.

ઘટના બાદ PSI ટી.જે. ઝાલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. હાલ પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તારણ મુજબ પીએસઆઈ ઝાલા અંગત કે પારિવારિક કંકાસનો સામનો કરી રહ્યા હતા. ગૃહકંકાસ કે અન્ય કારણથી તેઓ છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં જીવતા હતા. તેમની પાસેથી કોઈ ચિઠ્ઠી કે લખાણ મળ્યું નથી.

મુખ્યમંત્રીની સુરક્ષામાં તૈનાત પીએસઆઈના આપઘાત મામલે સેક્ટર ૨૧ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી દેવાયો છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને પરિવારજનોના નિવેદનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અધિકારીઓની પણ મગગ લેવામાં આવી રહી છે. પ્રાથમિક સ્તરે કૌટુંબિક કે અંગત કારણોસર પીએસઆઈ ટી. જે. ઝાલાએ જીવન ટૂંકાવી લીધું હોવાની ચર્ચા છે.

ઓપરેશન ગંગાજળ હેઠળ મુખ્યમંત્રી રાજ્ય સરકારની મોટી કાર્યવાહી

## બોટાદ અને ભાવનગરના ટીડીઓ ફરજિયાત નિવૃત્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ તરફથી)

**અમદાવાદ, તા. ૨૮ :** ગુજરાતમાં વહીવટી ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર સામે રાજ્ય સરકાર દ્વારા 'ઓપરેશન ગંગાજળ' અંતર્ગત કડક પગલાં લેવાનો સિલસિલો યથાવત રાખવામાં આવ્યો છે. જે અંતર્ગત પંચાયત વિભાગના વધુ બે ઉચ્ચ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરવામાં આવ્યા છે, જેમાં બોટાદ જિલ્લાના રાણપુરના તાલુકા વિકાસ અધિકારી (TDO) એચ.એફ.ભુવાત્રા અને ભાવનગરના શિહોરના અધિકારી એમ. બી. રાવ સામે આ કાર્યવાહી કરવામાં આવી છે. સરકારના આ પગલાથી વહીવટી તંત્રમાં ભારે ચર્ચા જાગી છે. ગઈકાલે જ અન્ય બે અધિકારીઓ સામે કાર્યવાહી કરાયા બાદ આજે વધુ બે અધિકારીઓને સેટ સાઈડ કરવાથી આ અભિયાન વધુ તેજ બન્યું છે. રાજ્ય સરકાર દ્વારા વહીવટી તંત્રમાં પારદર્શિતા, શિસ્ત અને જવાબદારી સુનિશ્ચિત કરવાના હેતુથી ચલાવવામાં આવી રહેલા આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં અંદાજે ૮૯ જેટલા ભ્રષ્ટ કે બેજવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી ચૂકી છે.

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૮૭/૨૦૨૬**

**અરજદાર :** રાજેશભાઈ બાલુભાઈ પટેલ
કુંભાર ફળિયા, ચીવલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, ચિવલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ફકીરભાઈ મોતીડાભાઈ પટેલનું** મરણ તા.૩૦/૦૮/૧૯૫૧ના રોજ મોજે ચિવલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ચિવલના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ચિવલને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ચિવલ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૮૮/૨૦૨૬**

**અરજદાર :** રાજેશભાઈ બાલુભાઈ પટેલ
કુંભાર ફળિયા, ચીવલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, ચિવલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **રડકીબેન ફકીરભાઈ પટેલનું** મરણ તા.૨૫/૦૪/૧૯૫૫ના રોજ મોજે ચિવલ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત ચિવલના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત ચિવલને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી ચિવલ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

**PUBLIC NOTICE**

**In the Court of the Principal Judge, Family Court, Valsad.**

**CRMA J.No.31/2026
Fixed On: 01/12/2026
Exh - 8**

**Applicant : 1. Isharat W/o Akdas Abdulla Ajiz Sema
D/o Mustafa Ismail Shaikh
2. Mainor Tayabba Akdas Sema
Res. At. Dilbar Apartment, Dhanbura Road, Valsad.**

**V/s.**

**Opponent : Akdas Abdulla Ajiz Sema
Res. At. Plot No. 36, Ekta Nagar, Bhitwadi
Moti Daman, Daman.**

**Subject : Application U/s. 125(3) of the Crpc and Section 144(3) of the BNSS, seeking recovery of maintenance arrears for the Opponent.**

Whereas above named applicant has Instituted a CRMA J.No.31/2026 against you Oppenent Application U/s. 125(3) of the Crpc and Section 144(3) of the BNSS,

You Oppenent hereby notice to appear in this Court, in person or by a pleader dul pleader duly instructed and able to reply all material question relating to the CRMAJ.No.31/2026 or who shall be accompanied by some other person able to reply all such questions, on the 1st day of December 2026, at 10:30 a.m. in the morning so make an reply of this application, and as the day fixed for your appearance is appointed for the final disposal of the CRMA J.No.31/2026, you must be prepared to produce on that day all the witnesses upon whose evidence and all the documents upon which you intend to relay in support of your defence.

Take notice that, in default of your appearance on the day before mentioned the CRMAJ. No.31/2026 will be heard and determined in your absence.

Give under my hand and seal of the court on 22nd day of October 2026.

| Prepared by | Compared by | | |
|---|---|---|---|
| sd/- | sd/- | Sild | sd/- |
| (H.K. Parmar) | (D.R. Patel) | | Registrar, |
| Assistant | Bench Clerk | | Family Court, |
| Family Court, Valsad | Family Court, Valsad | | Valsad |

**જાહેર નોટીસ**

આથી નોટીસ આપી જણાવવામાં આવે છે કે **દેવદર્શન કો.ઓ.હા.સો.લી. હાલર વલસાડ - ૩૯૬૦૦૧ ના ફ્લેટ નં. બી/૩૦૧ જેનું શેર સર્ટીફીકેટ નં. ૨૬** જે સભાસદો **રાજેનભાઈ એન દેસાઈ તથા નયના રાજેન દેસાઈ**નાં નામે ચાલી આવેલ છે. અને તે ખોવાઈ ગયાનો રીપોર્ટ થયેલ છે.

ઉપરોક્ત શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવા અંગેનો કોઈ દાવો/વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયાનાં દિન-૭ (સાત) માં ઉપર જણાવેલ સોસાયટીનાં સરનામે જાણ કરવાની રહેશે. આ સમય ગાળા દરમ્યાન કોઈ વાંધો/દાવો નહી મળેતો આ ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરવા માટે સોસાયટી હકદાર છે.

**પ્રમુખશ્રી/માનદમંત્રીશ્રી**
દેવદર્શન કો.ઓ.હા.સો.લી. વલસાડ

તા. ૨૮.૧૦.૨૦૨૬

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડિસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીચુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ • સેલ
કોઈપણ જેન્ટસ સ્પોર્ટસ શુઝ ફક્ત રૂ.300/-
દિવાળી ધમાકા
Rs.300/- Rs.300/- Rs.300/- Rs.300/-
દરેક બ્રાન્ડેડ કંપનીઓમાં મેળવો ધમાકેદાર ડિસ્કાઉન્ટ
પરમાર શુ કલેક્શન
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई



TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

• સલવાવ • બલીઠા • છરવાડા • છીરી • મોરાઈ • કુંતા • વટાર • નામધા • ચંડોર, • કરવડ • ચણોદ

### બોઈલર ઓપરેશન, મેન્ટેનન્સ અને સેફ્ટી વિષય પર

## વીઆઈએમાં અવેરનેસ સેમિનાર યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૮ :** ડાયરેક્ટોરેટ ઓફ બોઈલર્સ, લેબર, સ્કિલ ડેવલોપમેન્ટ એન્ડ એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ ગુજરાત સ્ટેટ સુરત રિજનના વાપી ડિવિઝન દ્વારા વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (VIA) ના સહયોગથી આજ રોજ વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ખાતે બોઈલર ઓપરેશન, મેન્ટેનન્સ અને સેફ્ટી વિષય પર એક અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત રિજિયનના નાયબ નિયામક પી. એ. વ્યાસ, મદદનીશ નિયામક અશ્વિન વૈષ્ણવ, કે.બી. પરમાર અને આર. એમ નિશરતા વગેરે હાજર રહી બોઈલરના કમ્પ્લાયન્સ, ઓપરેશન, મેન્ટેનન્સ, વોટર કેમેસ્ટ્રી તેમજ ઉદ્યોગોમાં બોઈલર સંબંધી અકસ્માત કેવી રીતે નિવારી શકાય જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરી બોઈલર ઓપરેટરો તેમજ એન્જિનિરો ને સાચી સમજણ આપી હતી. આ સેમિનારમાં VIA ના પ્રમુખ સતિષભાઈ પટેલ, ઉપપ્રમુખ મગનભાઈ સાવલિયા અને જિલ્લા ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય (DISH) ના નાયબ નિયામક એમ.સી. ગોહિલે હાજર રહી ઉપસ્થિત ઉદ્યોગકાર મિત્રોનો ઉત્સાહ વધાર્યો હતો. આ અવેરનેસ સેમિનારમાં વાપી, સરીગામ અને વલસાડના ઔદ્યોગિક એકમો માંથી કુલ ૧૪૦ જેટલા પાર્ટિસિપેન્ટોએ ભાગ લીધો હતો.





## વાપીમાં પ્રકાશોત્સવ દિવાળી માટે દીવડા અને રંગોળીના સ્ટોલ શરૂ

દિવાળીને ગણતરીના દિવસો બાકી રહેતા વાપીના બજારોમાં દિવાળી સજાવટની સામગ્રીના સ્ટોલ સજી ઉઠ્યા છે. દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વાપીમાં ઠેર ઠેર માટીના રંગબેરંગી દીવડા, રંગોળીના રંગો અને તોરણોનું વેચાણ શરૂ થયું છે. ગ્રાહકોને આકર્ષવા વેપારીઓએ ઈકો-ફ્રેન્ડલી દીવા અને હેન્ડમેડ સજાવટની વસ્તુઓ પણ મૂકી છે. વાપી દમન રોડ ઉપર આવા સ્ટોલની હારમાળા દેખાય છે.

### રોજ ૫૫ હજાર મુસાફરોની સુરક્ષાની જવાબદારી છતાં.....

## વાપી સ્ટેશન પર GRPની કાયમી ચોકીના અભાવે સુરક્ષા વ્યવસ્થા જાળવવામાં અનેક અડચણો

**સરદાર વલ્લભભાઈ પટેલ સર્કલથી રેલ્વે સ્ટેશન સુધીના સાંકડા રોડને પહોળો કરવાનો સમય પાકી ગયો છે, બંને તરફ પાર્કિંગ વિનાની દુકાનો, રેસ્ટોરન્ટો હોવાથી રોજ પિક અવર્સમાં ટ્રાફિક જામ સર્જાય છે જેમાં બેફામ રિક્ષા ચાલકોનો અડિંગો સ્થિતિ વધુ બગડે છે.**

(મુકુંદ સોની દ્વારા)

**વાપી, તા.૨૮ :** પશ્ચિમ રેલ્વેના વાપી સ્ટેશન પર ગુજરાત રેલ્વે પોલીસ (GRP) માટે કોઈ સ્થાઈ ચોકી નથી. રોજ સરેરાશ ૫૫ હજાર મુસાફરોની અવરજવર ધરાવતા આ મહત્વના સ્ટેશન પર પ્લેટફોર્મના એન્ટ્રી પાસે વ્યવસ્થિત કાયમી ચોકી માટે જગ્યાના અભાવે મુશ્કેલીઓ સર્જાય રહી છે.

વાપી સ્ટેશન ખુદ વાપી ઔદ્યોગિક વિસ્તાર તેમજ સંઘ પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીનું પ્રવેશદ્વાર ગણાય છે. અહીંથી દરરોજ હજારો કામદારો, વિદ્યાર્થીઓ, વેપારીઓ અને લાંબા અંતરના મુસાફરો મુસાફરી કરે છે. સુપરફાસ્ટ, મેમુ અને પેસેન્જર ટ્રેનોના સ્ટોપેજને કારણે ભીડ સતત રહે છે. ઉપરાંત સમયાંતરે સાંસદો,ધારાસભ્યો કે ગવર્નર જેવાં વી વીઆઈપી આવતાં જતાં હોય ત્યારે પશ્ચિમ રેલ્વેના એ ગ્રેડ નો દરજ્જો ધરાવતા સુરત બાદ સૌથી વધુ આવક રેલ્વે તંત્રને રળી આપતાં આ સ્ટેશન પર આવી સ્થિતિમાં રેલ્વે પોલીસની હાજરી ગુનાખોરી અટકાવવા અને તાત્કાલિક મદદ માટે જરૂરી છે, પરંતુ હાલ GRPનો સ્ટાફ કામચલાઉ વ્યવસ્થાથી કામ ચલાવી રહ્યો છે. જોકે સ્ટેશનના પૂર્વમાં દક્ષિણ છેડે યાર્ડ વિસ્તારમાં ૨ માળનું જીઆરપીનું અલાયદુ પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યું છે પરંતુ આ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓની ખરી કામગીરી તો પ્લેટફોર્મ ઉપર જ હોય છે. અહીં પ્લેટફોર્મ નંબર ૧ ઉપર દક્ષિણ છેડે ૧૦ બાય ૧૦ ની બે હંગામી કેબિન ફાળવવામાં આવી છે જેમાં ડી સ્ટાફ સહિતના પોલીસ કર્મીઓ ને બેસવાની પણ સંકડાશ પડે છે તેવામાં આરોપીઓને સામાન સાથે આવી કેબિનમાં લઈ જઈ પૂછપરછ કરવામાં ઘણી મુસીબતોનો સામનો કરવો પડે છે.

બીજી મહત્વની સમસ્યા સ્ટાફની અછતની છે. ઉમરગામથી પારડી સુધીના ૪૮ કિલોમીટરના વિશાળ વિસ્તાર માટે ગુજરાત રેલ્વે પોલીસ સ્ટેશન વાપીથી કામ કરે છે. આ એકમમાં ૬૬ પોલીસ કર્મીઓનું મંજૂર મહેકમ છે, જેની સામે હાલ માત્ર ૪૬ કર્મીઓનો સ્ટાફ ફરજ બજાવે છે. જેમાં પણ ૮ જેટલી મહિલા પોલીસ કર્મી છે જેમનો પીએસ ઓ, રાઈટર તેમજ કસ્ટડિયન આરોપીઓને સાચવવા કેટલોક સ્ટાફ પોલીસ સ્ટેશનમાં જ ફરજ બજાવે છે. હજુ મંજૂર મહેકમમાં ૨૦ જગ્યા ખાલી છે. આટલા મોટા વિસ્તારમાં પેટ્રોલિંગ, ચેકિંગ અને ફરિયાદોના નિકાલ માટે આ સ્ટાફ ઘણો ઓછો પડે છે.રેલ્વે વિસ્તારમાં થતી ગુનાખોરી, મોબાઈલ-દાગીનાની ચોરી, મહિલાઓ સામેના બનાવો, ટ્રેનમાં મુસાફરોની ભીડનો લાભ લઈ થતી ચોરીઓ, તેમજ અકસ્માતે મોત અને આત્મહત્યાના બનાવોની તપાસ, દારૂબંધીના કેસમાં દારૂ પકડવો અને તેનો અમલ કરાવવો જેવી કામગીરી GRP કરે છે. આ બધી કામગીરી માટે પૂરતી સુવિધા, વાહન, કાયમી ચોકી અને વધારાનો સ્ટાફ અનિવાર્ય છે.

રેલ્વે સૂત્રો કહે છે કે જો વાપી સ્ટેશન પર પ્લેટફોર્મના મુખ્ય પ્રવેશદ્વાર પાસે કાયમી ચોકી માટે જગ્યા ફાળવવામાં આવે તો ૨૪ કલાક પોલીસ હાજરી શક્ય બને. તેનાથી ગુનાખોરી પર અંકુશ આવશે, મુસાફરોને સુરક્ષાની લાગણી થશે અને કટોકટી સમયે તાત્કાલિક પ્રતિસાદ મળશે. હવે



રેલ્વે તંત્ર અને ગૃહ વિભાગ આ માંગ પર ક્યારે ધ્યાન આપે છે તે જોવાનું રહ્યું.

### વાપી સ્ટેશન રોડ પહોળો કરવાની જરૂર

વાપી રેલ્વે સ્ટેશન પશ્ચિમ વિસ્તારમાં સરદાર પટેલ સર્કલથી રેલ્વે સ્ટેશન ને જોડતો રોડ ઘણો સાંકડો છે અહીં રસ્તાની બંને તરફ કોમર્શિયલ દુકાનો છે, કેટલીક હોટેલ રેસ્ટોરન્ટો છે અહીં સમ ખાવા પૂરતું પાર્કિંગ નથી, થોડા સમય પહેલાં અહીં એક જાણીતી રેસ્ટોરન્ટ આખી નવી બનાવવામાં આવી ત્યાં પણ પાર્કિંગ ની કોઈ વ્યવસ્થા ન કરાઈ, રોજ સેંકડો સ્કૂટરો રોડને લાગી પાર્ક થયેલા રહે છે તેવામાં પિક અવર્સમાં ટ્રાફિક જામની ભરમાર લાગી જાય છે ખાસ કરીને બેફામ રિક્ષા ચાલકોને કારણે જેઓ પેસેન્જર ભરવાં અહીં રોડ પર અડિંગો જમાવી રાખે છે માટે આ રોડ ને



મનપા તંત્ર દ્વારા પહોળો કરવાની તાતી જરૂર છે. એવી હાલત સ્ટેશન ને જોડતા જુના ફાટક સુધીના મહાત્મા ગાંધી રોડ ની છે. આ સાંકડા રોડ ઉપર અડધો અડધ માર્ગ રિક્ષા ચાલકો કબજો જમાવી બેસે છે. અહીં રિક્ષાની લાંબી કાતર રોજ જોવા મળે છે જેને લઈ ટ્રાફિક જામ પણ સમયાંતરે સર્જાતો રહે છે. તંત્ર દ્વારા આ રોડને વન વે જાહેર કરવાની જરૂર વર્તાય છે. સાથેજ પોલીસ તંત્ર દ્વારા વાપી સ્ટેશન વિસ્તારની બહાર અને મુખ્ય માર્ગ ઉપર પેસેન્જર રિક્ષાઓ પર નિયંત્ર રાખવા ચોક્કસ સંખ્યા સાથે રિક્ષા સ્ટેન્ડ જાહેર કરી તેનો અમલ કરવામાં આવે તો અહીં ની ટ્રાફિક જામની સમસ્યા ઘણાં અંશે ઉકેલી શકાય તેમ છે.

## ગુંજનમાં રિલાયન્સ મોલ બાજુનો હાઈવેને જોડતો રોડ કેમ બંધ?



### જાહેર રોડ ખુલ્લો થાય તો મુખ્ય માર્ગ પરનો ટ્રાફિક હળવો થઈ શકે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૮ :** વાપી GIDCના હાર્દસમા ગુંજન વિસ્તારમાં VIA તરફ જતા રિલાયન્સ મોલની બાજુમાંથી સીધો હાઈવેને જોડતો રોડ છેલ્લા કેટલાક સમયથી વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે, જેને લઈને વાહન ચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પહેલા રિલાયન્સ મોલની પાછળ એક મોલ કાર્યરત હતો ત્યારે આ રોડ જાહેર વાહન વ્યવહાર માટે ખુલ્લો હતો. તે મોલ બંધ થયા બાદ કોઈ અગમ્ય કારણોસર આ રોડ બંધ કરી દેવામાં આવ્યો છે. હાલમાં રોડ પર અવરોધ મૂકી દેવાતા વાહનોને ફરીને લાંબો ચક્કર લગાવી હાઈવે પર જવું પડે છે.

પરિણામે ગુંજન ચાર રસ્તા અને હાઈવેના મુખ્ય માર્ગ પર ખાસ કરીને પીક અવર્સમાં ટ્રાફિકનું ભારે ભારણ રહે છે. જો આ જાહેર રોડ ખુલ્લો કરવામાં આવે તો મુખ્ય માર્ગ પર ટ્રાફિકની સમસ્યા કેટલાક અંશે હળવી બની શકે તેમ છે. સાથેજ અહીં રોડ બંધ રહેતાં ગંદકીનું સામ્રાજ્ય છવાયું છે અને બગડેલા વાહનો ખડકાયેલા છે તે પણ દૂર કરવાની જરૂર છે.

દિવાળીના તહેવારોમાં બજારોમાં ભીડ વધવાની છે ત્યારે વાહન ચાલકોની માંગ છે કે નોટિફાઈડ તંત્ર દ્વારા આ રોડ દિવાળી પહેલા તાત્કાલિક ખુલ્લો મૂકવામાં આવે, જેથી નાગરિકોને રાહત મળે.

## વાપીમાં દિવાળી પહેલાં બગડેલા રસ્તાઓનું પેચવર્ક જોરશોરથી શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૮ :** દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી વાપી નગરપાલિકાએ શહેરભરના ઉબડ-ખાબડ રસ્તાઓના સમારકામની કામગીરી શરૂ કરી છે, જેનાથી શહેરીજનોને રાહત મળી છે.

ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે વાપીના ૧૨ ગામ સહિતના વિસ્તાર સહિત અનેક મુખ્ય અને આંતરિક માર્ગો પર ખાડા પડી ગયા હતા. જેના કારણે વાહન ચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી પડી રહી હતી, અકસ્માતોનો ભય પણ વધી ગયો હતો.

નાગરિકોની રજૂઆત અને તહેવારોમાં ભીડ વધવાની શક્યતાને ધ્યાને લઈ મનપા કમિશનરની સૂચનાથી એન્જિનિયરિંગ શાખાએ તાત્કાલિક પેચવર્કની કામગીરી હાથ ધરી છે. હાલમાં મેન્યુઅલ અને મશીનરી દ્વારા ડામર પેચવર્ક કરી ખાડાઓ પુરવામાં આવી રહ્યા છે.

મનપાના અધિકારીઓના જણાવ્યા અનુસાર દિવાળી પહેલા તમામ મુખ્ય માર્ગો ખાડામુક્ત કરવાનો લક્ષ્યાંક છે, જેથી તહેવારમાં બહારથી આવતા મહેમાનો અને ખરીદી માટે નીકળતા લોકોને ટ્રાફિકમાં મુશ્કેલી ન પડે. સ્થાનિકોમાં આ કામગીરીને આવકારવામાં આવી છે.

### બલીઠા સબવે રોડના પૂર્વમાં પેચવર્ક પૂર્ણ, પશ્ચિમનો એપ્રોચ રોડ બિસ્માર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૮ :** વાપીના બલીઠા સબવે રોડનું પૂર્વમાં પેચવર્ક કરી દેવામાં આવ્યું છે, પરંતુ પશ્ચિમ વિસ્તારમાં ખખડધજ બનેલા એપ્રોચ રોડના પેચવર્કની વાહનચાલકો રાહ જોઈ રહ્યા છે.

સબવેના પૂર્વ તરફના રોડ પર ખાડાઓ પૂરવાની કામગીરી તાજેતરમાં પૂર્ણ કરવામાં આવી છે, જેનાથી તે તરફ વાહન વ્યવહાર થોડો સરળ બન્યો છે. જોકે પશ્ચિમ બાજુએ જવાનો અપ્રોચ રોડ બિસ્માર હાલતમાં છે. ચોમાસામાં આ રોડ ઘણી જગ્યાએ ઉખડી ગયો છે. પૂર્વ પશ્ચિમ વિસ્તારને જોડતાં આ મહત્વના રસ્તા પરથી હજારો વાહન ચાલકો પસાર થાય છે. ત્યારે મહાનગર પાલિક એ પશ્ચિમના એપ્રોચ રોડનું પેચવર્ક દિવાળી પહેલાં કરવામાં આવે તેવી લાગણી છે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે
વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

## વાપીમાં સ્વદેશી મેળાનો શુભારંભ: ૦૬ નવેમ્બર સુધી ચાલશે





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૮ :** વાપી મહાનગરપાલિકા અને ગુજરાત શહેરી આજીવિકા મિશન (GULM) દ્વારા આયોજિત સ્વદેશી મેળાનો આજથી ૨૮ ઓક્ટોબરથી શુભારંભ મહાનગર પાલિકા મેયર દિક્ષા બેન પટેલ હસ્તે કરવામાં આવ્યો હતો. આ મેળો આગામી તા. ૬ નવેમ્બર સુધી ચાલશે. મેળાનો મુખ્ય હેતુ સ્થાનિક મહિલા સ્વ-સહાય જૂથો (SHG) દ્વારા બનાવવામાં આવતી સ્વદેશી ચીજવસ્તુઓને બજાર પૂરું પાડવાનો અને વોકલ ફોર લોકલને પ્રોત્સાહન આપવાનો છે. મેળામાં દિવાળીના તહેવારને અનુરૂપ હેન્ડમેડ દીવડા, તોરણ, ચણિયા-ચોલી, હોમ ડેકોર, ખાદીના કપડાં સહિતની અનેક સ્વદેશી પ્રોડક્ટ્સનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આયોજકોના જણાવ્યા અનુસાર મેળામાં માત્ર શોપિંગ જ નહીં, પરંતુ કલ્ચર, ફૂડ અને એન્ટરટેઈનમેન્ટનો પણ સંગમ જોવા મળશે. દરરોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકનૃત્ય અને ગાયનનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ વિવિધ વાનગીઓના ફૂડ સ્ટોલ પણ નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. દિવાળીના તહેવાર ટાણે આયોજિત આ સ્વદેશી મેળાને વાપીવાસીઓનો સારો પ્રતિસાદ મળે તેવી અપેક્ષા છે. આ પ્રસંગે કમિશનર એન એફ ચૌધરી, ડેપ્યુટી કમિશનર કિરીટ સિંહ રાણા, મનપા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશ પટેલ, ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, કાઉન્સીલર ભાવલેશભાઈ કોટડીયા, દેવલબેન દેસાઈ, મિતલબેન નંદાણીયા વિગેરે ઉપસ્થિતિ રહ્યાં. મેળાને સફળ બનાવવા મનપા જનસંપર્ક અધિકારી રામચંદ્ર દેસાઈ સહિત પાલિકાની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**